અમદાવાદ એક્સપ્રેસ
Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
'મારી પત્ની વિશે....!' મલાઈકા સાથે બ્રેકઅપ બાદ ટૂંક સમયમાં લગ્ન અર્જુન કપૂર?

પેજ-09
ચાલુ મેચે કોહલીને મળવા ત્રણ ફેન્સ મેદાનમાં ઘૂસ્યા:તેમાંથી બે બાળક હતાં



**હવામાન**


| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |



પેજ 5
નાણામંત્રી નિર્મલાના બજેટમાં રેલવેનો ઉલ્લેખ જ નહીં, ફંડની ફાળવણીમાં...

03 FEBRUARY-2025 MONDAY

અમેરિકા સામે 'ટેરિફ વૉર'માં ઊતર્યું કેનેડા, ટ્રુડોએ ટ્રમ્પને એમની જ ભાષામાં...
પેજ 10



.....સુવિચાર.....
આ યાદશક્તિ પણ ગજબ છે
કોઈ કહે તો યાદ ન રહે,
અને કોઈ કહી જાય તો ભુલાતું નથી...

વર્ષ-14 | અંક-076 | વિક્રમ સંવત-2081 | મહા સુદ-05 | પાના-12 | કિંમત 3/- | અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

### JPC સભ્ય પર અભિપ્રાય બદલવાનો આરોપ: પરવાનગી વિના અસંમતિ નોંધ સંપાદિત કરી...

# વક્ફ બિલ: આજે લોકસભામાં રજૂ કરાશે JPC રિપોર્ટ

**(એજન્સી) નવી દિલ્હી | તા.02**

સંસદની સંયુક્ત સંસદીય સમિતિ (JPC) સોમવારે લોકસભામાં વક્ફ બિલ અંગે પોતાનો અહેવાલ રજૂ કરશે. આના એક દિવસ પહેલા જ જેપીસી સભ્ય અને કોંગ્રેસના સાંસદ સૈયદ નસીર હુસૈને સમિતિ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. નસીર હુસૈનનો દાવો છે કે તેમણે રિપોર્ટ સાથે અસહમતિ વ્યક્ત કરી હતી. તે ભાગ તેમની પરવાનગી વિના સંપાદિત કરવામાં આવ્યો હતો. હુસૈને કહ્યું- અમને (વિરોધ)ને ચૂપ કરવાના પ્રયાસો કેમ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસ સાંસદે રિપોર્ટનો સંપાદિત ભાગ પણ સોશિયલ મીડિયા પર શેર કર્યો સૈયદ નસીર હુસૈને તેમની અસંમતિ નોંધ અને અંતિમ અહેવાલના કેટલાક પૃષ્ઠો સોશિયલ મીડિયા પર શેર કર્યા. તેમણે લખ્યું- વક્ફ (સુધારા) બિલ 2024 પર જેપીસીના સભ્ય તરીકે મેં બિલનો વિરોધ કરતી અસંમતિ નોંધ રજૂ કરી હતી. ચોંકાવનારી વાત એ છે કે મારી અસંમતિ નોંધના કેટલાક ભાગો મારી જાણ વગર સંપાદિત કરવામાં આવ્યા છે. જેપીસી પહેલાથી જ એક પ્રહસન બની ગયું હતું, પરંતુ હવે તેઓ તેનાથી પણ નીચા ગયા છે.

## ડ્રાફ્ટ કાયદા પરના રિપોર્ટને 15-11 બહુમતીથી સ્વીકાર્યો

સમિતિએ બુધવારે બહુમતીથી રિપોર્ટનો સ્વીકાર કરી લીધો હતો. જેમાં શાસક ભારતીય જનતા પાર્ટીના સભ્યો દ્વારા સૂચવેલા સુધારાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જે બાદ વિપક્ષે આ પ્રક્રિયાને વક્ફ બોર્ડને નષ્ટ કરવાનો પ્રયાસ ગણાવ્યો. વક્ફ સુધારા બિલ પર સંસદની સંયુક્ત સમિતિએ ડ્રાફ્ટ કાયદા પરના રિપોર્ટને 15-11 બહુમતીથી સ્વીકાર્યો હતો. વિપક્ષી સભ્યોએ આ રિપોર્ટ સાથે અસહમતિ દર્શાવી હતી. ભાજપના સભ્યોએ ભાર મૂક્યો હતો કે, ગયા વર્ષે ઓગસ્ટમાં લોકસભામાં રજૂ કરાયેલા આ બિલમાં વક્ફ મિલકતોના સંચાલનમાં આધુનિકતા, પારદર્શિતા અને જવાબદારીની જોગવાઈ છે. વિપક્ષે તેને મુસ્લિમ સમુદાયના બંધારણીય અધિકારો પર હુમલો અને વક્ફ બોર્ડના કામકાજમાં દખલગીરી કરવાનો આરોપ મૂક્યો હતો.



## મારી જાણ બહાર મારી નોંધોના કેટલાક ભાગોમાં ફેરફાર કરાયા

આ પહેલા શુક્રવારે આ પહેલા અસદુદ્દીન ઓવૈસીએ પણ આવા જ આરોપ લગાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'બિલ પર સંયુક્ત સમિતિના રિપોર્ટ પર તેમની વિગતવાર અસંમતિ નોંધ સમિતિના અધ્યક્ષ જગદંબિકા પાલે તેમની જાણ વગર કાઢી નાખી હતી. સમિતિના સભ્ય ઓવૈસીએ આ અહેવાલ પર 231 પાનાની અસંમતિ નોંધ આપી હતી. ઓવૈસીએ 'X' પર લખ્યું કે, 'મેં વક્ફ સુધારા બિલ વિરુદ્ધ સંયુક્ત સમિતિને વિગતવાર અસંમતિ નોંધ સુપરત કરી હતી. તેમજ મારી જાણ બહાર જ મારી નોંધોના કેટલાક ભાગોમાં ફેરફાર કરવામાં આવ્યા તે આઘાતજનક છે. હટાવી દેવામાં આવેલા નોંધ વિવાદાસ્પદ નહોતા; તેમાં ફક્ત હકીકતો બતાવવામાં આવી હતી. કોંગ્રેસના સાંસદ સૈયદ નસીર હુસૈને કહ્યું કે, તેમણે અસંમતિ પત્ર આપ્યો હતો, જેને હટાવવામાં આવ્યો હતો.

# મહાકુંભમાં સાધુ-પોલીસ વચ્ચે ઘર્ષણ: બેરિકેડ તોડ્યું

## પોલીસે બાઇક ચાલકને 22 સેકન્ડમાં દે ધનાધન 18 વખત લાકડીથી ફટકાર્યો



**(એજન્સી) નવી દિલ્હી | તા.02**

આજે મહાકુંભનો 21મો દિવસ છે. બપોરે 12 વાગ્યા સુધીમાં 88.83 લાખ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું હતું. 13 જાન્યુઆરીથી, 34.49 કરોડથી વધુ લોકોએ સંગમમાં ડૂબકી લગાવી છે. હેલિકોપ્ટરથી ભીડ અને સુરક્ષા પર નજર રાખવામાં આવી રહી છે. વસંત પંચમી સ્નાનને ધ્યાનમાં રાખીને 2થી 4 ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજ શહેર અને મેળા વિસ્તારમાં વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. VVIP પાસ રદ કરવામાં આવ્યો છે.

મહાકુંભ મેળાને લગતા બે વીડિયો સામે આવ્યા છે. એક વીડિયોમાં પોલીસ બેરિયર પર સાધુઓની કારને રોકી રહી છે, પરંતુ તેઓ બળપૂર્વક અંદર પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઘર્ષણ દરમિયાન સાધુ અને તેના ડ્રાઇવરની કારથી બેરિકેડ્સને નીચે પાડવામાં આવ્યા હતા. તેઓ બેરિકેડ્સને હટાવીને આગળ વધ્યા. પોલીસકર્મીએ કહ્યું અધિકારીઓ સાથે વાત કરો, મંજુરી વગર વાહન અંદર નહીં જાય. આ અંગે તેમની સાથે પોલીસકર્મીઓએ ઉગ્ર બોલાચાલી કરી હતી.

બીજા વીડિયોમાં એક પોલીસકર્મી 22 સેકન્ડમાં 18 વાર લાકડી વડે બે બાઈક સવારોને મારતો જોવા મળે છે. બાઈક સવાર શહેરથી મેળા તરફ જઈ રહ્યો હતો, પોલીસે તેને બેરિકેડ પર રોક્યો. આ દરમિયાન, બાઇક ચાલકે બેરિકેડ પાર કરીને ભાગી જવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન ગુસ્સે ભરાયેલા પોલીસકર્મીએ બાઇક પર સવાર બે લોકોને દે ધનાધન, એક-બે, ત્રણ-ચાર વાર નહીં... પણ 22 સેકન્ડમાં 18 વાર લાકડીથી ફટકાર્યા.

# ભાજપમાં અંદરોઅંદર ડખા: CM ઈચ્છે તો મારું રાજીનામું લઈ લે : અનિલ વિજે

**(એજન્સી) ચંદીગઢ | તા.02**

હરિયાણાના ઉર્જા અને પરિવહન મંત્રી અનિલ વિજે પોતાની સરકારથી ખૂબ જ નારાજ છે. છેલ્લા કેટલાક સમયથી વિજ તેમની જ સરકાર સામે નારાજગી દર્શાવી રહ્યા છે. ગત રવિવારે રોહતક પહોંચેલા વિજે ફરીથી બળવાખોર વલણ અપનાવ્યું હતું. નોકરશાહીના વર્ચસ્વથી ગુસ્સે ભરાયેલા અનિલ વિજે આજે ફરી એકવાર મુખ્યમંત્રી નાયબ સૈની પર નિશાન સાધ્યું હતું. વિજે કહ્યું કે, 'જો મુખ્યમંત્રી ઈચ્છે તો મારું મંત્રી પદ છીનવી શકે છે, પરંતુ તેઓ મારી વરિષ્ઠતા અને ધારાસભ્ય પદ નહીં છીનવી શકે.

તેમણે કહ્યું, 'હું સાત વખત ધારાસભ્ય રહ્યો છું. અંબાલા કેન્ટના લોકોએ મને મત આપીને ધારાસભ્ય બનાવ્યો છે. જો કોઈ મંત્રી પદ છીનવી લેવા માંગતું હોય, તો તે કરી શકે છે. મંત્રી બન્યા પછી મેં હવેલી નથી લીધી. માત્ર એક જ ગાડી છે. હવે કાર્યકર્તાઓએ કહ્યું કે, જો ગાડી છીનવાઈ જશે, તો તેઓ પોતાના પૈસાથી ખરીદીને તેમને આપશે.'



**મારે મુખ્યમંત્રી નથી બનવું, હું ઇચ્છું છું કે સરકાર યોગ્ય રીતે કામ કરે' :** વિજે કહ્યું કે, 'હું ક્યારેય મુખ્યમંત્રી બનવા માંગતો ન હતો, મેં ક્યારેય માંગ પણ નથી કરી અને કોઈને કહીશ. હું ઈચ્છું છું કે, હરિયાણાની ભાજપ સરકાર યોગ્ય રીતે કામ કરે. મુખ્યમંત્રીએ ધારાસભ્યો, મંત્રીઓ અને જનતાની વાત સાંભળવી જોઈએ. માત્ર 10 દિવસ પહેલા કેબિનેટ મંત્રી શ્યામ સિંહ રાણાએ મને ફોન કરીને કહ્યું હતું કે યમુના નગરના અધિકારીઓ સાંભળતા નથી, કૃપા કરીને એકવાર ફોન કરો. હવે જ્યારે તેમના કેસો સાંભળે છે તો સારી વાત છે.

### '100 દિવસ પછી ડીસીને હટાવાનો કોઈ અર્થ નથી'

મંત્રી પદ છોડવાના સવાલ પર વિજે કહ્યું કે, તેનાથી મને કોઈ ફરક નથી પડતો. આમ પણ મેં મંત્રી બન્યા પછી કોઈ પણ સુવિધાઓ લીધી નથી. મેં કોઈ હવેલી પણ ખરીદી નથી. ચૂંટણી જીત્યા પછી મેં ખુલ્લા મંચ પર કહ્યું હતું કે, અધિકારીઓએ ચૂંટણીમાં મારી વિરુદ્ધ કામ કર્યું હતું, ચૂંટણી મને હરાવવા માટે કાવતરું ઘડવામાં આવ્યા હતા. 100 દિવસ પછી અંબાલાના ડીસીને હટાવવામાં કે ન હટાવવાથી કોઈ ફરક નથી પડતો.'

# BSFએ ત્રિપુરામાં 2 ભારતીય દલાલ સાથે 14 બાંગ્લાદેશીઓને પકડ્યા

**(એજન્સી) અગરતલા | તા.02**

ભારતમાં ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરી રહેલા બાંગ્લાદેશીઓ વિરુદ્ધ સતત અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. દરમિયાન, ત્રિપુરામાં બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) એ 26 જાન્યુઆરીથી દેશમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહેલા 14 બાંગ્લાદેશીઓને પકડ્યા છે. બીએસએફના એક વરિષ્ઠ અધિકારીએ રવિવારે આ માહિતી આપી હતી. આ દરમિયાન ઘૂસણખોરીમાં મદદ કરનારા બે ભારતીય દલાલો પણ ઝડપાયા છે. એટલું જ નહીં, સીમા સુરક્ષા દળે મોટી માત્રામાં ડ્રગ્સ, ખાંડ, પશુઓ અને અન્ય દાણચોરીની વસ્તુઓ પણ જપ્ત કરી છે. કહેવામાં આવી રહ્યું છે કે જપ્ત કરાયેલી આ વસ્તુઓની અંદાજિત કિંમત 2.5 કરોડ રૂપિયા છે. દ્વિપક્ષીય સહયોગ પ્રત્યે તેની પ્રતિબદ્ધતા દર્શાવતા, BSF એ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) સાથે મજબૂત સંકલન જાળવી રાખ્યું છે.



### 2.5 કરોડનું ડ્રગ્સ પણ જપ્ત

બોર્ડર સિક્યુરિટી ફોર્સે મોટા પ્રમાણમાં માદક દ્રવ્યો, ખાંડ, પશુઓ અને અન્ય દાણચોરીની વસ્તુઓ પણ જપ્ત કરી છે. જપ્ત કરાયેલી વસ્તુઓની અંદાજિત કિંમત 2.5 કરોડ રૂપિયા હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. દ્વિપક્ષીય સહયોગ પ્રત્યે પ્રતિબદ્ધતા દર્શાવતા BSFએ બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (BGB) સાથે મજબૂત સંકલન જાળવી રાખ્યું છે. BSF અધિકારીના જણાવ્યા અનુસાર BSF ત્રિપુરા ફ્રન્ટીયર દ્વારા આંતરરાષ્ટ્રીય સરહદ પર તકેદારી વધારી દેવામાં આવી છે અને પેટ્રોલિંગ મજબૂત બનાવવામાં આવ્યું છે. જેના કારણે 26 જાન્યુઆરી 2025થી અત્યાર સુધીમાં BSF જવાનોએ સરહદ પારથી ઘૂસણખોરી અને દાણચોરીના ઘણા પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે. સુરક્ષા દળો માટે આ એક મોટી સફળતા છે.

# મહાકુંભમાં નાસભાગની ઘટના બાદ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો

### 25 ટકા લોકોએ કેન્સલ કરાવ્યું બુકિંગ

પ્રયાગરાજ મહાકુંભમાં નાસભાગની ઘટના બાદ શ્રદ્ધાળુઓની સંખ્યામાં ઘટાડો આવ્યો છે. નાસભાગ બાદ મહાકુંભમાં વ્યવસ્થાને લઈને લોકોના મનમાં સવાલો ઉદભવી રહ્યા છે. શ્રદ્ધાળુઓએ પોતાની યાત્રાને ટાળી દીધી છે. જેની અસર અહીંની હોટલ, રેસ્ટોરેન્ટ સહિત તમામ ટૂર એન્ડ ટ્રાવેલ્સ ઓપરેટર પર પણ તેની અસર જોવા મળી રહી છે. ગત બે દિવસમાં 25 ટકા શ્રદ્ધાળુઓએ હોટલ બુકિંગ કેન્સલ કરી દીધું છે. મહાકુંભના પહેલાં દિવસે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ મહાકુંભમાં પહોંચી રહ્યા હતા. જેના લીધે અહીં સ્થિત તમામ હોટલોનું બુકિંગ ફૂલ હતું. પરંતુ હવે નવા બુકિંગમાં ઘટાડો જોવા મળી રહ્યો છે તો બીજી તરફ નાસભાગ પહેલાં જેમણે હોટલોમાં રૂમ કર્યા હતા, તેમાંથી 25 ટકા શ્રદ્ધાળુઓએ બુકિંગ કેન્સલ કરી દીધા છે. પ્રયાગરાજ હોટલ અને રેસ્ટોરેન્ટ એસોસિએશનના અધ્યક્ષ હરજેન્દ્ર સિંહે કહ્યું કે આ શ્રદ્ધાળુઓએ કુંભ વિસ્તારમાં સ્થિતિ સામાન્ય થતાં તેમને માહિતગાર કરવા કહ્યું છે.

# કોંગ્રેસે બનાવી 'EAGLE' ટીમ

## ચૂંટણી પરિણામ અને મતદાર યાદીમાં ગરબડની ફરિયાદો પર કરશે તપાસ



**(એજન્સી) નવી દિલ્હી | તા.02**

દેશમાં ફ્રી અને નિષ્પક્ષ ચૂંટણીના મુદ્દાને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે 'EAGLE' ટીમની રચના કરી છે. EAGLE એટલે Empowered Action Group of Leaders and Experts.(નેતાઓ અને નિષ્ણાતોનું સશક્ત કાર્ય ગ્રુપ ) આ ટીમ દરેક ચૂંટણી પરિણામો અને મતદાર યાદીઓનું વિશ્લેષણ કરશે અને પક્ષના નેતૃત્વને રિપોર્ટ સુપરત કરશે. 'EAGLE' ને આપવામાં આવેલું પહેલું કાર્ય મહારાષ્ટ્ર ચૂંટણીઓ સંબંધિત છે, જ્યાં તેઓ મતદાર યાદીમાં છેડછાડના મુદ્દે હાઈકમાન્ડને વિસ્તૃત રિપોર્ટ સોંપશે. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલ દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે, કોંગ્રેસ અધ્યક્ષે ભારતના ચૂંટણી પંચ દ્વારા મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓના સંચાલન પર દેખરેખ રાખવા માટે તાત્કાલિક અસરથી નેતાઓ અને નિષ્ણાતોના એક સશક્ત કાર્યકારી જૂથની રચના કરી છે. જેમાં આઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**'ઈગલ' ટીમના સભ્યો**

- અજય માકન
- દિગ્વિજય સિંહ
- અભિષેક સિંઘવી
- પ્રવીણ ચક્રવર્તી
- પવન ખેરા
- ગુરદીપ સિંહ સપ્પલ
- નીતિન રાઉત
- ચલ્લા વંશી ચંદ રેડ્ડી

# બે દિવસમાં મન બદલાયું! પહેલા AAP માટે પ્રચાર, ભાજપ માટે વોટ માંગશે મિકા સિંહ

**(એજન્સી) નવી દિલ્હી | તા.02**

દિલ્હીમાં ચૂંટણી પ્રચાર માટે હવે માત્ર એક દિવસ બાકી રહ્યો છે. ૩ ફેબ્રુઆરીની સાંજે પ્રચારના પડઘમ શાંત પડી જશે. આ દરમિયાન, કેટલીક મહત્ત્વપૂર્ણ માહિતી સામે આવી રહી છે. એટલે કે, પંજાબી ગાયક મીકા સિંહ ભાજપ માટે પ્રચાર કરશે. રસપ્રદ વાત એ છે કે તેમણે 1 ફેબ્રુઆરીએ AAP ઉમેદવાર માટે પ્રચાર કર્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે, 3 ફેબ્રુઆરીએ તેઓ માંગોલપુરીમાં ભાજપના ઉમેદવાર રાજકુમાર ચૌહાણ માટે પ્રચાર કરશે અને મત માંગશે.



**પહેલા AAP ઉમેદવારને મત આપવાની અપીલ કરી હતી...**

એક દિવસ પહેલા મજનૂ કા ટીલામાં મીકા સિંહ રાઘવ ચઢ્ઢા સાથે સ્ટેજ પર સાથે જોવા મળ્યો હતો. તેમણે AAP ઉમેદવારને મત આપવાની અપીલ પણ કરી, પરંતુ થયું એવું કે એક દિવસ પછી જ તેમણે AAPના હરીફ માટે પ્રચાર કરવાનું નક્કી કર્યું.

### અયોધ્યામાં દલિત યુવતી સાથે હેવાનિયત

# રાહુલ ગાંધીએ કરી ન્યાયની માંગ

**(એજન્સી) નવી દિલ્હી | તા.02**

કાંગ્રેસ પાર્ટીના ઉપાધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ અયોધ્યામાં દલિત યુવતી સાથે થયેલી દુષ્કર્મની ઘટનાને લઈને યોગી સરકાર સામે નિશાન સાધ્યું છે. રાહુલે સોશિયલ મીડીયા પ્લેટફોર્મ 'X' પર આ ઘટનાને શરમજનક ગણાવી હતી. તેમણે ભાજપનાં રાજમાં ઉત્તરપ્રદેશમાં વધી રહેલા ગુનાઓને લઈને નિશાન સાધતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની અપીલ કરી હતી.



● **રાહુલ ગાંધીએ શું કહ્યું?** રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, 'અયોધ્યામાં દલિત યુવતી સાથે થયેલું અમાનવીય કૃત્ય અને તેની ક્રૂર હત્યા હૃદયદ્રાવક અને શરમજનક ઘટના છે. ત્રણ દિવસથી કહી રહેલા પરિવારની મદદે જો વહીવટી તંત્રે ધ્યાન આપ્યું હોત તો કદાચ તેનો જીવ બચી ગયો હોત. બહુજન વિરોધી ભાજપ સરકારમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશમાં દલિતો સામે ઘૃણાસ્પદ અત્યાચારો, અન્યાય અને હત્યાના મામલો સતત વધી રહ્યા છે.

### ■ સ્ટંટ કરતાં યુવકને બચાવવાના ચક્કરમાં SUVનો અકસ્માત

# મહાકુંભથી પરત આવતા 5 નેપાળીઓના મોત

**(એજન્સી) નવી દિલ્હી | તા.02**

મહાકુંભ મેળામાંથી પરત ફરી રહેલા નેપાળના પાંચ લોકોને કાર અકસ્માત નડતાં મોત નીપજ્યા હતા. બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં મધુબની ફોર-લેન બાયપાસ પર આ ઘટના બની હતી. જેમાં સ્ટંડ કરી રહેલા બાઈક સવારને બચાવવા જતાં એસયુવી ડિવાઈડર સાથે અથડાઈ હતી.

આ અકસ્માત એટલો ભયાવહ હતો કે, કારમાં સવાર પાંચ જણના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. SUV સ્પીડમાં હોવાથી તે ડિવાઈડર સાથે ભટકાયા બાદ હવામાં પાંચ વખત ફંગોળાઈ હતી. હવામાં ફંગોળાતી વખતે કારનું એક ટાયર ફાટ્યું હતું અને તે છૂટ્ટુ પડી કારની અંદર જતુ રહ્યું હતું. એસયુવીનો કચ્ચરઘાણ થયો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, કારમાં કુલ નવ જણ હતાં. જેમાં પાંચના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. અન્ય ચારને ગંભીર ઈજા થઈ હતી.



# બિકાનેરમાં ભૂકંપના આંચકા અનુભવાયા; 3.6ની તીવ્રતા

**(એજન્સી) બિકાનેર | તા.02**

રાજસ્થાનના બિકાનેરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેંટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર બપોરે 1 વાગ્યના સુમારે બિકાનેર અને આસપાસના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા 3.6 માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર અક્ષાંશ 27.76 ઉત્તર અને દક્ષાંશ 73.72 પૂર્વમાં 10 કિમી દૂર નોંધાયું છે. રવિવારે બપોરે રાજસ્થાનના બિકાનેરમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર બિકાનેરથી 72 કિલોમીટર દૂર જસરાસરના મહારામસરમાં હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બપોરે ૧૨.૫૮ વાગ્યે બિકાનેર અને આસપાસના કેટલાક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા.



ગાંધીનગર સંવાદદાતા-વિજયવીર યાદવ | સુરત શહેર ખાતે હરી શૃંગાર શોપનું ઉદઘાટન કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ કર્યું. જેમાં સુરત શહેરના મહામંત્રી કિશોરભાઈ બિંદલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# છેતરપિંડી આચરતા માફિયાઓને કચ્છ LCBએ દબોચ્યા

(એજન્સી) ભૂજ | તા.02

દેશમાં સતત ઓનલાઈન સાઈબર ક્રાઈમની ઘટના સતત વધી રહી છે. ત્યારે અલગ અલગ 10 રાજ્યમાં ઓનલાઈન છેતરપિંડી આચરતા બે સાયબર માફિયાઓને પશ્ચિમ કચ્છ એલસીબી પોલીસે ઝડપી પાડયા છે. બાતમીના આધારે પોલીસે બંને આરોપીને ભુજમાંથી દબોચી લીધા છે. આરોપી પાસેથી અલગ અલગ બેન્કના ડેબિટ કાર્ડ, પાસબુક, ચેકબુક, લેપટોપ, મોબાઈલ, આધારકાર્ડ અને પાનકાર્ડ સહિતનો મુદ્દામાલ મળી આવ્યો છે. સાયબર ક્રાઈમના ગુન્હાને અંજામ આપી લોકો પાસેથી રૂપિયા પડાવતા બે શખ્સોને ભુજમાંથી ઝડપી પાડવામાં આવ્યા છે. પશ્ચિમ કચ્છ એલસીબી પોલીસેના બાતમી આધારે ભુજના ભાનુશાલીનગરમાં આવેલા હરિરત્ન બિલ્ડિંગના ફ્લેટ નંબર 203માંથી બંને આરોપીને ઝડપી પાડવામાં આવ્યા છે. બંને આરોપી ઓનલાઈન શોપિંગ, નોકરી, કેવાયસી અપડેટ, લોન તેમજ ડિજિટલ અરેસ્ટ કરીને લોકો પાસેથી રૂપિયા પડાવતા હતા. આરોપીએ આધાર કાર્ડ, પાન કાર્ડના ખોટા દસ્તાવેજ ઉભા કરી અલગ અલગ બેન્કમાં ખાતા ખોલાવ્યા હતા. બેન્કના ખાતાનો ઉપયોગ આરોપી અલગ અલગ રાજ્યના લોકો સાથે છેતરપિંડી કરવા માટે કરતા હતા.

## 10 જેટલા રાજ્યમાં સાઈબર ક્રાઈમના ગુન્હાને અંજામ આપ્યો

આરોપીએ ખોટા દસ્તાવેજ ઉભા કરીને અલગ અલગ બેન્કમાં ખાતા ખોલાવી 10 જેટલા રાજ્યમાં સાઈબર ક્રાઈમના ગુન્હાને અંજામ આપ્યો હતો. સાઈબર ફ્રોડ કરી બેન્કમાં નાણાં મગાવતા બાદમાં ચેકથી રૂપિયા ઉપાડી આંગડિયા મારફતે રાજસ્થાન રૂપિયા મોકલતા હતા હોવાનું પોલીસ તપાસમાં ખૂલવા પામ્યું છે. હાલ બંને આરોપી વિરુદ્ધમાં ભુજ બી ડિવિજન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા 2023 કલમ 319(2) તથા ધી ઈન્ફોર્મેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એક્ટ 66(ડી) મુજબનો ગુન્હો નોંધવામાં આવ્યો છે. હાલ પોલીસ બંને આરોપીના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.



**17 બેન્કમાં 55 જેટલા ખાતા ખોલાવ્યા :** પોલીસે આરોપીના બેન્ક એકાઉન્ટના આધારે નેશનલ સાઈબર ક્રાઈમ રિપોટિંગ પોર્ટલ પર ચેક કરતા આરોપી વિરુદ્ધમાં 10 રાજ્યમાં 11 જેટલા સાઈબર ક્રાઈમના ગુન્હા નોંધાયેલા છે. 4 બેન્ક એકાઉન્ટમાં કુલ 21,81,495 જેટલી સાયબર ફ્રોડની રકમ આરોપીના ખાતામાં જમા થઈ છે. આરોપીએ ખોટા દસ્તાવેજ બેન્કમાં જમા કરાવી 17 બેન્કમાં 55 જેટલા ખાતા ખોલાવ્યા છે. તમામ બેન્ક એકાઉન્ટને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે, જેમાં બેન્ક કર્મચારી અને મેનેજરની પણ તપાસ કરવામાં આવશે.

# પ્રધાનમંત્રીએ ICC U19 મહિલા T20 વર્લ્ડ કપ 2025 જીતવા બદલ ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતીય ટીમને ICC U19 મહિલા T20 વર્લ્ડ કપ 2025 જીતવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. "આપણી નારી શક્તિ પર ખૂબ ગર્વ છે! ICC U19 મહિલા T20 વર્લ્ડ કપ 2025માં વિજયી બનવા બદલ ભારતીય ટીમને અભિનંદન. આ વિજય આપણા ઉત્તમ ટીમવર્ક તેમજ દૃઢ નિશ્ચય અને ધૈર્યનું પરિણામ છે. તે ઘણા આવનારા ખેલાડીઓને પ્રેરણા આપશે. ટીમને તેમના ભવિષ્યના પ્રયાસો માટે મારી શુભકામનાઓ."

# SF હાઈસ્કુલ છોટાઉદેપુર ખાતેના બે દિવસીય જિલ્લા કક્ષા કલા મહાકુંભ – 2024-25 સમાપન

કમલેશ પટેલ | સંખેડા

કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, છોટાઉદેપુર દ્વારા કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય જિલ્લાકક્ષા કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪-૨૫નું એસ.એફ.હાઈસ્કુલ, છોટાઉદેપુર ખાતે સમાપન થયો હતો.

તા.૧ ફેબ્રુઆરીએ રાસ, ગરબા, લોકનૃત્ય, એક પાત્રીય અભિનય, વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા, કાવ્યલેખન, ગઝલ શાયરી, લોક વાર્તા, દોહા છંદ ચોપાઈ અને સર્જનાત્મક કારીગરીની સ્પર્ધા યોજાઈ હતી. તા.૨જી ફેબ્રુઆરીએ ભરતનાટ્યમ, કથ્થક, લગ્ન ગીત, લોકગીત - ભજન, સમૂહગીત, સુગમ સંગીત, શાસ્ત્રીયકંઠય સંગીત (હિન્દુસ્તાની), ઓરગન, તબલા, હાર્મોનિયમ (હળવું) અને સ્કુલ બેન્ડની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બે દિવસ દરમિયાન જિલ્લા કક્ષાની કલા મહાકંભ ૨૦૨૫ સ્પર્ધામાં જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓ વિવિધ ૨૩ સ્પર્ધાઓમાં વિવિધ ભાગ લીધો હતો.



તાલુકા કક્ષાની કુલ ૧૪ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવેલ વિજેતાઓએ જિલ્લા કક્ષાએ ભાગ લીધો હતો. તેમજ જિલ્લાકક્ષાએ સીધી યોજાનાર કુલ ૯ સ્પર્ધાઓ જેમાં વય ગ્રુપ પ્રમાણે ભાગ લીધો હતો જેમાં સંખેડા તાલુકાની ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલની વિદ્યાર્થીની ધોરણ 4 માં અભ્યાસ કરતી દસ વર્ષની ઉંમરે ભરતનાટ્યમ માં ખરાદી જીજ્ઞા અલ્કેશભાઈ જે જિલ્લામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ તેવા જિલ્લાકક્ષાની ૨૩ સ્પર્ધાના પ્રથમ વિજેતા થનાર કલાકારો પ્રદેશ કક્ષાએ ભાગ લેવા જશે.

# કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ 250+ સાયકલ સવારોનું નેતૃત્વ કર્યું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ રવિવારે અહીં સાઈકલ સવારોના વિવિધ જૂથનું નેતૃત્વ કર્યું હતું અને ભારતમાં મેદસ્વીપણા સામે લડવા માટે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની હાકલને આગળ ધપાવી હતી. મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ ખાતે આ અઠવાડિયે યોજાયેલા ફિટ ઈન્ડિયા સન્ડે ઓન સાયકલ ઈવેન્ટમાં અસંખ્ય ડોકટરો અને ન્યુટ્રિશનિસ્ટ્સના જૂથે ભાગ લીધો હતો, જેમણે આ સંદેશને આગળ ધપાવ્યો હતો. ભારતી કોલેજ દિલ્હી અને સોનીયા વિહાર વોટર સ્પોર્ટ્સ ક્લબના ઘણા યુવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. 'સ્થૂળતા યુવાનો માટે એક મોટો મુદ્દો અને મોટો પડકાર છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) કહે છે કે આઠમાંથી એક વ્યક્તિ મેદસ્વી છે. તેથી, આજકાલ કસરત અને રમતો રમવી ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# ખેલ મંત્રાલય નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રોડ સેફટી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા રોડ સેફટી સપ્તાહ અંતર્ગત જાગરૂકતા કાર્યક્રમ , રોડ સેફટી રૈલીના માધ્યમથી લોકોને જાગૃત કરવામાં આવ્યા. આ કાર્યક્રમ દરમિયાન ૨૫ થી વધુ યુવાનોને સડક સલામતીની શપથ પણ લેવડાવવામાં આવ્યી. આ સમગ્ર કાર્યક્રમના દરમિયાન નેહરુ યુવા કેન્દ્રના યુવા સ્વયંસેવક અને યુવા મંડળોના સભ્ય હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં પરિવહન વિભાગના ઈન્સ્પેકટર ડી બી પટેલ અને જીલ્લા યુવા અધિકારી ગાંધીનગરની ખાસ ઉપસ્તીથી રહ્યી હતી.

# સુરતખાતેપ્રદેશઅધ્યક્ષતેમજકેન્દ્રીયજળશક્તિમંત્રીએ પ્રેસ કોન્ફરન્સ કરી કેન્દ્રિય બજેટ અંગે પ્રતિક્રિયા આપી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણ સંસદમાં 2025-26નું બજેટ રજૂ કર્યુ હતું જે સંદર્ભે સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર.પાટીલએ પ્રેસ કોન્ફરન્સ કરી મીડિયાને બજેટ અંગે પ્રતિક્રિયા આપી હતી. સી. આર.પાટીલએ બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ગઈકાલે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણજીએ 50.65 લાખ કરોડ રૂપિયાનું બજેટ રજૂ કર્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્ર સરકારનું આ વખતનું બજેટ ગરીબો,મહિલાઓ, ખેડૂતો સહિતના તમામ વર્ગને લોકોની અપેક્ષાઓને પુર્ણ કરનારુ બજેટ છે. દેશની સુરક્ષા મજબૂત કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પાછલા દસ વર્ષમાં આપણા દેશમાં સૈન્ય સાધાનનોની જરૂરિયાતના 75 ટકા



ઉત્પાદન ભારતમાં બની રહ્યુ છે. કિસાન ક્રેડિટ કાર્ડની મર્યાદા 3 લાખની હતી તે વધારી 5 લાખ કરી છે જેના કારણે ખેડૂતોને વધુ લોન બેંકમાંથી મળશે. MSME ક્ષેત્રે રજીસ્ટર્ડ ઈન્ડસ્ટ્રીને કાર્ડમાં પાંચ લાખનો વધારો કરવામાં આવ્યો છે. બજેટમાં પગારદાર લોકો માટે 12.75 લાખ સુધીની આવક તો અન્ય કરદાતાઓ માટે 12 લાખ રૂપિયા સુધીની આવક પર કરમુક્તી કરી છે. આ પહેલુ બજેટ એવુ છે જેમા સરકારની આવક વધી નથી પરંતુ જનતાની આવકમાં વધારો થયો છે. પાટીલએ વધુમાં જણાવ્યું કે, જળ જીવન મિશન યોજના હેઠળ 15.44 કરોડ ઘરોમાં પાણી પહોંચાડવામાં આવ્યું છે એટલે કે વ્યક્તિ દિઠ જોઈએ તો 75 કરોડ લોકોને પાણી પહોંચાડવામાં આવ્યું છે અને હજુ 4.33 કરોડ લોકોના ઘરે પાણી આપવાનું બાકી છે જેને પુર્ણ કરવા બજેટમાં આ યોજના હેઠળ 67 હજાર કરોડ અને યોજના માટે 2.8 લાખ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. જળ જીવન મિશન યોજના હેઠળ જનતાને મળતા ફાયદા અંગે વિસ્તૃત માહિતી આપી. ગુજરાતમાં ગીફટ સિટિ અંદર રોકારણ માટેની અનેક તકો અને તેની સુવિધા સાથે અનેક લાભ આપવા માટેની જાહેરાક બજેટમાં કરવામાં આવી છે આ જ બતાવે છે કે દરેક વ્યકિત અને વર્ગ માટે બજેટમાં સમાવેશ કરવામા આવ્યો છે જેના કારણે લોકોને બજેટથી સંતોષ ની લાગણી અનુભવે છે.

# ગાંધીનગર કલેક્ટરે કલોલ તાલુકાના સનાવડ ગામે મુલાકાત લીધી



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

ગાંધીનગર કલેક્ટર મેહુલ દવે દ્વારા સ્થાનિક ગ્રામ્ય મુદ્દાઓ, વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને યોજનાઓ અંગે ચર્ચા કરતા ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં રૂબરૂ લોકો વચ્ચે જઈ મુલાકાત કરવામાં આવી રહી છે. ગ્રામીણ વસ્તીની સુખાકારીમાં વધારો કરવા સાથે આ મુલાકાતો વધુ સારા શાસન, પારદર્શિતાને સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે, અને નાગરિકોને વહીવટ સાથે સીધો સંપર્ક કરવાની તક આપે છે. આવી બેઠકો દરમિયાન, પ્રજા હિતને પ્રાધાન્ય આપી જન સુખાકારીના ધ્યેય સાથે કાર્ય કરતા ગાંધીનગર કલેક્ટર મેહુલ કે.દવે ગ્રામજનો દ્વારા જણાવવામાં આવેલા મુદ્દાઓ સાંભળે છે. માળખાકીય સુવિધાઓ, કલ્યાણ યોજનાઓને લગતી સમસ્યાઓના નિરાકરણ તરફ કેટલી અને કેવી કામગીરી કરાઈ છે તેની નોંધ લીધી હતી.

# ગાંધીનગરમાં 'મિલેટ એક્સ્પો-૨૦૨૫' ના આયોજન અંગેની બેઠક યોજાઈ



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

રાજયના ખેડૂતોને મિલેટ અંગે માર્ગદર્શન, પ્રાકૃતીક કૃષિ દ્વારા ટકાઉ ખેતી, આધુનિક તાંત્રિકતા, મિલેટ્સના વાવેતર વિસ્તાર વધારવા અને મુલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વધારો થાય તે હેતુથી મિલેટ પ્રોડ્ક્ટના પ્રદર્શન સહ વેચાણ હેતુ તા.૦૮/૦૨/૨૫ થી તા.૦૯/૦૨/૨૫ દરમ્યાન બે દિવસીય મિલેટ મહોત્સવનું અમદાવાદ, સુરત, જામનગર, વડોદરા, ગાંધીનગર, રાજકોટ, ભાવનગર એમ કુલ સાત મહાનગરપાલિકા ખાતે તેમજ તે પૈકી અમદાવાદ મહાનગરપાલિકા ખાતે રાજ્ય કક્ષાના મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે મ્યુનિસિપલ કમિશનર જે.એન વાઘેલાના અધ્યક્ષસ્થાને મિલેટ એક્સ્પો-૨૦૨૫ના આયોજન અંગેની બેઠક યોજાઈ હતી.

# સંતરામપુર તાલુકાના કાળીબેલ ગામે કરવામાં આવેલી હત્યાનો ભેદ ઉકેલાયો

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



સંતરામપુરના જુના કાળીબેલ ગામના ચોરાફળી વિસ્તારમાંથી હત્યા કરેલ મૃતદેહ મળી આવવા પામ્યો હતો. મૃતદેહ મળતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને અજાણા હત્યારા ની શોધ કોડ હાજરી હતી સંતરામપુરના જુના કારીગર ગામોમાં ચોરાફળી વિસ્તારમાંથી 55 વર્ષના સોમાભાઈ ગલાભાઈ કોર્ટની નિર્દયતાપૂર્વક હત્યા કરાયેલું મૃતદેહ મળી આવ્યો હતો પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતકના મોઢાના ભાગે ઈક્ષના હથિયાર વડે અનેક ગા મારીને તેની હત્યા કરવામાં આવી હતી જે બાબતે પોલીસ દ્વારા વિવિધ ટીમો બનાવીને આ હત્યાના કેસની તપાસ હાથ ધરવામાં આવી હતી કોઈ અજાણ્યા શકશે અંગત અદાવતને લઈને હત્યા કરવામાં આવી હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી.

કરવામાં આવેલ હત્યાના સંદર્ભે પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવીને હ્યુમન સોર્સ અને ટેકનિકલ સોર્સ ની મદદથી ગુનાની ગહન તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં પોલીસને સફળતા મળવા પામી હતી ત્યારે ૨૪ કલાકમાં જ પોલીસ દ્વારા હત્યાનો ભેદ ઉકેલની હત્યારા ને શોધી કાઢવામાં આવે છે જુના કાળીબેલ ગામના રહીશ સોમાભાઈ ગલાભાઈ હોટ ઉંમર વર્ષ અંદાજે 55 વર્ષ જેમની હત્યા અરજનભાઈ ખોટ નામના વ્યક્તિએ કરી હતી મૃતકના મોઢા ઉપર તીક્ષના હથિયાર વડે ઘા મારીને તેમની હત્યા કરવામાં આવી હતી જે હથિયારસિંગ મૃતકની હત્યા કરવામાં આવી હતી તે હથિયાર પણ પોલીસ દ્વારા કબજે કરવામાં આવેલ છે.

# ફ્રિડમ ડે કેર સેન્ટર ધોળકા મુકામે રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલીટન અમદાવાદ દ્વારા સ્પોર્ટસ અને ફિજીયોથેરાપીનાં સાધન અર્પણ કરાયા



ન્યુ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત ફ્રિડમ કેર સેન્ટર ધોળકા મુકામે તા 02/02/2025 ને રવિવારના રોજ સવારે 11 કલાકે વસંપંચમીના પાવન પર્વનાં દીવસે *રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલીટન અમદાવાદ* દ્વારા સંસ્થાનાં દિવ્યાંગ બાળકોના લાભાર્થે સ્પોર્ટસનાં તથા ફીજ્યોથેરાપીનાં સાધનોનો અર્પણ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમની શરૂઆત ડો . સુભાષ આપ્ટે (રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત), શ્રી આશુંતોષભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી ભાવિનકુમાર, શ્રી હરીશભાઈ પરમાર દ્વારા દિપ પ્રાગટય કરી તથા સંસ્થાનાં દિવ્યાંગ બાળકો દ્વારા પ્રાર્થના રજુ કરી કરવામાં આવી હતી. ઉપરોક્ત દરેક મહાનુભાવોનું પુષ્પ ગુચ્છ આપી સંસ્થાનાં બાળકોએ સ્વાગત કરવામાં આવ્યું હતું. ડૉ.સુભાષ આપ્ટે, રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલીટન અમદાવાદ નાં શ્રી આશુતોષભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી હેમંતભાઈ દ્વારા રિબન કાપી સ્પોર્ટસ રૂમ અને ફિજીયોરૂમ નું ઉદઘાટન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં ગૌરંગીબેન, રાધાબેન, માસુમાંબેને આયોજન કર્યું હતું. કાર્યક્રમના અંતે સંસ્થાનાં પ્રમુખ શ્રી ભાવિન પરમાર દ્વારા ઉપસ્થિત મહેમાનો અને વાલીગણનો આભાર વ્યકત કર્યો હતો.

સ્વામિનારાયણ ગોકુલધામ-નારને સમાજસેવાની શ્રેષ્ઠતા માટે

# "ગુજરાતી ગૌરવ અને ગીરનાર એવોર્ડ" એનાયત કરવામાં આવ્યો



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

વૈશ્વિક સ્તરે માનવ સભ્યતા અસ્તિત્વમાં આવી ત્યારથી વંશપરંપરાગત રીતે ધર્મ, સંસ્કૃતિ અને સેવાના મૂલ્યો એક પેઢીથી બીજી પેઢી સુધી સંચાલિત થયા છે. લોકકલ્યાણ માટે નિષ્ઠાપૂર્વક કરવામાં આવેલા ઉત્તમ કાર્યોને સન્માનપત્ર અને એવોર્ડ દ્વારા માન-સન્માન આપવાની પરંપરા આજ સુધી અવિરત રહી છે. બૃહદ મુંબઈ ગુજરાતી સમાજ છેલ્લા 40 વર્ષથી સામાજિક ક્ષેત્રે અપ્રતિમ યોગદાન આપનારા મહાનુભાવોને "ગુજરાતી ગૌરવ અને ગીરનાર એવોર્ડ"થી સન્માનિત કરી રહ્યો છે. 2025 માટે આ મહાન ગૌરવ સ્વામિનારાયણ ગોકુલધામ, નારના સ્થાપક સ્વામી શુકદેવપ્રસાદ તથા સ્વામી હરિકેશવદાસને એનાયત કરવામાં આવ્યો.

# આં. જિલ્લા યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું સમાપન વિદ્યાપીઠ ખાતે કરાયું



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય (ભારત સરકાર) અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને માયભારત ગાંધીનગર જિલ્લા યુવા અધિકારી કચેરી દ્વારા આંતર જિલ્લા યુવા આદાન પ્રદાન કાર્યક્રમનું સમાપન ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમના આયોજનમાં પોરબંદર જિલ્લાના ૨૭ યુવાનો ગાંધીનગર જિલ્લાની મુલાકાત લેવા માટે આવેલ હતા. આ કાર્યક્રમ દરમિયાન યુવાનો દ્વારા મહુડી મંદિર, મીની અમરનાથ મંદિર અને અંબોડ ખાતે મહાકાળી મંદિર, વરદાયિની માતા મંદિર, ગીર ઈકોલોજીકલ પાર્ક, અક્ષરધામ મંદિરની મુલાકાત લેવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન યોગના સેશન અને ફિટ ઈન્ડિયાના કાર્યક્રમ પણ આયોજિત થયા હતા.

બહાદરપુર ગામના વતની હાલ અમેરિકા સ્થિત એવા કલ્પેશભાઈ ભગત દ્વારા

# ખંભોળજની ચેહર માતાનો લીલુડો માંડવાના આયોજન માટે ગામમાં તાડમાળ તૈયારીઓ જોવા મળી




કમલેશ |સંખેડા

બહાદરપુર ના વતની જે હાલ અમેરિકા સ્થિત પરિવાર ના સ્વ. ભગત નટવરભાઈ હરગોવિંદભાઈ ના પુત્ર કલ્પેશભાઈ દ્વારા પોતાના પરિવાર તેમજ પોતાના વતન ના હરેક પરિવાર માટે સુખ શાંતિ અને સમૃદ્ધિ માટે ચેહર માતાના ભુવાજી શ્રી નાગજીભાઈ ખંભોળજ વાળા જેઓ બહાદરપુર ગામમાં તારીખ 6. 2. 2025 ના રોજ કલ્પેશભાઈ નટુભાઈ ભગત તેમજ તેમના પરિવાર તરફથી ચેહર માતા બહાદરપુર ગામ તેમજ પોતાના ઘર પરિવારના ઘરમાં માતાના પગલા પાડવા ખંભોળજ ની ચેહર માતાનો લીલુડો માંડવો રાખવામાં આવ્યો છે જેને લઈ ગામના યુવાનો માં ખૂબ ઉત્સાહ જોવા મળ્યો હતો અને તારીખ 6 .2. 2025 ના રોજ બપોરે બે કલાકે બહાદરપુર ના મુખ્ય ગેટથી લઈ સમગ્ર બજાર તેમજ ગામમાં શોભાયાત્રા કાઢવામાં આવશે ત્યારબાદ સાંજે સમસ્ત ગામજનો તેમજ પધારેલ ભક્તોનું સાંજે છ કલાકે મહાપ્રસાદીનો લાહવો અને ત્યારબાદ રાત્રે 9:00 કલાકે માતાજીનો લીલુડો માંડવો રાખવામાં આવશે જેમાં આવેલ પ્રખ્યાત ગાયક કલાકાર એવા મહેશભાઈ રબારી દ્વારા માતાજીના માંડવામાં માતાજીના ગરબા સાંભળવાનો અનેરા આનંદનો અવસર લેવા માટે ગામના લોકો માં ખુબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# હાલોલ વડોદરા હાઈવે પરથી વિદેશી દારૂ ભરેલી બે મોઘી કાર પોલીસે ઝડપી પાડી

કિશન રોહિડા | જરોદ

હાલોલ થી વડોદરા ના ધોરીમાર્ગ પર થી વિદેશી દારૂ ભરેલી બે લકઝરીસ કાર જીપ કંપાસ અને વોક્સ વેગન પોલીસે ઝડપી પાડી હતી પોલીસ ને મળેલ બાતમીના આધારે વડોદરા થી હાલોલ ના મુખ્ય ધોરીમાર્ગ પર થી જીપ કંપાસ એસયુવી કાર માં વિદેશી દારૂ ભરીને જવાની હોવાની બાતમી ના આધારે પોલીસે આડશ રાખીને કાર રોકવા નો પ્રયત્ન કર્યો હતો ત્યારે કાર ચાલકે કાર ની સ્પીડ વધારી ને મુકેલ આડશ ને અડફેટે લ ઈ ને ભાગવાનો પ્રયત્ન કર્યો હતો સદનસીબે આગળ જતાં ટ્રાફિક જામ હોવાનાં કારણે ચાલક તક નો લાભ લઈ કાર મુકીને રફુચક્કર થઈ જવા પામ્યો હતો આ જીપ કંપાસ કાર ની તપાસ હાથ ધરતા તેમાંથી વિદેશી દારૂ પોલીસ ને નજરે પડ્યો હતો તે દરમિયાન બીજી એક ગ્રે કલર ની વોકસવેગન કાર પર પોલીસ ને શંકા જતા તેને આંતરી ને તલાશી લેતા તેમાં પણ વિદેશી દારૂ નો જથ્થો પોલીસ ને હાથ લાગ્યો હતો પોલીસે વિદેશી દારૂ અને બિયર નો જથ્થો કુલ મળીને રૂપિયા 11,17/- લાખ નો મુદ્દામાલ કરીને કાર ચાલક દિપ પ્રકાશભાઈ સોની રહે,ઉમા ચાર રસ્તા વાઘોડિયા રોડ વડોદરા શહેર ની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે જ્યારે જીપ કંપાસ કાર ફરાર થઈ જતાં તેની શોધખોળ હાથ ધરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### જોળવા ગામની ફેક્ટરીના ગોડાઉનમાં દરોડા, કલર અને વનસ્પતિ એસેન્સનો ઉપયોગ થતો હોવાની આશંકા

# સુરતમાંથી વધુ 14 લાખનું શંકાસ્પદ ઘી મળ્યું

(એજન્સી) સુરત તા 02

સુરતમાં પોલીસ અને પાલિકા દ્વારા થોડા દિવસ પહેલા એક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં શંકાસ્પદ ઘી અને પનીરનો જથ્થો મળી આવ્યો હતો. ત્રણ જેટલા સ્ટોરમાંથી 65 લાખનું શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. આ શંકાસ્પદ ઘીની તપાસનો રેલો સુરત જિલ્લાના જોળવા ગામ સુધી પહોંચી ગયો હતો. ત્યાંથી આ ફેક્ટરીના ગોડાઉનમાંથી વધુ શંકાસ્પદ ઘીનો 14 લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આ ફેક્ટરીના ગોડાઉનમાંથી જ સીટી અને જિલ્લામાં ઘી સપ્લાય કરાતું હોવાનું અનુમાન છે. આ સાથે જ ઘીમાં કલર અને વનસ્પતિ એસેન્સનો ઉપયોગ થતો હોવાની શંકા છે તેના પગલે સેમ્પલ લઈને લેબમાં મોકલવામાં આવ્યા છે. લેબના રિપોર્ટ બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

14 લાખથી વધુનો શંકાસ્પદ જથ્થો કબજે કરાયો સુરત સીટી અને જિલ્લો જાણે નકલી ચીજ વસ્તુઓનું હબ બની ગયું એવું લાગી રહયું છે. છેલ્લા ઘણાં સમયથી સુરત ગ્રામ્ય વિસ્તારમાં નકલી સાબુ, સફાઈ લિકવીડ સુધીની નકલી વસ્તુઓ પકડાઈ આવી છે. ત્યારે સુરત સીટી માંથી મળેલા શંકાસ્પદ ઘીની તપાસનો રેલો ગત રોજ સુરત જિલ્લાના પલસાણા તાલુકાના જોળવા ગામે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીના ગોડાઉન સુધી પહોંચ્યો હતો. પોલીસે દરોડો પાડી 14 લાખથી વધુનુ શંકાસ્પદ ઘીનો જથ્થો કબજે કર્યો હતો. ઉમારામ પોતાની જોળવાની ફેકટરીના ગોડાઉનમાં ઘી લાવી સુરતમાં સપ્લાય કરે છે. તે ખાદ્ય ઘી ની સાથે દીવા અને અગરબત્તીમાં ઉપયોગમાં લેવાતા ઘીનું છેલ્લા 10 વર્ષથી ઉત્પાદન કરે છે. જયારે ખાદ્ય ઘી છેલ્લા પાંચ વર્ષથી બનાવે છે. તેની જોળવાની ફેક્ટરીમાં એક વર્ષ અગાઉ સુરત જીલ્લા પોલીસે રેડ કરી રૂ.24 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે ગત બુધવારે 29 જાન્યુઆરીના રોજ 65 લાખનો શંકાસ્પદ ઘીનો જથ્થો મળ્યો હતો. થોડા દિવસ પહેલા 65 લાખનો જથ્થો કબજે કરાયો હતો : અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા સુરત સિટીમાં પુણા અને સારોલી વિસ્તારમાં આવેલા ત્રણ સ્ટોરમાં પોલીસ અને પાલિકાની ટીમે દરોડા પાડ્યા હતા. જેમાં 65 લાખનું શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. સુરત પાલિકાના ફૂડ વિભાગ અને પોલીસ વિભાગે મળેલી માહિતીના આધારે પુણાના પરવટ પાટીયા નજીક આવેલા નારાયણ કોમ્પ્લેક્ષમાં ડબ્બા, પાઉચ મળી આશરે 10380 લીટર ઘી નો કુલ 65.13 લાખનો જથ્થો કબજે લઇ સિઝડ અને સેમ્પલ લેબોરેટરીમાં મોકલ્યા છે.




## સેમ્પલ લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલાયા

પલસાણા તાલુકાના જોળવા ખાતે 14.48 લાખનું શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાયો હતો. જોળવા ગામની સીમમાં આવેલ મારુતિ ઈન્ડસ્ટ્રીઝમાં આવેલા ખાતા નંબર 13, 14માં શિવ શક્તિ ફૂડ એન્ડ ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીમાંથી પલસાણા પોલીસે લેબલ વગરના અલગ અલગ પૂઠ્ઠાના બોક્સમાં રાખેલા ડબ્બાઓ તેમજ પતરાના ડબ્બાઓમાંથી ઘી જેવું શંકાસ્પદ પ્રવાહી ભરેલું હોય તેના સેમ્પલ FSL ટીમને સાથે રાખી લીધા હતા.

**થોડા દિવસ પહેલા 65 લાખનો જથ્થો કબજે કરાયો હતો :** અત્રે ઉલ્લેખનીય છે કે થોડા દિવસ પહેલા સુરત સિટીમાં પુણા અને સારોલી વિસ્તારમાં આવેલા ત્રણ સ્ટોરમાં પોલીસ અને પાલિકાની ટીમે દરોડા પાડ્યા હતા. જેમાં 65 લાખનું શંકાસ્પદ ઘી મળી આવ્યું હતું. સુરત પાલિકાના ફૂડ વિભાગ અને પોલીસ વિભાગે મળેલી માહિતીના આધારે પુણાના પરવટ પાટીયા નજીક આવેલા નારાયણ કોમ્પ્લેક્ષમાં તથા રાજપુરોહિત ટ્રાન્સપોર્ટ નગરમાં છાપો મારી શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપી પાડયો, હતો. અહીં શિવ શક્તિ ફુડ્સ એન્ડ ડેરી પ્રોડક્ટસ માલિક ઉમારામ મીઠાલાલ માલી પાસેથી હરે હરે ક્રિષ્ના પ્રીમિયમ કાઉ થી અને ગૌરી ગીર પ્રીમિયમ ક્વોલીટી કાઉ ઘી અને દેશી કાઉ ઘીના જુદી જુદી બ્રાન્ડના અલગ અલગ સાઈઝના જાર, ડબ્બા, પાઉચ મળી આશરે 10380 લીટર ઘી નો કુલ 65.13 લાખનો જથ્થો કબજે લઈ સિઝડ અને સેમ્પલ લેબોરેટરીમાં મોકલ્યા છે.

**અલગ અલગ પેકિંગમાં પેક કરી વેચાણ થતું હતું :** પુણા-સારોલી અને જોળવામાંથી મળેલા શંકાસ્પદ ઘીમાં મીલ્ક ફેટની જગ્યાએ કલર, વનસ્પતિનો ઉપયોગ થતો હોવાની શંકા છે. તે ઘી 375 રૂપિયે કિલોથી માંડીને અલગ અલગ કિંમતે વેચાતું હતું, જોકે, રિપોર્ટને આધારે ભેળસેળનું પ્રમાણ નિર્ધારીત થશે. ઘીના સેમ્પલ વડોદરા લેબમાં મોકલાયા હતા. આ મામલે હાલ તો પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ કરવામાં આવી છે. લેબમાંથી રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# અસામાજિક તત્વો પર નજર: પાંડેસરામાં પોલીસનું કોમ્બિંગ

### ખાડી-અવાવરું જગ્યાએ ડ્રોનથી ચેકિંગ કરાયું

(એજન્સી) સુરત તા 02

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા અવારનવાર અલગ-અલગ વિસ્તારોમાં કોમ્બિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જેને કારણે અસામાજિક તત્વોમાં પોલીસનો ખૂબ બની રહે તે જરૂરી છે. તપાસ દરમિયાન જે પણ અસામાજિક તત્વો પાસેથી હથિયાર ઝડપાય તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.



## અન્ય કોઈ ચિંતાજનક ચીજ-વસ્તુ મળી આવી નથી.

કોમ્બિંગ દરમિયાન કોઈપણ પ્રકારના હથિયાર કે અન્ય કોઈ ચિંતાજનક ચીજ-વસ્તુ મળી આવી નથી. પરંતુ સમયાંતરે આવી ખાડી અને અવાવરું જગ્યા ઉપર પોલીસ કોમ્બિંગ કરીને કાયદો વ્યવસ્થા જાળવવા માટે પ્રયાસ કરી રહી છે. તેના ઉપર નજર રાખવા માટે કોમ્બિંગ કરવામાં આવતું હોય છે. ડ્રોનની મદદથી અવવારું જગ્યા ઉપર કોઈપણ ગતિવિધિ થાય તો તેના એક્શન લેવામાં આવે.

## ખાડી અને અવાવરું જગ્યા ઉપર કોમ્બિંગ

સુરત પોલીસ કમિશનર દ્વારા દરેક ઝોન પ્રમાણે સમયાંતરે ચેકિંગ હાથ ધરવામાં આવતું હોય છે. ખાસ કરીને તાપી નદીના કિનારે અથવા તો ખાલી કિનારે કેટલાંક સામાજીક તત્વો પોતાનો અડ્ડો બનાવી લેતા હોય છે. તેના ઉપર નજર રાખવા માટે કોમ્બિંગ કરવામાં આવતું હોય છે. ડ્રોનની મદદથી અવવારું જગ્યા ઉપર કોઈપણ ગતિવિધિ થાય તો તેના એક્શન લેવામાં આવે. પાંડેસરા પોલીસ દ્વારા આખા ખાડી વિસ્તારમાં અને જ્યાં પણ અસામાજિક તત્વોની અવરજવર હોય અથવા રહેતા હોય તેવા સ્થાન ઉપર પહોંચીને તપાસ હાથ ધરવામાં આવી હતી. તમામ વિસ્તારમાં ઝીણવટ ભર્યું ચેકિંગ કરવામાં આવી રહ્યું

**ચોપડે નોંધાયેલા અસામાજિક તત્વોની તપાસ :** ડીસીપી ઝેડ. આર. દેસાઈએ જણાવ્યું કે, પાંડેસરા વિસ્તારની અંદર કોમ્બિંગની કામગીરી કરવામાં આવી રહી હતી. ઘણી વખતે અવાવરું જગ્યા ઉપર ક્રાઈમ થતું હોય છે તે વિસ્તારમાં પણ પોલીસ સતત નજર રાખીને કાર્યવાહી કરી રહી છે. કોમ્બિંગ દરમિયાન આવા વિસ્તારો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. ડ્રોનની મદદથી તમામ બાબતો ઉપર ધ્યાન આપવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં રહેતા સામાજિક તત્વોની ઓળખ પણ કરવામાં આવી હતી. સાથે સાથે જે અસામાજિક તત્વો મળી આવ્યા નથી, તેઓનું હાલનું લોકેશન પણ મેળવવામાં આવી રહ્યું છે.

# વેપારીઓએ શેડ, ઓટલા દૂર કરવાનું શરૂ કર્યું :મોઢેરા રોડ પર વધુ 170 વેપારીને દબાણો દૂર કરવા નોટિસો અપાઈ

(એજન્સી) મહેસાણા તા 02

નિરમા ફેક્ટરીથી સામેના રોડે અવસર પાર્ટી પ્લોટ સુધી મહેસાણામાં રાધનપુર રોડ પર મોટાપાયે દબાણ હટાવ્યા બાદ મહાનગરપાલિકા દ્વારા શનિવારે મોઢેરા રોડ પર વધુ 170 જેટલા વેપારીઓને ઓટલા, શેડ સહિતનાં દબાણો દૂર કરવા નોટિસો અપાઇ હતી.પરંતુ હજુ સુધી પૂરેપૂરો કાટમાળ હટાવાયો નથી. જ્યારે શનિવારે નિરમા ફેક્ટરીથી બાયપાસ રોડથી લઈને સામેના રોડ પર અવસર પાર્ટી પ્લોટ સુધી સાંજ સુધીમાં 1 ઉલ્લેખનીય કે, બે દિવસમાં મોઢેરા રોડ પર કુલ 330 દબાણકારો એવા વેપારીઓને નોટિસ અપાઇ છે. મહાનગરપાલિકા દ્વારા રાધનપુર રોડ પર દબાણ હટાવવાની કામગીરી કર્યા બાદ શુક્રવારે મોઢેરા રોડ પર દબાણ કરીને બેઠેલા વેપારીઓને નોટિસ આપવાની શરૂઆત કરાઈ હતી. પ્રથમ દિવસે મોઢેરા ચોકડીથી નિરમા ફેક્ટરી સુધી 160 વેપારીઓને, જ્યારે શનિવારે નિરમા ફેક્ટરીથી બાયપાસ રોડથી લઈને સામેના રોડ પર અવસર પાર્ટી પ્લોટ સુધી સાંજ સુધીમાં 170 વેપારીઓને નોટિસ આપી તેમના ઓટલા, શેડ અને પાળીઓ સહિતનાં દબાણો દૂર કરવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, રાધનપુર રોડ પર દબાણ તોડ્યા બાદ કાટમાળ હટાવવા માટેની ચાર દિવસથી કામગીરી ચાલુ છે, પરંતુ હજુ સુધી પૂરેપૂરો કાટમાળ હટાવાયો નથી. જ્યારે શનિવારે નિરમા ફેક્ટરીથી બાયપાસ રોડથી લઈને સામેના રોડ પર વેપારીઓને નોટિસ આપી તેમના ઓટલા, શેડ અને પાળીઓ સહિતનાં દબાણો દૂર કરવા જણાવ્યું છે.

# પાલિકાના સફાઈ વેરાનો સામાજીક કાર્યકરનો અનોખો વિરોધ

(એજન્સી) વડોદરા તા 02

તાજેતરમાં જ વડોદરા મહાનગરપાલિકા દ્વારા બજેટ ડ્રાફ્ટ રજુ કરવામાં આવ્યું છે. જેમાં રૂપિયા 50 કરોડનો સફાઈ વેરો સૂચિત કરવામાં આવ્યો છે. જેને પગલે શહેરવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ રોષને પ્રગટ કરવા માટે સામાજીક કાર્યકર આજે પોતાના શરીરે સાવરણી અને સૂપડી વિંટાળીને પાલિકાની કચેરીએ આવેદન પત્ર આપવા પહોંચ્યા છે અને સૂચિત સફાઈ વેરાનો વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે.

જોખમી સ્થળોની ઓળખ કરી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડ્યું જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જોખમી સ્થળોની ઓળખ કરી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું. જિલ્લા મેજીસ્ટ્રેટ બી.એ.શાહે મળેલ સત્તાની રૂએ, વડોદરા જિલ્લાના પોલીસ કમિશનર, વડોદરા શહેરની હદ વિસ્તાર સિવાયના વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારો તથા વડોદરા ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તાર (નગરપાલિકા વિસ્તાર સહિત)માં છેલ્લા બે-ત્રણ વર્ષમાં બનેલી દુર્ઘટનાની વિગતોના આધારે 20 સ્થળોએ જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામું પ્રસિદ્ધ કરીને પાણીમાં ન્હાવા કે ભીડ ભેગી થવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. બ્રિજ મહી નદી, અંબાજી માતા તળાવ પાદરા અને મહિસાગર નદી તટ ડબકા ગામ સ્થળ/વિસ્તાર જાહેર કરી પાણીમાં ન્હાવા કે ભીડ થવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ જાહેરનામું તા. 1/4/2025 સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ-223 મુજબ શિક્ષાને પાત્ર થશે.

# MSU બોયઝ હોસ્ટેલના એસપી હોલના વોશરૂમ દરવાજા વિનાના



(એજન્સી) વડોદરા તા 02

યુનિ.ની હોસ્ટેલના બાથરૂમ-વોશરૂમની ખસ્તા હાલત. બાથરૂમોના દરવાજાને સ્ટોપર ન હોવાથી વિદ્યાર્થીઓને નાહવામાં ક્ષોભ એબીવીપીની ચીફ વોર્ડનને રજૂઆત કરી ત્વરિત નિરાકરણ લાવવા માગ મ.સ.યુનિ.માં વડોદરા બહારથી આવતા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે. બોય્ઝ હોસ્ટેલના સરદાર પટેલ હોલમાં વિદ્યાર્થીઓને છ મહિનાથી પ્રાથમિક પાયાની સુવિધા નથી મળી રહી. હોસ્ટેલમાં આવેલા વોશરૂમ દરવાજા વિહોણા તેમજ બાથરૂમમાં દરવાજાને બંધ કરવામાટે સ્ટોપર પણ નથી. જેના કારણે વિદ્યાર્થીઓને અગવડ પડી રહી છે. આ સંદર્ભે એબીવીપી દ્વારા ચીફ વોર્ડનને રજૂઆત કરી વહેલી તકે આ પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવામાટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. એબીવીપીના વિદ્યાર્થી નેતાએ જણાવ્યું હતું કે, બોય્ઝ હોસ્ટેલના સરદાર પટેલ હોલમાં રહેતા વિદ્યાર્થીઓને રોજ પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં તેઓ પ્રાથમિક સુવિધાથી પણ વંચિત છે. અહીં રહેતા વિદ્યાર્થીઓને નાહવા જાય તો દરવાજાને સ્ટોપર પણ નથી જેથી ટેકો આપી નાહવા જવું પડતું હોય છે. વોશરૂમ જવું હોય છે તો તેમાં દરવાજા જ નથી. જેથી તેઓને તેના કારણે ઘણી તકલીફ ઉઠાવી પડી રહી છે. તેમજ પૂર બાદ બાથરૂમની ટાઈલ્સ ઊખડી ગઇ હોવાથી હાલાકી ભોગવવી પડી રહી છે. છેલ્લા 6 મહિનાથી વિદ્યાર્થીઓ સ્ટોપર અને દરવાજા વગર વોશરૂમ અને નાહવા જવા મજબૂર થઇ રહ્યા છે. અમે ચીફ પણ વધારે વિદ્યાર્થીઓએ ચીફ વોર્ડનની ઓફિસમાં બેસી નિરાકરણ લાવવા રજૂઆત કરી હતી.

# વડોદરા ઇન્ટરનેશલ મેરેથોનમાં સાત દેશોએ ભાગ લીધો

## 12મી સિઝનમાં 1,23,900 લોકોએ દોડ લગાવી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ બનાવ્યો; દિવ્યાંગોએ પણ ભાગ લીધો

(એજન્સી) વડોદરા તા 02

સૌથી વધુ ફન રનમાં 1 લાખથી વધુ રજીસ્ટ્રેશન થયાં વડોદરા શહેરના ઐતિહાસિક નવલખી મેદાન ખાતે આજે (2 ફેબ્રુઆરી) વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનનું ફ્લેગ ઓફ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. 12મી સિઝનમાં વિશ્વના સાત દેશો સહિત ભારતભરના 1,23,900 લોકોએ ભાગ લઈ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ બનાવ્યો છે. વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનું પ્રોવિઝનલ સર્ટી ગુજરાતના અધ્યક્ષ ડૉ. અશ્વિન ત્રિવેદી અને ઉપ પ્રમુખ દિવ્યાંગ ગાંધીએ આયોજક તેજલબેન અમીનને એનાયત કર્યું હતું. આ ઉપરાંત ટ્રાફિક અવરનેસને લઈ 80,000થી વધુ દોડવીરોએ શપથ લેતા વધુ એક રેકોર્ડ પણ સ્થાપિત થયો છે. 1.23 લાખથી વધુ દોડવીરોએ વિવિધ હતું. વહેલી સવારે વડોદરા શહેરમાં વિવિધ માર્ગો પર માત્રને માત્ર દોડવીરો જ નજરે પડ્યા હતા. દોડવીરોએ માર્ગ સલામતીના શપથ લઈ રેકોર્ડ સ્થાપિત કર્યો




### નિશા કુમારીનું મુખ્યમંત્રી હસ્તે સ્વાગત

12મી વડોદરા ઈન્ટરનેશલ મેરેથોનમાં ખાસ કરીને એક લાખથી વધુ રજિસ્ટ્રેશન થયાં હતાં, ત્યારે અહીંયાં ટ્રાફિક અવરનેસને લઈ 80,000થી વધુ દોડવીરોએ શપથ લીધા હતા. આજની આ મેરેથોનમાં આ શપથ માટે એક રેકૉર્ડ પણ સ્થાપિત થયો છે. આ સાથે મેરેથોનમાં 1,23,900 લોકોએ ભાગ લઈ રેકોર્ટ સર્જતા વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ લંડન દ્વારા સર્ટી એનાયત કરવામાં આવ્યું. આ મેરેથોનમાં તાજેતરમાં જ લંડન સાયકલ પ્રવાસ કરી પરત ફરેલી અને એવરેસ્ટ સર કરનાર નિશા કુમારી પણ આવી પહોંચી હતી, જેનું મુખ્યમંત્રી હસ્તે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મેરેથોનમાં વિવિધ ધર્મ-સંસ્થાના હજારો રનર્સ પણ જોડાય છે. મેરેથોનમાં ઉપસ્થિત દોડવીરોને માર્ગ સલામતીના શપથ લેવડાવવાનો રેકોર્ડ પણ સ્થાપિત કરવામાં આવ્યો છે.

### દિવ્યાંગોએ પણ મેરેથોનમાં ભાગ લીધો

આ મેરેથોનમાં ભારત, અમેરિકા, સિંગાપુર, ઈથોપિયા જર્મની સહિતના સાત દેશોના દોડવીરોએ ભાગ લીધો છે. ખાસ કરીને 42.195 કિલોમીટરની ફુલ મેરેથોન માટે કુલ 270થી વધુ રજિસ્ટ્રેશન થયા છે. આ સાથે જ હાફ મેરેથોન 10 કિલોમીટર, 5 કિલોમીટર ટાઈમ રન, પાંચ કિલોમીટર સ્વચ્છતા હેરિટેજ રન અને એક કિલોમીટર દિવ્યાંગ પેરા ઓલિમ્પિક રનમાં દોડવીરોએ ભાગ લઈ આ દોડની શરૂઆત કરી હતી.

### આજે ખુબજ ઉત્સાહ જોવા મળ્યો: તેજલ અમીન

આ અંગે વડોદરા ઈન્ટરનેશનલ મેરેથોનના ચેરપર્સન તેજલ અમીને જણાવ્યું હતું કે, આજે ખુબજ ઉત્સાહ અને હજારોની સંખ્યામાં ફ્લેગ ઓફ થયા છે. વહેલી સવારે સાડા ચાર વાગ્યાથી શરૂ થયેલ ફુલ મેરેથોન, હાફ મેરેથોન 5 અને 10 કિલોમીટર ટાઈમ રન સાથે દિવ્યાંગોની દોડમાં 1300થી વધુએ ભાગ લીધો હતો. આ રન અને સ્વચ્છતા ફન રન જે મુખ્યમંત્રી દ્વારા ફ્લેગ ઓફ કરવામાં આવ્યું છે.

# શેર બજારમાં રોકાણ કરી વધુ નફાની લાલચે નિવૃત્ત સરકારી કર્મચારી સાથે રૂ.1.28 કરોડની છેતરપિંડી

(એજન્સી) વડોદરા તા 02

શેર બજારમાં રોકાણ સામે મોટા વળતરની લાલચ આપી શહેરના નિવૃત્ત સરકારી અધિકારી સાથે 1.28 કરોડ ઉપરાંતની છેતરપિંડી કરાઈ હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે નોંધાઈ છે.પોલીસે સોશિયલ મીડિયા ઉપર ગ્રુપ બનાવનાર વેબ સાઈટ બનાવનાર સામે ગુનો નોંધ્યો છે. અલકાપુરી શિલાલેખ ડુપ્લેક્સ માં રહેતા 65 વર્ષીય નિવૃત્ત સરકારી અધિકારી બાલ કૃષ્ણન ગણેશ પંચપગેશન બાલાકૃષ્ણન સાથે સોશિયલ મીડિયા ઉપર સંપર્ક કરી ભેજાબાજોએ જુદા જુદા સમયે શેરબજારમાં મોટી કમાણી ની લાલચ આપી હતી જેમાં સોશિયલ મીડિયા ઉપર એક લિંક મોકલી હતી અને કોન્ટ્રાક્ટ ટ્રેડિંગ અને આઈપીઓ માં રોકાણ સામે મોટી કમાણી થશે એમ એક મહિલાએ ફોન ઉપર જણાવ્યું હતું. જેનાથી સિનિયર સિટીઝન લાલચમાં આવી ગયા હતા અને મેમ્બર બન્યાં હતાં બાદમાં એક વેબ સાઈટ ઉપર માહિતીનું ફોર્મ ભરવાનું જણાવી મહિલાએ બેંક ખાતાઓ ની વિગતો માંગી હતી અને વૃદ્ધે ભેજાબાજોના ખાતાઓમાં પોતાના બેંક ખાતાઓમાંથી જુદા જુદા તબક્કે રૂપિયા જમા કરાવ્યા હતા જેની સામે નફો ઓનલાઇન દર્શાવ્યો હતો. રોકાણના નામે વધુને વધુ રકમની માંગણી કરતા હોવાથી બાલાકૃષ્ણ ભાઈને શંકા થઇ હતી જેથી રોકાણ અને નફાની રકમ માંથી કેટલીક રકમ ઉપાડવા નો પ્રયત્ન કરતા એ રકમ ઉપાડવા માટે વધુ રકમની માંગ ભેજાબાજોએ કરી હતી પરિણામે સાયબર ક્રાઈમ પોલીસ મથકે કુલ 1.28.97,453 રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ નોંધાવી છે. સોશિયલ મીડિયા ગ્રુપમાં મેમ્બર બન્યાં બાદ 44 લાખના રોકાણ પછી 2 કરોડ જેટલો મોટો નફો ઓનલાઈન દર્શાવતાં મેં વધુ નફો મેળવવા વધુ રોકાણ કર્યું હતું તે પૈકી હજાર રૂપિયા ઉપાડ્યા હતા બીજી વાર મોટી રકમ ઉપાડવા જતા રકમ ઉપાડી શકાઈ ન હતી.એમ ફરિયાદીએ કહ્યું હતું. જેનાથી સિનિયર સિટીઝન લાલચમાં આવી ગયા હતા અને મેમ્બર બન્યાં હતાં બાદમાં એક વેબ ભેજાબાજોના ખાતાઓમાં પોતાના બેંક ખાતાઓમાંથી જુદા જુદા તબક્કે રૂપિયા જમા કરાવ્યા હતા

# વડોદરાના રસ્તા પાછળ વર્ષે રૂ.206 કરોડ ખર્ચવા છતાં 364 લોકોની ટીકા

(એજન્સી) વડોદરા તા 02

પાલિકા જરૂર ન હોય ત્યાં પણ ફૂટપાથ બનાવે છે તે અંગે લોકોએ ટકોર કરી

પાલિકાએ બજેટ પૂર્વે શહેરીજનો પાસે મગાવેલાં સૂચનોમાં સૌથી વધુ રોડ, ગાર્ડન, કચરો, પાણી અને વરસાદી ગટરની સમસ્યાનાં સૂચનો મળ્યાં છે. વર્ષે 206 કરોડનો ખર્ચ કર્યા બાદ પણ સૌથી વધુ 364 સૂચનો અને ફરિયાદ રોડ અંગે મળી છે. આઉટ ગ્રોથ વિસ્તાર બિલ, અટલાદરા અને કલાલી રોડના 35 લોકોએ તૂટેલા રોડ બનાવવા, ખાડા પૂરવા અને રોડ સાંકડો હોવાની ફરિયાદ કરી છે.પાલિકાના અધિકારીઓએ અમદાવાદ-સુરતનું અનુકરણ કરી બજેટમાં લોકોનાં સૂચનોનો સમાવેશ કરવાનું નક્કી કર્યું હતું, જેમાં 1982 સૂચનો પાલિકાને મળ્યાં હતાં. સૂચનો સાથે પાલિકાને અનેક ફરિયાદો મળી છે, જેમાં સૌથી વધુ રોડની 364, ગાર્ડનની 168, પાણીની 147, કચરાની 136 અને વરસાદી ગટરની 127 ફરિયાદો છે. રોડ નવા બનાવવા, ખાડા પૂરવા, પેવર બ્લોક નાખવા અને ફૂટપાથની જરૂર ન હોય છતાં ફૂટપાથ બનાવ્યા હોય તેવાં 364 સૂચનો અને ફરિયાદ પૈકી સૌથી વધુ વોર્ડ 12માંથી 68 સૂચનો મળ્યાં છે. ત્યારબાદ વોર્ડ 19 અને 10માંથી રોડ અંગેની ફરિયાદો મળી છે.

# માનસિક અસ્વસ્થ મહિલા પર બળાત્કાર ગુજારનાર શખ્સને 10 વર્ષની સખત કેદ

## બોટાદના પ્રિન્સિપલ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેસન્સ જજનો ચુકાદો, છ વર્ષ પૂર્વે માનસિક અસ્વસ્થ મહિલા સાથે શખ્સે દુષ્કૃત્ય આચર્યું હતું



(એજન્સી) બોટાદ । તા. 02

બોટાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આરોપીએ માનસીક અસ્વસ્થતા ધરાવતી મહિલા ઉપર બલાત્કાર ગુજાર્યો હતો.આ કેસ બોટાદની પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતાં એક શખ્સને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ કેસની વિગત એવા પ્રકારની છે કે,આરોપીને થયેલ સજા અંગેના બનાવની બોટાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વર્ષ ૨૦૧૯ માં રાત્રીના સમયે ભોગબનનાર મહિલા પોતાના ઘરે રાત્રીના સુતા હતા ત્યારે.રાજુ ઉર્ફે ગંભુ મનજીભાઈ ઠોળીયા નામનો શખ્સ ત્યારે ઘરમાં પ્રવેશ્યો હતો. અને મહિલાને જાનથી મારી નાખવાની ધમકી આપી તેની સાથે મરજી વિરુધ્ધ દુષ્કૃત્ય આચર્યું હતું. અને આ સમય દરમ્યાન મહિલાના ભાભી તથા ભાઈ જોઈ જતા ત્યારે.રાજુ ઉર્ફે ગંભુ મનજીભાઈ ઠોળીયા નામનો શખ્સ મહિલાના ભાઈને ધક્કો મારી નાસી છૂટયો હતો. આ બનાવ અંગે બોટાદ પોલીસ મથકમાં રાજુ ઉર્ફે ગંભુ મનજીભાઈ ઠોળીયાની વિરુધ્ધ ફરિયાદ નોંધાઈ હતી.આ કેસ બોટાદની પ્રીન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલતા સરકાર પક્ષે ૨૪ દસ્તાવેજી પુરાવા અને ૬ સાહેદોને તપાસવામાં આવ્યા હતા.જીલ્લા સરકારી વકીલ કે.એમ.મકવાણાની દલીલો તથા રજુઆતો ગ્રાહ્ય રાખી ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ હેમાંગ આર.રાવલે ઈ.પી.કો કલમ ૩૭૬ ના ગુન્હામાં આરોપી રાજુ ઉર્ફે ગંભુ મનજીભાઈ ઠોળીયાને ૧૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ કર્યો છે.

## બગદાણા આવેલી 10 વર્ષીય બાળા સાથે યુવકે દુષ્કર્મ ગુજાર્યું

(એજન્સી) ભાવનગર । તા. 02

બગદાણા પુનમ ભરવા આવેલી એક ૧૦ વર્ષની બાળકી સાથે દેગવડા ગામના શખ્સે વર્ષ-૨૦૨૪ના નવેમ્બર-ડિસેમ્બર માસના સમયગાળા દરમિયાન બાળકીની દાદી અને પપ્પાને મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યાંની ફરિયાદ બગદાણા પોલીસ મથકમાં નોંધાઈ છે. રાજકોટ પંથકની એક ૧૦ વર્ષની બાળકી તેના પરિવાર સાથે બગદાણા પુનમ ભરવા આવી હતી. અહીં ભરત પ્રભુદાસભાઈ દુધરેજીયા (ઉ.વ.૩૨, રહે.દેગવડા) નામના શખ્સના સાથે બાળકી અને તેના પરિવારનો પરિચય થયો હતો અને મજુરી કામ સાથે જોડાયેલા બાળકીના પરિવારને આ વિસ્તારમાં મજુરી કામ મળતું હોવાથી અવાન-નવાર આવતા રહેતા હોય ત્યારે ૧૦ વર્ષિય બાળકીને તેના દાદી અને પપ્પાને મારી નાખવાની ધમકી આપી ગત વર્ષ-૨૦૨૪ના નવેમ્બર-ડિસેમ્બર માસ દરમિયાન અવારનવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યા અંગેની પોલીસ ફરિયાદ બગદાણા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

### ફ્લાઈટ દિલ્હી એરપોર્ટથી બપોરે ૩ વાગ્યે ઉપડી ભુજ એરપોર્ટ ૪.30 વાગ્યે પહોંચશે

# વિસ્તારા એરલાઈનની દિલ્હી-ભુજ ફ્લાઈટના પ્રારંભના પ્રથમ દિવસે 96 % સીટો બુક થઇ

## ભુજ- દિલ્હી વચ્ચે ફ્લાઈટ શરૂ થતાં ઈન્ટરનેશનલ કનેક્ટીવીટી વધશે

(એજન્સી) ભુજ । તા.02

કચ્છ માટે વિસ્તારા એર લાઈનની દિલ્લી- ભુજ ફલાઈટની શરૂઆત થતાં બપોરે ભુજ એરપોર્ટ પર આવી પહોંચેલી ફલાઈટને વોટર કેનન સલામી આપવામાં આવી હતી. ૧૮૨ ક્ષમતવાળી ફલાઈટમાં આજે પ્રથમ દિવસે ૧૭૬ મુસાફરોએ દિલ્હીથી ભુજની મુસાફરી કરી હતી. ભુજ- દિલ્હી વચ્ચે ફલાઈટ શરૂ થતાં ઈન્ટરનેશનલ કનેક્ટીવીટી વધશે. જેનો ફાયદો કચ્છ આવતા જતા એનઆરઆઈ મુસાફરોને થશે. કચ્છથી વિદેશ જતા આવતા પ્રવાસીઓ માટે તેમજ ઉતરપ્રદેશ, હિમાચલ પ્રદેશ, કાશ્મીર ફરવા જતા પ્રવાસીઓને પણ ફાયદો મળશે. કચ્છવાસીઓની જે વર્ષોની માંગણી હતી તે આજે સંતોષાતા હર્ષ વ્યકત કરતા એરપોર્ટ ડાયરેકટર નવીનકુમાર સાગરે જણાવ્યું હતું કે, ભુજ- દિલ્હી વચ્ચેની આ ફલાઈટની સીટની ક્ષમતા ૧૮૨ છે. પ્રથમ દિવસે માત્ર ૫ સીટ ખાલી રહી હતી એટલે ૯૬ ટકા ફલાઈટ બુક હતી. દિલ્હીથી આફ્રિકા જતી ફલાઈટ દિલ્હીથી બપોરે ૧૨.૩૦ ઉપડે છે તેને રાત્રે ૧૨.૩૦ વાગ્યે ઉપાડવામાં આવે તેવી રજુઆતો કરાઈ છે જેથી, ભુજથી જતા મુસાફરોને આફ્રિકા માટે આ ફલાઈટ મદદરૂપ બની રહે. તેમજ લંડન અને સીંગાપુર જતા મુસાફરોને પણ આ ફલાઈટ થકી લાભ મળે તે માટે રજુઆતો કરાશે. પહેલા દિલ્હી જવા માટે અમદાવાદ અને રાજકોટ જવાની ફરજ પડતી અને પાંચ છ



કલાકની અને આખી રાત મુસાફરી કરવી પડતી હતી તે સમસ્યાનો અંત આવ્યો છે. કંડલા, મુંદરાને સીધી આ ફલાઈટથી દિલ્હીની કનેકટીવીટી મળશે. લંડન અને યુરોપ જવા માટે ખાસ ફાયદો થશે. ઘણા વિદેશી પ્રવાસીઓ કચ્છ આવતા ન હતા પરંતુ હવેથી તેઓ પણ આવશે. હવે દિલ્હીથી તેઓ આવી શકશે.

આજથી શરૂ થયેલી આ ફલાઈટ દિલ્હી એરપોર્ટથી બપોરે ૩ વાગ્યે ઉપડી ભુજ એરપોર્ટ ૪.૩૦ વાગ્યે પહોંચશે અને ભુજ એરપોર્ટથી પરત સાંજે ૫.૩૦ વાગ્યે ઉપડી સાંજે ૭ વાગ્યે દિલ્હી એરપોર્ટ પહોંચશે. ૧૮૦થી ૧૯૦ની સીટની ક્ષમતાવાળી ઈકોનોમી કલાસની ટિકિટ રૂ.૮૭૫૦ તેમજ ઓફ સીઝનમાં આ ભાવ ૫૫૦૦ સુધી જવાની સંભાવના છે. ભુજ-દિલ્હી વચ્ચે ફલાઈટ શરૂ થવાથી અમદાવાદનો ફેરો બચશે. અગાઉ આંતરરાષ્ટ્રીય ફલાઈટમાં મુસાફરી કરવા માટે દિલ્હી- અમદાવાદની ફલાઈટમાં મુસાફરી કરવી પડતી હતી પરંતુ હવેથી સમય બચશે.છેલ્લા અનેક વર્ષોથી ભુજ-દિલ્હી વચ્ચે ફલાઈટ શરૂ થાય તેવી માંગ હતી. આખરે મંજુરી મળ્યા બાદ આજથી આ સેવા શરૂ થઈ હતી. આ ફલાઈટ શરૂ થાય તે અંગે સાંસદ વિનોદ ચાવડા તેમજ ગ્લોબલ કચ્છ ફેડરેશન, ભુજ ચેમ્બર સહિતનાઓએ ઉડ્ડયન મંત્રીને રજુઆતો કરી હતી.

### ચોરી થયેલી રોકડ ઘરમાંથી જ મળી આવતાં વૃદ્ધાએ ફરિયાદ કરવાનું ટાળ્યું

# વૃદ્ધાએ ઘરમાં ચોરી થયાનો કોલ કરતા ઘોઘારોડ પોલીસ દોડતી થઇ

ભાવનગર:સવારના સુમારે પોતાના ઘરે દિવા માટેની વાટ કરી રહ્યા હતા ત્યારે ઘરમાં ઘૂસેલા એક અજાણ્યા શખ્સે 'શું કરો છો, તમે પૂછી કબાટની ચાવી ક્યાં છે?', તેમ પૂછ્યું હતું. જેના પ્રત્યુત્તરમાં તેમણે કબાટને તાળું ન હોવાનું કહેતા શખ્સે રૂમમાં જઈ અંદરથી બંધ કરી કબાટમાં રાખેલા રોકડા રૂપિયાની તસ્કરી કરી હતી. આ પણ અધુરૂં હોય તેમ વૃદ્ધાએ કાનમાં પહેરેલ બુટ્ટી ખેંચી લૂંટનો પ્રયાસ કરતા તેઓએ પ્રતિકાર કરી બૂમાબૂમ કરતા આસપાસના લોકો એકત્ર થયા હતા.અને પોલીસને ફોન કરતાં ઘોઘા રોડ પોલીસ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો અને તપાસનો ધમધામાંટ શરૂ કર્યો હતો.પોલીસની ઝીણવટભરી તપાસમાં વૃદ્ધાના ઘરમાં રહેલાં કબાટમાંથી ગયેલી રોકડ રકમ પોલીસને મળી આવતા પોલીસે વૃદ્ધ ાને સુપ્રત કરી હતી.અને કાનમાં પહેરેલ બુટિયા પણ હયાત હોવાનું પોલીસે ચકાસ્યું હતું.

## અંજારનાં બંધ મકાનમાં ધોળા દિવસે 3.20 લાખની માલમત્તા ચોરાઈ

(એજન્સી) ગાંધીધામ । તા.02

અંજારનાં વોર્ડ નં - ૨માં આવેલા મકાનને તસ્કરોએ નિશાન બનાવી ધોળા દિવસે ૩.૨૦ લાખ રૂપિયાની માલમત્તા ચોરી કરી લઇ ગયા હતા. જેમાં સોના - ચાંદીનાં અલગ અલગ દાગીના અને રોકડા રૂપિયા ચોરી કરી અજાણ્યા શખ્સ નાસી ગયા હતા. અંજારનાં વોર્ડ નં - ૨ માં રહેતા અને પ્રાઈવેટ નોકરી કરતા નંદનભાઈ હિંમતભાઈ ચાવડાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યુ હતુ કે, બનાવ ગત ૨૮ જાન્યુઆરીનાં દિવસ દરમિયાન બન્યો હતો. જેમાં ફરિયાદીનો પરિવાર પ્રયાગરાજ ખાતે કુંભ મેળામાં ગયો હતો અને ફરિયાદી પોતાના મકાનનાં દરવાજા સાથે મેઈન ગેટને તાળુંમારી ગાંધીધામ ખાતે આવેલી ગેરેજ પર કામે ગયો હતો. જેનું લાભ લઇ કોઈ અજાણ્યા ઈસમો મકાનનાં દરવાજાનું તાળુંતોડી મકાનમાં અપપ્રવેશ કરી રૂમની તિજોરીનું લોક તોડી તેમાં રાખેલા અલગ અલગ સોના - ચાંદીનાં દાગીના જેની કિંમત રૂ. ૨,૭૦,૪૦૧ અને રોકડા ૫૦ હજાર રૂપિયા સહીત કુલ ૩,૨૦,૪૦૧નો મુદ્દામાલ ચોરી કરી લઇ ગયા હતા.

## ગાંધીધામના ચુડવા ગામના પરિવારને વીસનગર પાસે અકસ્માત : ત્રણ મોત

(એજન્સી) રાધનપુર । તા.02

કચ્છના ગાંધીધામ તાલુકાના ચુડવા ગામનો મુસ્લિમ પરિવાર ગાડી લઈ વિસનગર તાલુકાના ઉનાવા ખાતે મીરાદાતારની દરગાહે જઇ રહ્યો હતો. તે દરમિયાન સાતલપુર-વારાહી હાઈવેના બામરોલી પાટિયા પાસે ડ્રાઈવરે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં હાઈવે રોંગ સાઈડમાં ગાડી પલટીખાઈ ખાડામાં પડી હતી. ગાડીમાં સવાર મુસાફરો એ બૂમાબૂમ કરતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા .ગાડીમાંથી લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા જેમાં એક પુરુષ અને એક મહિલાનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે એક બાળકનું સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતું. જ્યારે ૭ લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. તે દરમિયાન સાંતલપુર વારાહી હાઈવેના બામરોલી પાટિયા પાસે બપોરના સુમારે ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતાં ગાડી હાઈવે પરથી સામેની બાજુના રોડ પર પલટી ખાઈ બાજુના ખાડામાં ખાબકી હતી. જેના લીધે ગોઝારા અકસ્માત સર્જાયો હતો.

### 50 જેટલાં શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા

# સાપુતારામાં ચારધામ યાત્રાએથી પરત આવતી બસ ખીણમાં પડી, 5 શ્રદ્ધાળુના મોત



(એજન્સી) સાપુતારા । તા.02

સાપુતારામાં પર્વતીય વિસ્તાર હોવાથી અનેક ભયાનક વળાંક પણ છે. જેના કારણે અનેકવાર અકસ્માત સર્જાવાના અહેવાલ પણ આવતા રહે છે ત્યારે ડાંગ જિલ્લાના સાપુતારામાં માલેગાંવ ઘાટ નજીક એક ખાનગી બસને અકસ્માત નડ્યો હોવાની જાણકારી મળી છે. આ બસમાં ચારધામ યાત્રાએથી પાછા આવતા શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. જેમાંથી પાંચ શ્રદ્ધાળુઓના મોત નિપજ્યાંના અહેવાલ છે જ્યારે અનેક લોકો ઘાયલ છે.

માહિતી અનુસાર આ બસમાં કુલ 50 જેટલાં શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. માલેગાંવ ઘાટ નજીક ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી નિયંત્રણ ગુમાવતા અકસ્માત સર્જાયાના અહેવાલ છે. બસમાં મધ્યપ્રદેશના ગુનાથી 50 જેટલાં શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. મૃતકોમાં બે મહિલા અને ત્રણ પુરુષો સામેલ છે. આ અકસ્માત વહેલી સવારે ચાર વાગ્યાના સુમારે થયો હોવાની જાણકારી મળી રહી છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિકો તાત્કાલિક ધોરણે બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા અને પોલીસને જાણકારી પણ મોકલી હતી. બસમાંથી પાંચ મૃતદેહો મળી આવ્યા હતા જ્યારે અન્ય ઘાયલોને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## લાઠીદડ ગામે ઢોલ વગાડવા બાબતે બે પરિવાર વચ્ચે બઘડાટી બોલી

(એજન્સી) ભાવનગર । તા. 02

બોટાદ તાલુકાના લાઠીદડ ગામે રહેતા મહેશભાઈ પરમાર ઢોલ વગાડવાનું કામ કરતા હોય ગત તા.૩૧ના રોજ બપોરના સુમારે દીપકભાઈ પરમાર, તેમના પત્ની મુનીબેન, પુત્રી ભાવુ, સાળો લાલા વાઘેલા રિક્ષામાં આવીને ગામમાં લગ્ન તારે ઢોલ વગાડવા જવાનું નથી તેમ કહીને ધમકી અને ગાળો આપી હતી. જો કે, મહેશભાઈએ જયાં ઢોલ વાગડવા જવાનું છે તે તેમના ગ્રાહક હોવાનું કહેતાં ચારેયે એકસંપ કરી રિક્ષામાંથી લાકડાના ધોકા અને લોખંડનો પાઈપ સહિતના હથિયરો સાથે મહેશભાઈ પર હુમલો કર્યો હતો. અને ઢોલ વગાડવા જાય તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે મહેશભાઈએ બોટાદ રૂરલ પોલીસ મથકમાં બે મહિલા સહિત ચાર વિરૃદ્ધ માર મારી, ધમકી આપ્યાની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

જ્યારે સમા પક્ષે લાઠીદડ ગામે આંબેડકરનગર ખાતે રહેતા રમેશભાઇ ઉર્ફે દીપકભાઈ પરમાર તેમનો પુત્ર રાઘવ, ગૌરીબેન વાઘેલા તથા તેમના સાળા લાલજીભાઈ વાઘેલા પુત્રીની સગાઈ જોઈને પરત આવતા હતા ત્યારે શેરીમાં ફરિયાદીની પુત્રી ભાવના અને સસરા ખોડાભાઈ સાથે મહેશ પરમારને ઢોલ વગાડવા બાબતે બોલાચાલી થતી હતી. જેની દાઝ રાખી મહેશ પરમાર, સુભાષ ઉર્ફે શુભમ મોતિભાઈ, કોમલબેન પરમાર તથા પુનીબેન પરમારે ઉશ્કેરાઈને એકસંપ કરી લાકડી વડે તમામ લોકો પર હુમલો કરી ઈજા ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત રમેશભાઈ તથા તેમના પત્ની અને પુત્ર તથા પુત્રીના સાસુ-સસરાને ઈજા થતાં સારવારાર્થે હોસ્પિટલ ખસેડવામાં આઆવ્યા હતા. પોલીસે બન્ને પક્ષે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# ખેડાની 5 પાલિકાની 136 બેઠકો માટે 503 ઉમેદવારોના નામાંકન

## નગરપાલિકાની ચૂંટણીમાં 164 અપક્ષ ઉમેદવારોની દાવેદારી

### ચૂંટણી...

(એજન્સી) નડિયાદ । તા. 02

ખેડા જિલ્લાની પાંચ નગરપાલિકાઓ અને બે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ફોર્મ ભરવાનો આજે અંતિમ દિવસ હતો. ત્યારે શુક્રવારના દિવસ સુધી ૫ નગરપાલિકાની ૧૩૬ બેઠકો માટે અત્યાર સુધી ૨૫૨ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. ત્યારે પાંચે નગરપાલિકાની ચૂંટણી માટે હાલ ૧૬૪ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ ભરી પોતાની દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે કઠલાલ અને કપડવંજની તાલુકા પંચાયતની કુલ ૫૦ બેઠકો માટે ૫૩ ઉમેદવારોએ નામાંકનપત્રો ભરી દીધા છે. ખેડા જિલ્લામાં પાંચ પાલિકાની ચૂંટણી સંદર્ભે અત્યાર સુધીમાં ડાકોરમાં ૧૨૦, ચકલાસીમાં ૧૧૫, મહેમદાવાદમાં ૮૫, મહુધામાં ૫૪ અને ખેડામાં ૧૨૯ ઉમેદવારી ફોર્મ ભરાયા હોવાની માહિતી મળી છે. આમ જિલ્લામાં પાલિકાની ચૂંટણીઓ માટે ૫૦૩ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે.ખેડા જિલ્લાની પાંચ નગરપાલિકા અને બે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તા. ૧૬મી ફેબ્રુઆરીએ યોજાવાની છે. ત્યારે ફોર્મ ભરવાના અંતિમ દિવસ ૩૧ જાન્યુઆરીને શુક્રવાર સુધી મહેમદાવાદ નગરપાલિકાના ૭ વોર્ડની



૨૮ બેઠકો માટે ૪૮ ફોર્મ ભરાયા છે. જ્યારે ડાકોર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ૬૧ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. ચકલાસી નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો માટે ૫૫ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી છે. તો મહુધાના ૬ વોર્ડની ૨૪ બેઠકો માટે ૧૩ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા છે. ખેડા નગરપાલિકાના ૭ વોર્ડ માટેની ૨૪ બેઠકો પર સૌથી વધુ ૭૫ ઉમેદવારોએ દાવેદારી કરી છે. આમ, ૫ પાલિકાની સામાન્ય ચૂંટણીમાં કુલ ૧૩૬ બેઠકો માટે ૨૫૨ ઉમેદવારોએ શુક્રવાર સુધી ફોર્મ જમા કરાવી ચૂક્યા છે. આ તરફ કપડવંજ નગરપાલિકાની બે બેઠકો પર પેટા ચૂંટણી છે, જેમાં હજુ માત્ર ૧ જ ઉમેદવારે ફોર્મ ભર્યું છે. કપડવંજ અને કઠલાલ તાલુકા પંચાયતની વાત કરીએ તો કપડવંજ તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે શુક્રવાર સુધી ૨૯ ઉમેદવારોએ દાવેદારી કરી છે. તો કઠલાલ તાલુકા પંચાયતની ૨૪ બેઠકો માટે ૨૪ દાવેદારોએ ફોર્મ ભરી દીધા છે. એટલે બે તાલુકા પંચાયતની ૫૦ બેઠકો પરની સામાન્ય ચૂંટણી માટે અત્યાર સુધી ૫૩ ફોર્મ ભરાયા છે. જ્યારે મહેમદાવાદની મોદજ અને હલધરવાસ બેઠક પર પેટા ચૂંટણી હોવાથી તેમાં પાંચ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

### ડાકોર પાલિકા માટે ૧૨૦માંથી ૮૫ અપક્ષ ઉમેદવારોએ ઝંપલાવ્યું

ડાકોર નગરપાલિકાની ૨૮ બેઠકો માટેની ચૂંટણી અંગે કુલ ૧૨૦ ફોર્મ ભરાયા હોવાનું જાણવા મળ્યું છે. જેમાં ભાજપે મેન્ડેટથી જાહેર કરેલા ૨૮ ઉમેદવારો, કોંગ્રેસના ૭ અને અપક્ષના ૮૫ ઉમેદવારોએ નામાંકનપત્ર ભરી દાવેદારી નોંધાવી છે.

### તાલુકા પંચાયતમાં કોંગ્રેસના 30 અને ભાજપના એક ઉમેદવારે ફોર્મ ભર્યું

કઠલાલ અને કપડવંજની તાલુકા પંચાયતની ચૂંટણીમાં ફોર્મ ભરવામાં કોંગ્રેસ અગ્રેસર રહી છે. કપડવંજમાં ૯ અને કઠલાલમાં ૨૧ ઉમેદવારોએ કોંગ્રેસના મેન્ડેટ સાથે ફોર્મ ભર્યા છે. જ્યારે કઠલાલમાં ભાજપ તરફથી એક ઉમેદવારે ફોર્મ ભર્યુ છે. હજુ આજે શનિવારે ફોર્મ ભરાઈ રહ્યા છે, જેથી આજે પણ બંને મુખ્ય પક્ષો તરફથી ઉમેદવારો ફોર્મ ભરી રહ્યા હોવાની માહિતી મળી છે.

### ત્રણ પાલિકામાં ભાજપના ૬૯ અને કોંગ્રેસના માત્ર પાંચ જ ઉમેદવાર

ભારતીય જનતા પાર્ટીએ ખેડા, મહેમદાવાદ, ચકલાસી નગરપાલિકાઓની ચૂંટણી માટે મેન્ડેટ જાહેર કર્યા છે. જેમાં અત્યાર સુધી ખેડા નગરપાલિકામાં ભાજપના ૨૬, ચકલાસીમાં ૨૪, મહેમદાવાદમાં ૧૯ દાવેદારોએ ફોર્મ ભરી દીધા છે. જ્યારે ખેડા નગરપાલિકામાં કોંગ્રેસ તરફથી ૫ ઉમેદવારોએ દાવેદારી કરી છે. આ સિવાય પાંચ પાલિકાની ચૂંટણીમાં સૌથી વધુ ૧૬૪ અપક્ષ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

## ગાળો આપવા મુદ્દે મહુવામાં મારામારી સર્જાઈ: ત્રણને ઈજા

(એજન્સી) ભાવનગર । તા. 02

મહુવાના નુતનનગર વિસ્તારમાં ગઈકાલે બપોર બાદ ગાળો આપવા મુદ્દે સર્જાયેલી મારામારીમાં ત્રણ લોકોને ઈજા પહોંચાડયાની ૪ મહિલા સહિત ૧૧ શખ્સો સામે મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મહુવાના કુબેરબાગ પાછળ નુતનનગર વિસ્તારમાં રહેતા તકીરજા નુરઅલી વસાયાએ મહુવા પોલીસ મથકમાં મુસ્તુફા, રૂસ્તમ અકબર, ઈરફાન, રફીક, અકબર સૈયદ, આફતાબ, આફતાબના મિત્ર, નુરજહાબેન રફીકમીયા, મમતાજબેન ઈરફાનમીયા, નસીમબેન રૂસ્તામ મૈયા, રફીકમીયાની દિકરી ઈસરત વિરૃદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તેમના ભત્રીજાને ઉક્ત મુસ્તુફા અને રૂસ્તમ અકબર અપશબ્દો કહેતો હોય તેથી તેઓ તથા તેમના મોટા ભાઈ અલીભાઈ ઠપકો આપવા જતાં ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી તમે વારંવાર અમારા વિરૂદ્ધમાં પોલીસ ફરિયાદ કરો છો તેમ કહી તેમને તથા તેમના ભત્રીજા સાફીન અને તેમના મોટાભાઈને અપશબ્દો કહી 'તમે હોય એટલા આવી જાવ, આજે તો તમને જાનથી મારી નાખવા છે' તેમ કહી ઉક્ત લોકોએ લોખંડના પાઈપ, ધોકા તેમજ ઢીકાપાટુનો માર મારી તેમને તથા તેમના ભત્રીજા સાફિન અને તેમના મોટાભાઈ અલીભાઈને ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મહુવા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે.

**વૃષભ (બ,વ,ઉ)**
આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.

**કર્ક (ડ,હ)**
મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે.

**સિંહ (મ,ટ)**
આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. ફેશન તમારા જીવનમાં ભવ્ય લય છે.

**કન્યા (પ,ઠ,ણ)**
તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

**તુલા (ર,ત)**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.

**વૃશ્ચિક (ન,ય)**
સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**ધન (ભ,ધ,ફ)**
ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે.

**મકર (ખ,જ)**
તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ)**
તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

# ટેક્સ ચોરી કરનારા એલર્ટ થઈ જાઓ! 'ટેક અને ટ્રેસ મિકેનિઝમ' તમારી પોલ ખોલી શકે!

(એજન્સી) મુંબઈ | તા 02

કેન્દ્ર સરકાર દ્વારા ગઈકાલે રજૂ થયેલા કેન્દ્રીય બજેટમાં સરકાર દ્વારા જીએસટી કાઉન્સિલની કેટલીક કાયદાકીય ભલામણોના આધારે ફેરફારો સૂચવવામાં આવ્યા છે. જેમાં કેટલીક ચીજવસ્તુઓને ધ્યાનમાં લેતાં વ્યાપક કરચોરી ઘટાડવા તેમજ કોર્ટ કેસો સંબંધિત કાયદાકીય બાબતો ઉપર ફોકસ કરવામાં આવેલ છે. તદુપરાંત વેપારીઓની મુશ્કેલીઓ દુર કરવા માટે પણ જીએસટી કાયદામાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. વેપારી શોપિંગ મોલનું બાંધકામ કરે છે અને ત્યારબાદ તે જુદા જુદા વ્યક્તિઓને ભાડે કે લીઝની શરતોએ વાપરવા આપે છે. તેણે સિમેન્ટ, સ્ટીલ, રેતી એલ્યુમિનિયમ વાપર, પ્લાયવુડ, વગેરેની ખરીદી કરવા ઉપરાંત આર્કિટેકટ, કન્સલ્ટન્સી તેમજ લીગલ સેવાઓ મેળવી હતી. આ તમામ ઈનપુટ અને ઈનપુટ સેવાઓ ઉપર તેણે વેરો ચૂકવ્યો હતો. તેમની રૂ 34 કરોડ જેટલી વેરાશાખ જમા થઈ હતી. પરંતુ જીએસટીના અધિકારીઓ દ્વારા તેઓની શાખ કલમ 17(5)(ડી) ની જોગવાઈઓ મુજબ મંજૂર કરી ન હતી. આપણે જાણીએ છીએ કે કલમ 17 (5) (ડી)ની જોગવાઈઓ મુજબ પ્લાન્ટ અને મશીનરી સિવાય સ્થાવર મિલકતના કિસ્સામાં આઈટીસી મળવાપાત્ર નથી.

## જીએસટી કાયદામાં થયેલા ફેરફારો




1. ગતમહિને પાંચ તારીખે રજૂ કરાયેલા જાહેરનામા ક: 4 હેઠળ સરકાર દ્વારા ગુટખા, તમાકુ, પાન મસાલા જેવી વિવિધ ચીજો માટે જીએસટીની કલમ 148 હેઠળ પેકિંગ મશીનરી અને ઉત્પાદનની વિગતો તેમજ ચાર્ટર્ડ એન્જીનીયરનું પ્રમાણપત્ર ઠરાવેલ ફોર્મ SRM-VIIII જમા કરવાનું ફરમાન છે. હવે કેટલીક ચીજ વસ્તુઓમાં થતી કરચોરી અટકાવવા માટે જીએસટીના કાયદાની નવી સુચિત કલમ 148-એમાં સરકારને એવી સત્તાઓ આપવામાં આવશે કે જેનાથી ટ્રેક અને ટ્રેસ મિકેનિઝમ' શરૂ કરવામાં આવે અને જરૂર પડે અને કરચોરીની સંભાવના વધારે હોય તેવા ગુડઝ પેકેટ ઉપર તમામ જરૂરી વિગતો વાળું એક યુનિક આઈડેન્ટિફિકેશન માર્કિંગ લગાડવામાં આવે અને ત્યારબાદ તેને છેકથી છેક ટ્રેક કરવામાં આવે જેથી કરચોરી ઘટાડી શકાય. આવો માર્ક ઉખાડી ન શકાય. આ અંગેના નિયમો ટૂંકસમયમાં જાહેર થશે. આ પદ્ધતિના અમલ માટે માલ સપ્લાયર, વહન કરનારા અને સંગ્રહ કરનારાનો રેકોર્ડ બનાવવાનો રહેશે. તેમજ તેમાં જરૂરી માહિતી પૂરી પાડવાની રહેશે. આ કલમની જોગવાઈઓનો અમલના થવાના કિસ્સામાં દંડકીય કાર્યવાહી કરી શકાય તે માટે કાયદામાં નવી કલમ 122-બી ઉમેરવામાં આવશે. તે મુજબ કાયદામાં ઠરાવેલ અન્ય દંડ ઉપરાંત રૂ એક લાખ અથવા વેરાના 10% જેટલી રકમ, એ બે પૈકી જે રકમ વધુ હશે તેટલો દંડ વેપારીએ ભરવાનો થશે..

2. જ્યારે કલમ 129 ને લગતા કોઈ આદેશમાં માત્ર દંડ આકારવામાં આવેલ હોય ત્યારે તેની પ્રથમ અપીલ ફાઈલ કરવાના કિસ્સામાં ડાઉન પેમેન્ટની રકમ ઘટાડવાની ભલામણ જીએસટી કાઉન્સિલ દ્વારા કરવામાં આવી છે. હવે, વેપારીએ આ માટે માત્ર 10% રકમ ભરવાની રહેશે. પરંતુ કેટલાક લોકો એવું અર્થઘટન કરી રહ્યા છે કે 129 સિવાયના કેસોમાં પણ ઓછામાં ઓછા 10% ભરવાના રહેશે. જે અર્થઘટન એટલા માટે પણ સાચું માનવાપાત્ર જણાતું નથી. કારણકે કાયદામાં હાલ એવી કોઈ જોગવાઈ નથી.

3. જ્યારે કોઈ કિસ્સામાં વેરી ઉઘરાવવાનો ન થતો હતો અને ઉઘરાવેલો હોય તો હવે તેનું રિફંડ મળવાપાત્ર થશે નહીં.

4. અનુસૂચી-3ના ફકરા 8 પછી નવી પેટા-એન્ટ્રી (ચચ) દાખલ કરવી, તે મુજબ નિકાસ થાય કે ડોમેસ્ટિક ટેરીફ એરિયામાં વેચાય તે પહેલાં ફ્રી-ટ્રેડ ઝોનમાં વેરહાઉસ કરેલ હોય ગુડ્ઝનો કોઈ વ્યક્તિને સપ્લાય કરવામાં આવે તો તેના ઉપર વેરો લાગશે નહી.

5. સુપ્રીમ કોર્ટના સફારી રીટ્રીટસના ચુકાદાનો લાભ નહીં મળે : આપણે જાણીએ છીએ કે નામદાર સુપ્રીમ કોર્ટે આ કેસ નામદાર ઓડીશા હાઈકોર્ટને રિમાન્ડ કરેલી અને શોપિંગ મોલના બાંધકામનો સમાવેશ કલમ 17(5)(A) મુજબ 'પ્લાન્ટ'માં થાય કે કેમ તે નક્કી કરવા જણાવેલ. હવે તાજેતરની 55મી જીએસટી કાઉન્સીલની બેઠકમાં ચર્ચા અને ભલામણ થયા મુજબ જીએસટીની કલમ 13(5)(ડી)માં ડ્રાફ્ટિંગ તબકકે રહેલ ક્ષતિ જૂની તારીખ એટલે 1.7.2027થી અમલી થાય તે રીતે દુર કરવાનું વિચાર્યું છે. આમ હવે કેટલાક વિવાદોનો અંત આવશે પરંતુ રિયલ એસ્ટેટના ધંધાર્થીઓને આ જોગવાઈ નહિ ગમે. હવે તેઓને પ્લાન્ટની વેરાશાખ મળવાપાત્ર રહેશે નહીં. જીએસટી હેઠળ સ્થાવર મિલકતના બાંધકામના કિસ્સામાં વપરાયેલ ઈનપુટસ ઉપર વેરા શાખ મળે કે નહીં તે અંગે સૌ કોઈ નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા.

અંતે તારીખ 03.10.2024ના રોજ સુનાવણી થયેલા કેસ ચીફ કમિશનર ઓફ સીજીએસટી વિરુદ્ધ સફારી રીટ્રીટસ પ્રાઈવેટ લિમિટેડ (CIVIl Appeal No. 2948 of 2023)માં અગાઉ આ વેપારીના કેસમાં નામદાર ઓડીશા હાઈકોર્ટે વેપારીની તરફેણમાં ચુકાદો આપેલ હતો. વેપારી શોપિંગ મોલનું બાંધકામ કરે છે અને ત્યારબાદ તે જુદા જુદા વ્યક્તિઓને ભાડે કે લીઝની શરતોએ વાપરવા આપે છે. તેણે સિમેન્ટ, સ્ટીલ, રેતી એલ્યુમિનિયમ વાપર, પ્લાયવુડ, વગેરેની ખરીદી કરવા ઉપરાંત આર્કિટેકટ, કન્સલ્ટન્સી તેમજ લીગલ સેવાઓ મેળવી હતી. આ તમામ ઈનપુટ અને ઈનપુટ સેવાઓ ઉપર તેણે વેરો ચૂકવ્યો હતો. તેમની રૂ 34 કરોડ જેટલી વેરાશાખ જમા થઈ હતી. પરંતુ જીએસટીના અધિકારીઓ દ્વારા તેઓની શાખ કલમ 17(5)(ડી) ની જોગવાઈઓ મુજબ મંજૂર કરી ન હતી. આપણે જાણીએ છીએ કે કલમ 17 (5) (ડી)ની જોગવાઈઓ મુજબ પ્લાન્ટ અને મશીનરી સિવાય સ્થાવર મિલકતના કિસ્સામાં આઈટીસી મળવાપાત્ર નથી.

# નાણામંત્રી નિર્મલાના બજેટમાં રેલવેનો ઉલ્લેખ જ નહીં, ફંડની ફાળવણીમાં 1 રૂપિયો પણ ન વધાર્યો

(એજન્સી) મુંબઈ | તા 02



વર્ષો સુધી અલગ રજૂ થતા રેલવે બજેટને વર્ષ 2017માં તત્કાલીન નાણામંત્રી અરૂણ જેટલીએ કેન્દ્રના બજેટમાં ભેળવી દીધું હતું. આ પછી દર વર્ષે બજેટના ભાષણમાં રેલવેને થતી ફાળવણી અને રેલવેની નવી યોજનાઓ અને સુવિધા અંગે જાહેરાત થતી આવતી હતી. જોકે શનિવારે રજૂ થયેલા બજેટમાં રેલવેની ફાળવણી અંગે કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. આ બજેટ ભાષણમાં રેલવે શબ્દનો ઉલ્લેખ માત્ર બે વાર થયો છે અને બન્ને વખતે રેલવેને લગતા ટેક્સમાં ફેરફાર અંગે જ છે. જોકે બજેટ સાથેના દસ્તાવેજોમાં રેલવે અંગેની જાણકારી ઉપલબ્ધ બને છે. આ દસ્તાવેજ રેલવેની ફાળવણીમાં સરકારે એક પણ રૂપિયાનો વધારો કર્યો નથી. જુલાઈમાં રજૂ થયેલા બજેટમાં રૂ.2.65 લાખ કરોડના મૂડીરોકાણની જાહેરાત કરવામાં આવી હતી. બજેટ 2025-INDIAN 26માં પણ મૂડીરોકાણ માટે આટલી જ રકમની ફાળવણી કરવામાં આવી છે. બજેટ સિવાય બહારથી ઉપાડવામાં આવતી રકમ પણ રૂ.10,000 કરોડ ઉપર સ્થિર રાખવામાં આવી છે. રેલવે બજેટમાં મૂડીરોકાણની વિગતો જાહેર કરવામાં આવી છે પણ ક્યાં રેલવે રૂટ ઉપર, કઈ નવી ટ્રેન કે મુસાફર સેવાઓ એ અંગે કોઈપણ વિગતની જાહેરાત કરવામાં આવી નથી માત્ર ફાળવવામાં આવેલી રકમની જ જાહેરાત છે.




# જો રૂ. 12 લાખ સુધીની આવક પર કરમુક્તિ તો આ 10%નો સ્લેબ કેમ? સરળ ભાષામાં સમજો

(એજન્સી) મુંબઈ | તા 02

નાણાંમંત્રી નિર્મલા સીતારામણે શનિવારે (પહેલી ફેબ્રુઆરી) સંસદમાં 2025-26ના વર્ષનું બજેટ રજૂ કર્યું હતું. જેમાં વાર્ષિક 12 લાખ રૂપિયા સુધીની આવક ધરાવનારા કરદાતાઓને એક પણ રૂપિયો ટેક્સ ન ભરવો પડે તેવી જોગવાઈ દાખલ કરી દીધી છે. પરંતુ લોકોના મનમાં આ અંગે ઘણાં સવાલો છે. જેમ કે, જો કોઈનો વાર્ષિક પગાર 13 લાખ રૂપિયા છે, તો તેના પર કેટલો ટેક્સ લાગશે? આ સાથે, સૌથી મોટી મૂંઝવણ એ છે કે જો 12 લાખ રૂપિયા સુધીની આવક પર કરમુક્ત આપવામાં આવે છે, તો શું ફક્ત 1 લાખ રૂપિયા પર જ કર ચૂકવવો પડશે? તો તેનો જવાબ ના છે. લોકોનો એક સવાલ એ પણ છે કે જો વાર્ષિક પગાર 13 લાખ રૂપિયા હોય, તો શું 15 ટકા ટેક્સ ચૂકવવો પડશે? તો આનો જવાબ પણ ના છે. આ ઉપરાંત અન્ય એક સવાલ એ પણ છે કે જ્યારે 12 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત છે, તો પછી સરકારે આ સ્લેબ સિસ્ટમ કેમ આપી છે, 4થી 8 લાખ રૂપિયાની આવક પર 5 ટકા, 8થી 12 લાખ રૂપિયા પર 10 ટકા આવકવેરો કેમ?

### આ બધાં સવાલોના જવાબ

જો તમારો વાર્ષિક પગાર 13 લાખ રૂપિયા છે અને તેને ટેક્સ સ્લેબ અનુસાર, 4 ભાગમાં વહેંચવામાં આવ્યો છે. પહેલા 4 લાખ, બીજા 4 લાખ, ત્રીજા ચાર લાખ અને છેલ્લે બાકીના એક લાખ રૂપિયા. પહેલા ચાર લાખ રૂપિયા પર કોઈ ટેક્સ નથી. હવે, 4થી 8 લાખ રૂપિયાના આગળના ભાગ પર 5 ટકા ટેક્સ લાગશે, જેનો અર્થ એ થયો કે આના પર 20 હજાર રૂપિયા હશે. હવે 8થી 12 લાખ રૂપિયાની રકમ પર 10 ટકા ટેક્સ લાગશે. જે લગભગ 40 હજાર રૂપિયા હશે. હવે છેલ્લા એક લાખ રૂપિયા બાકી છે. આ એક લાખ રૂપિયા પર 15 ટકા ટેક્સ લાગશે, જે 15 હજાર રૂપિયા થાય છે. હવે જો આપણે આખી રકમ પર લાગુ પડતો ટેક્સ ઉમેરીએ તો તે 75 હજાર રૂપિયા થશે. એટલે કે વાર્ષિક 13 લાખ રૂપિયાની આવક ધરાવતા લોકોએ 75 હજાર રૂપિયા ટેક્સ ચૂકવવા પડશે.

# બજેટમાં પ્લેટીનમની ઈમ્પોર્ટ ડ્યુટીમાં ઘટાડો

**જ્વેલરીના ઘટકો (આર્ટીકલ્સ) તથા ઘડવાના સાધનોની ઈમ્પોર્ટ ઑડ્યુટી ઘટી**




કેન્દ્રના નાણાંપ્રધાને આજે રજૂ કરેલા બજેટમાં કિંમતી ધાતુઓ વિષયક વિવિધ દરખાસ્તો રજૂ કર્યાના નિર્દેશો મળ્યા હતા. પ્લેટીનમ ફાઈન્ડીગ (નાના ટુકડાઓ) પરની ઈમ્પોર્ટ ડ્યુટી ૨૫ ટકાથી ઘટાડી નાણાંપ્રધાને ૬.૪૦ ટકા કર્યાના સમાચાર આવ્યા હતા. આ ઉપરાંત જ્વેલરીના આર્ટીકલ્સ તથા પાર્ટસ તથા દાગીના ઘડવાના સાધનોની ઈમ્પોર્ટ ડ્યુટી ૨૫થી ઘટી ૨૦ ટકા કરાઈ છે. દરમિયાન, જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના જણાવ્યા મુજબ પ્લેટીનમની ડ્યુટી ઘટતાં વપરાશકારોને નવા એફોર્ડેબલ જ્વેલરીના વિકલ્પો ઉપલબ્ધ બનશે. દરમિયાન, નાણાંપ્રધાને ચેપ્ટર ૭૧ હેઠળ નવી ટેરીફ આઈટમોમાં બદલાવ કરવાના સંકેતો આપ્યા છે. સેકશન ૭૧૦૬, ૭૧૦૮ તથા ૭૧૧૦ હેઠળ વિવિધ કિંમતી ધાતુઓમાં ૯૯.૯૦ તથા ૯૯.૫૦ની શુધ્ધતા ધરાવતી ધાતૂઓની ટેરીફના માળખાઓ શુધ્ધતા મુજબ ફેરફારો ૧લી મેથી કરાશે એવા નિર્દેશો મળ્યા હતા.

**જ્વેલરીના આર્ટીકલ્સ તથા પાર્ટસ તથા દાગીના ઘડવાના સાધનોની ઈમ્પોર્ટ ડ્યુટી ૨૫થી ઘટી ૨૦ ટકા કરાઈ છે.**

જોકે આ વિશે હજી બજારના જાણકારો વધુ વિગતની રાહ જોઈ રહ્યા હતા. સરકાર તરફથી આ પ્રશ્ને સ્પષ્ટતા શું આવે છે તેના પર નજર રહી છે. મે મહિનાથી શુધ્ધ સોનાની ડ્યુટી ઉંચી જવાની શક્યતા જાણકારો બતાવતા હતા. જોકે આ પ્રશ્ને પણ સ્પષ્ટતા ટૂંકમાં થઈ જવાની શક્યતા બજારના જાણકારો બતાવતા હતા. દરમિયાન, તાજેતરમાં દેશમાં સોનાની આયાતના આંકડા સરકારે વધુ પડતા બહાર પાડયા હતા પરંતુ ત્યારબાદ એવું બહાર આવ્યું હતું કે હકીકતમાં આવી આયાત ઓછી થઈ હતી. આના પગલે હવે નાણાંપ્રધાને ટેરીફ સેકશન ૭૧૧૩માં ફેરફારો હાથ ધરતાં ભવિષ્યમાં આવી ભુલ ના થાય એવી તકેદારી રાખવામાં આવી છે.

# Mahakumbh 2025માં રિલાયન્સ ગ્રુપ લાખો યાત્રાળુઓની સેવામાં સમર્પિત: અનંત અંબાણી

(એજન્સી) મુંબઈ | તા 02

ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર જળના પ્રયાગરાજના સંગમ તટે લાખો લોકો મહાકુંભ 2025ની આધ્યાત્મિક યાત્રાએ આવી રહ્યા છે. સ્વ-ની શોધ અને દૈવી કૃપા માટે જીવનમાં એકવાર આવેલી આ યાત્રારૂપી તક ઘણા લોકો માટે પડકારરૂપ બની શકે છે. આ સ્થિતિને ધ્યાને રાખીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 'તીર્થ યાત્રી સેવા' શરૂ કરી છે, જે યાત્રાળુઓની યાત્રાને સરળ બનાવવા તેમજ તેમની સુખાકારી સુનિશ્ચિત કરવા માટેની એક વ્યાપક પહેલ છે. પોતાની 'વી કેર' ફિલસૂફી દ્વારા માર્ગદર્શન પામીને રિલાયન્સ યાત્રાળુઓને પૌષ્ટિક ભોજન અને આવશ્યક આરોગ્ય સંભાળથી લઈને સુરક્ષિત પરિવહન અને સીમલેસ કનેક્ટિવિટી સુધીની અનેક સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. એવું કહેવાય છે કે જ્યારે આપણે તીર્થયાત્રીઓની સેવા કરીએ છીએ, ત્યારે આપણને પણ આશીર્વાદ મળે છે. આધ્યાત્મિક યાત્રા પર ગયેલા યાત્રીઓ માટે અમારી સેવાઓ, સહસ્ત્રાબ્દીમાં એક વખત આવતા આ પ્રસંગમાં અહીં આવનારા લોકોમાંથી સૌથી વધુ જરૂરિયાતમંદ લોકોની જરૂરિયાતો પૂરી કરવાનો હેતુ ધરાવે છે તેમ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ડાયરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું હતું. વધુમાં અનંત અંબાણીએ કહ્યું કે 'વી કેર' ફિલસૂફીમાં અમે માનીએ છીએ. વિશ્વના સૌથી મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગ એવા મહાકુંભમાં લાખો યાત્રાળુઓના સ્વાસ્થ્ય, કલ્યાણ અને સલામતીને સક્ષમ બનાવવા અને તેમની મુસાફરીને વધુ સુરક્ષિત, અનૂકૂળ અને સરળ બનાવવાની અમને મળેલી આ તક છે. વ્યક્તિની દૈનિક જરૂરિયાતના ભાગરૂપે રિલાયન્સ તેના અન્ના સેવા કાર્યક્રમ દ્વારા દરરોજ હજારો યાત્રાળુઓને ગરમ અને પૌષ્ટિક ભોજન પૂરું પાડે છે.

## વર્ચ્યુલ ડિજિટલ એસેટસના વહીવટને ફાઈનાન્સ બિલમાં સમાવી લેવાનું પગલું હકારાત્મક

# ક્રિપ્ટો કરન્સીના ચાહકોની આશા પર નિર્મલાએ પાણી ફેરવ્યું

(એજન્સી) મુંબઈ | તા 02



ક્રિપ્ટો કરન્સીસના વેપાર પરની વેરા પદ્ધતિમાં બદલાવ અને વેરા દરમાં ઘટાડો થાય તેવી દેશના ક્રિપ્ટો ખેલાડીઓની અપેક્ષા પૂરી થઈ નથી ઊલટાનું નાણાં પ્રધાને ક્રિપ્ટો એસેટસના વેપારની માહિતી પૂરી પાડવાની સંબંધિત હિસ્સેદારો પર જવાબદારી લાદી છે. જોકે વર્ચ્યુલ ડિજિટલ એસેટસના વહીવટને ફાઈનાન્સ બિલમાં સમાવી લેવાની દરખાસ્ત હકારાત્મક હોવાનો મત વ્યકત કરાયો છે. નાણાં પ્રધાને રજૂ કરેલા બજેટમાં આવક વેરા ધારામાં સુધારો કરવાની દરખાસ્ત રજૂ કરી છે જે હેઠળ ક્રિપ્ટો એકસચેન્જો સહિત ક્રિપ્ટો ટ્રેડરોએ ક્રિપ્ટો એસેટસના કરાતા ટ્રાન્ઝકશનની માહિતી પૂરી પાડવાની રહેશે. ક્રિપ્ટોકરન્સીને સરકારે હજી સુધી માન્યતા નથી આપી પરંતુ સરકાર આ વર્ચ્યુઅલ કરન્સીઓ પરથી નજર નથી હટાવવા માંગતી અને તેનો વ્યાપ ભારતમાં નથી વધવા દેવા માંગતી. ક્રિપ્ટોકરન્સી પર ફોકસ વધારતા સરકારે બજેટ ૨૦૨૫માં આવકવેરા અધિનિયમ, ૧૯૬૧માં નવી કલમ ઉમેરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો છે. ભારતમાં ક્રિપ્ટો એક્સચેન્જ અને રોકાણકારોએ ફરિજ્યાતપણે ક્રિપ્ટો એસેટ ટ્રાન્જેક્શનની માહિતી સરકારને આપવી પડશે. સરકારે ગત બજેટમાં લાગુ કરેલો ૩૦ ટકાનો ટેક્સ આ નવા બજેટમાં પણ યથાવત રાખ્યો છે. ક્રિપ્ટો એસેટ રિપોર્ટિંગ ફ્રેમવર્કના હેતુ માટે બાવન સુસંગત જ્યુરિસ્ડીકશનની યાદીમાં ભારતના સમાવેશને ધ્યાનમાં રાખી આ દરખાસ્ત આવી પડી છે. વર્ચ્યુલ ડિજિટલ એસેટસના વેરા માળખાને વ્યવહારુ બનાવાશે તેવી અપેક્ષા રખાતી હતી પરંતુ તે ફળીભૂત થઈ નથી એમ ક્રિપ્ટો ઈન્વેસ્ટમેન્ટ પ્લેટફોર્મ કોઈનસ્વીચના સુત્રોએ નિરાશ સ્વરે જણાવ્યું હતું. જો કે ક્રિપ્ટોસના વહીવટને ફાઈનાન્સ બિલમાં સમાવી લેવાનું પગલું નિયમનકારી સ્પષ્ટતા તરફનું હોવાનું તેમણે ઉમેર્યું હતું. ક્રિપ્ટોના વેપાર મારફતના નફા પર ૩૦ ટકા જેટલો ઊંચો ટેક્સ એક સૌથી મોટી નિરાશાજનક બાબત હોવાનું બજેટ પૂર્વે હાથ ધરાયેલા સર્વેમાં ક્રિપ્ટોસ ખેલાડીઓએ મત વ્યકત કર્યો હતો. ૨૦૨૨થી ક્રિપ્ટો વેપાર ઊંચા ટેકસને કારણે વેપાર વોલ્યુમમાં જંગી ઘટાડો થયો છે. ક્રિપ્ટોના વેપાર મારફત થતા નફા પર વસૂલવામાં આવતા ૩૦ ટકા ટેક્સ અને ટ્રાન્ઝકશન્સ પરનો ૧ ટકા ટીડીએસ બજેટમાં ઘટાડવો જોઈએ એમ ૮૫ ટકા લોકોએ મત વ્યકત કર્યો હોવાનું સર્વે રિપોર્ટમાં અગાઉ જણાવાયું હતું. વિશ્વમાં ક્રિપ્ટોસના સ્વીકારમાં ભારત પણ આગેવાન રહ્યું છે, પરંતુ વેરાબોજને કારણે દેશના ખેલાડીઓ વિદેશના એકસચેન્જો પર વેપાર કરી રહ્યા છે, જેને કારણે પારદર્શીતા રહેતી નથી અને ઘરઆંગણે ક્રિપ્ટો કરન્સીસનો વિકાસ અપેક્ષા પ્રમાણે જોવા મળતો નથી.

# શાકભાજી-ફળોની કિંમતો પર આવશે અંકુશ! બજેટમાં સરકારે જણાવ્યો પ્લાન

(એજન્સી) મુંબઈ | તા 02

કેન્દ્ર સરકારે બજેટની જાહેરાત કરી છે. આ બજેટને રાહત આપનારુ બજેટ લોકો ગણાવી રહ્યા છે. મધ્યમ વર્ગ માટે 12 લાખ રૂપિયા સુધીની આવક કરમુક્ત કરીને, સરકારે કરોડો લોકોને ખુશ કરવામાં સફળતા મેળવી છે. પરંતુ એટલું જ નહીં, સરકાર બજેટમાં મોંઘવારીના મોરચે ગરીબ લોકોને થોડી રાહત આપવા માટે કેટલાક પ્રયાસો કરી રહી હોય તેવું લાગે છે. આવો જાણીએ કેવી રીતે... એક તરફ, કઠોળના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા માટે, આબોહવા અનુસાર બીજ વિકસાવવા અને ઉત્પાદનના સંગ્રહ પર ધ્યાન કેન્દ્રિત કરવાની પહેલ કરવામાં આવી છે. તો બજેટ વિશે સૌથી રસપ્રદ અને મહત્વપૂર્ણ માહિતી એ છે કે સરકારે મોંઘા શાકભાજી અને ફળોના ભાવને નિયંત્રિત કરવા માટે એક યોજના તૈયાર કરવાની વાત કરી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટ ભાષણમાં કહ્યું હતું કે હવે દેશના લોકો તેમની પોષણ જરૂરિયાતો પ્રત્યે જાગૃત થઈ રહ્યા છે તે ખૂબ જ પ્રોત્સાહક છે. જે સમાજમાં સ્વસ્થતાની નિશાની છે. નાણામંત્રીએ એમ પણ કહ્યું કે જેમ જેમ લોકોની આવકનું સ્તર વધી રહ્યું છે તેમ તેમ શાકભાજી અને ફળોનો વપરાશ પણ વધી રહ્યો છે. નાણામંત્રીએ જણાવ્યું હતું કે મોદી સરકાર આ શાકભાજી અને ફળોનું ઉત્પાદન વધારવા, તેમના અસરકારક પુરવઠા, પ્રક્રિયા અને ખેડૂતો માટે નફાને પ્રોત્સાહન આપવા માટે એક વ્યાપક કાર્યક્રમ શરૂ કરશે. આ કાર્યક્રમ રાજ્યોની ભાગીદારીથી અમલમાં મૂકવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું છે કે આના અમલ માટે જરૂરી સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. જેમાં ખેડૂતો અને સહકારી મંડળીઓની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો આ દિશામાં કેટલાક સારા પ્રયાસો કરવામાં આવે તો ફળો અને શાકભાજીના ભાવમાં થોડી રાહત મળી શકે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-05

# ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’નો એક દાયકો



બેટીઓ માત્ર પરિવારનો હિસ્સો નથી, બલ્કે સમાજ અને રાષ્ટ્રના વિકાસનો આધાર છે. તેમ છતાં લાંબા સમયથી બેટીઓ સાથે ભેદભાવ અને અસમાનતાની સમસ્યાઓ આપણા સમાજમાં વ્યાપ્ત રહી. તેને સમાપ્ત કરવા અને બેટીઓના અધિકારોને સુનિશ્ચિત કરવાના ઉદ્દેશ્યથી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા હરિયાણાના પાણીપતથી ‘બેટી બચાઓ-બેટી બઢાઓ’ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આજે આ પહેલને એક દાયકો પૂરો થઈ ગયો છે. ભારતમાં ઘટતા લિંગાનુપાત, કન્યા ભ્રૂણ હત્યા અને બાલિકાઓના શિક્ષણ પર ધ્યાન નહિ આપવા જેવી સમસ્યાઓએ સરકારને આ પ્રકારના અભિયાન શરૂ કરવાની પ્રેરણા આપી. તેના મુખ્ય ઉદ્દેશ્ય બાળ લિંગાનુપાતમાં સુધાર કરવો, બાળકીઓના શિક્ષણને ઉત્તેજન આપવું, મહિલાઓ પ્રત્યે સમાજમાં સકારાત્મક માનસિકતાને પ્રોત્સાહિત કરવી, ભ્રૂણ હત્યા પર રોક લગાવવી છે. એક સશક્ત સમાજનું નિર્માણ કરવા માટે બાળકીઓને આર્થિક, શૈક્ષણિક અને સામાજિક રૂપે મજબૂત બનાવવી પણ તેનું લ-ય છે. આજે કેટલાય જિલ્લામાં બાળ લિંગાનુપાતમાં સુધાર જોવા મળ્યો છે. હરિયાણા, જે પહેલાં બેટીઓ માટે સૌથી ખરાબ સ્થિતિવાળું રાજ્ય હતું, ત્યાં હવે સુધાર થઈ રહ્યો છે. છોકરીઓના સ્કૂલ એડમિશનમાં વૃદ્ધિ થઈ છે. ખાસ કરીને ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં જ્યાં છોકરીઓને સ્કૂલ મોકલવાની પ્રવૃત્તિ ઓછી હતી. આ અભિયાન અંતર્ગત સમાજમાં બેટીઓના મહત્ત્વને લઈને જાગરુકતા વધી છે. ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ નારો દરે ગામ, શહેર અને રાજ્ય સુધી પહોંચ્યો છે. ભ્રૂણ લિંગ તપાસ અને કન્યા ભ્રૂણ હત્યાને રોકવા માટે આકરા કાયદા બનાવવામાં આવ્યા છે. ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ અભિયાને મહિલાઓને સશક્ત બનાવીને સમાજમાં તેમની ભાગીદારીને ઉત્તેજન આપવામાં આવ્યું છે. ચાહે એ ખેલ હોય, વિજ્ઞાન, પ્રશાસન, કે રાજનીતિ હોય, દરેક ક્ષેત્રમાં બેટીઓ આગળ આવી રહી છે. તેમની હાજરી નિરંતર વધી છે. ‘બેટી બચાઓ-બેટી પઢાઓ’ અભિયાને કેટલાય સકારાત્મક બદલાવ કર્યા છે, પરંતુ તેને સંપૂર્ણ સફળ બનાવવા માટે વધુ પ્રયાસની જરૂર છે. જેમ જમીની સ્તર પર બદલાવની ગતિ ધીમી છે, કારણ કે કેટલાય ક્ષેત્રોમાં આજે પણ જૂની રૂઢિઓ અને પિતૃસત્તાત્મક માનસિકતા હાવી છે. હજુ પણ શિક્ષણમાં અસમાનતા જોવા મળી રહી છે. જોકે બેટીઓનું સ્કૂલ એડમિશન વધ્યું છે, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ શિક્ષણ માટે પર્યાપ્ત સંસાધન ઉપલબ્ધ નથી. સમાજમાં માનસિકતાના પરિવર્તનની બહુ આવશ્યકતા છે.

## સંખેડા તાલુકાના કાવિઠા ગામ મુકામે એન.એસ.એસ.દ્વારા સાત દિવસીય વાર્ષિક શિબીર નો સમાપન સમારોહ યોજાયો



કમલેશ પટેલ | સંખેડા

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા સલગ્ન આર્ટસ અને કોમર્સ કોલેજ સંખેડા એન.એસ.એસ.વિભાગ દ્વારા કાવિઠા ગામ મુકામે સાત દિવસીય શિબિર નો સમાપન કાર્યક્રમ યોજાયો તેમાં ગામના સરપંચશ્રી જે.એમ.સોલંકી,પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સુખરામભાઈ રાઠવા, સરકારી આર્ટ્સ અને કોમર્સ કોલેજ નસવાડીના પ્રોગ્રામ ઓફિસરશ્રી યુ.જે ચૌધરી, કોલેજના પ્રિન્સિપાલ શ્રી દિપકભાઈ પટેલ દ્વારા કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું તથા કોલેજના અધ્યાપકશ્રીઓ અને એન.એસ.એસ. ના સ્વયંસેવકો તથા શાળાના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

જેમાં જુદા જુદા સાંસ્કૃતિક પ્રોગ્રામો અને નાટકો રજૂ કરવામાં આવ્યા હતા તથા સામુહિક ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સાત દિવસીય શિબિર અંતર્ગત તા.૨૭/૦૧/૨૦૨૫ થી ૦૨/૦૨/૨૦૨૫ કાવિઠા ગામ મુકામે અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જે અંતર્ગત પ્રથમ દિવસે શિબિરનું ઉદઘાટન સમારોહ કરવામાં આવ્યો હતો મંગલભારતી ના પ્રોગ્રામ ઓફિસર કમલેશભાઈ દ્વારા કાર્યક્રમને અનુરૂપ વક્તવ્ય આપવામાં આવ્યું હતું.અને તે પછી ગામમાં વ્યસન મુક્ત રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. બીજા દિવસે પ્રાથમિક શાળાની સફાઈ,વૃક્ષારોપણ,સેલ્ફ ડિફેન્સ કામ કરવામાં આવ્યા હતા.ત્રીજા દિવસે પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન દ્વારા ગામ સફાઈ, વૃક્ષારોપણ, શાળામાં બાળ શિક્ષણ આપવામાં આવ્યું હતું. ચોથા દિવસે શહિદ દિવસ અંતર્ગત દેશભક્તિ ગીત,સુલેખન,સુવાંચન જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

તથા સામાજિક આર્થિક પરિસ્થિતિ જાણવા ગામનો સર્વે કરવામાં આવ્યો હતો અને ભિંત સૂત્રો લખવામાં આવ્યા હતા. પાંચમા દિવસે લાયન્સ ક્લબ સંખેડા દ્વારા નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. છઠ્ઠા દિવસે ગામમાં કપડા વિતરણ અને શાળાના બાળકોને કીટ આપવામાં આવી હતી તથા સાતમા દિવસે કાર્યક્રમનું સમાપન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. વિભાગની ટીમ અને સ્વયંસેવકો દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

## વડોદરાના માંજલપુરમાં પતિએ પત્નીને મારી ગોળી, 3 લોકો થયા ઈજાગ્રસ્ત...




(એજન્સી) વડોદરા | તા.02

સંસ્કારીનગરી વડોદરામાં ધોળા દિવસે ફાયરિંગની ઘટના સામે આવી છે. શહેરના માંજલપુર વિસ્તારમાં પતિએ પત્નીને ગોળી મારી છે. પતિ હરમીંદર અને પત્ની નીલમબેન વચ્ચે વર્ષોથી મિલકતને લઈને વિવાદ ચાલી રહ્યો છે. પત્ની નીલમબેન આજે જબરજસ્તી પતિના ઘરમાં ઘૂસવા જતા ઉશ્કેરાયેલા પતિએ ફાયરિંગ કર્યું છે. સિંગલ બોરની રાઈફલમાંથી ફાયરિંગ થતાં ત્રણ લોકો ઘાયલ થયા છે.

આ સમગ્ર મામલે હવે પોલીસે ઘટનાસ્થળે પહોંચી છે અને તપાસ શરૂ કરી છે, 30થી 35 વર્ષ જૂના હથિયાર દ્વારા ફાયરિંગ કર્યું હોવાનું પોલીસનું અનુમાન છે. આરોપી હરમિંદર નિવૃત્ત એરફોર્સનો ઓફિસર છે, ફાયરિંગની આ ઘટનામાં હરમીંદરની પત્ની નીલમબેન, નીલમબેનનો સિક્યુરિટી ગાર્ડ અને તાળું તોડવા વાળો વ્યક્તિ ત્રણેય લોકો ઘાયલ થયા છે. હાલમાં આ ત્રણેય વ્યક્તિઓને સામાન્ય ઈજા પહોંચતા સારવાર અર્થે એસએસજી હોસ્પિટલમાં ખસેડાયા છે.

### પોલીસે આરોપી હરમિંદરની કરી ધરપકડ

ફાયરિંગની ઘટના વિશેની જાણકારી મળતા જ એસીપી પ્રણવ કટારીયા ઉપરાંત માંજલપુર પોલીસની ટીમ સ્થળ પર પહોંચી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ સમગ્ર ઘટના મામલે એફએસએલની પણ મદદ લેવામાં આવી રહી છે. પોલીસે હાલ આરોપી હરમીંદરની ધરપકડ કરી છે અને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

## માલવણ કચોલિયાની ઈસ્કોન હોટલ પર બની ઘટના

# સુરેન્દ્રનગર | પાટડીમાં જમીન વિવાદ મામલે વકીલ પર 2 રાઉન્ડ ફાયરિંગ

(એજન્સી) સુરેન્દ્રનગર | તા.02



સુરેન્દ્રનગરમાં વધુ એક વખત ફાયરિંગની ઘટના બની છે. સુરેન્દ્રનગરના પાટડીમાં વકીલ પર બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યો છે અને વકીલને કાર પર પણ હુમલો કરવામાં આવ્યો છે. માલવણ કચોલિયા પાસે આવેલી ઈસ્કોન હોટલ પર વકીલ ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું અને કારમાં તોડફોડ કરીને જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે.

જમીન બાબતમાં વકીલ પર ફાયરિંગ અને હુમલો કરવામાં આવ્યો છે. જો કે રાહતની વાત એ છે કે ફાયરિંગ અને હુમલામાં એડવોકેટ સાજીદ ખાનનો આબાદ બચાવ થયો છે અને ગેડિયાના શખ્સો એડવોકેટ સાજીદ ખાન ઉપર બે રાઉન્ડ ફાયરિંગ અને કાર ઉપર બેસબોલના ધોકા વડે હુમલો કરીને નાસી છૂટ્યા છે. એડવોકેટ સાજીદ ખાનની પાટડી ખાતે પોતાની ઓફિસ આવેલી છે અને કોર્ટમાં પ્રેક્ટિસ કરી રહ્યા છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે અને અવારનવાર ફાયરિંગ અને મારામારીના બનાવો બની છે, ત્યારે લોકોમાં ડરનો માહોલ પણ જોવા મળી રહ્યો છે અને પોલીસની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે. વડોદરામાં ધોળા દિવસે ફાયરિંગની ઘટના સામે આવી છે. શહેરના માંજલપુરમાં પતિએ પત્નીને ગોળી મારી છે. પતિ હરમીંદર અને પત્ની નીલમબેન વચ્ચે વર્ષોથી મિલકતને લઈને વિવાદ ચાલી રહ્યો છે. પત્ની નીલમબેન આજે જબરજસ્તી પતિના ઘરમાં ઘૂસવા જતા ઉશ્કેરાયેલા પતિએ ફાયરિંગ કર્યું છે. સિંગલ બોરની રાઈફલમાંથી ફાયરિંગ થતાં ત્રણ લોકો ઘાયલ થયા છે.

# સુરેન્દ્રનગરનીગાંધીસ્મારકજનરલહોસ્પિટલમાં કલેકટરે રોગી કલ્યાણ સમિતિની બેઠક યોજી

(એજન્સી) સુરેન્દ્રનગર | તા.02



સુરેન્દ્રનગર જિલ્લામાં કલેક્ટર કે. સી. સંપટનાં અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણાની પ્રેરક ઉપસ્થિતિમાં મહાત્મા ગાંધી સ્મારક જનરલ હોસ્પિટલ ખાતે જિલ્લા રોગી કલ્યાણ સમિતિની ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રોગી કલ્યાણ સમિતિના ફંડ, પ્રી - ઓડિટ ખર્ચ, ઈમ્યુનોએસે એનાલાયઝર તથા ફુલ્લી ઓટોમેટીક બાયો કેમેસ્ટ્રી એનાલાયઝર જેવા સાધનોની લેબોરેટરી માટે ખરીદી, લેબોરેટરી ખાતેથી પ્રિન્ટેડ રિપોર્ટ આપી શકાય તે માટે સોફ્ટવેરની ખરીદી તથા સાધનોની ઈન્ટરફેસિંગની કામગીરીની મંજૂરી આપવા માટેની ચર્ચા કરવામાં આવી હતી. ન્યુરોસર્જનની મંજૂરી તેમજ સિલિકોસીસના દર્દીઓ માટે પલ્મોનોલોજીસ્ટ, સિલિકોસીસના દર્દીઓને એચઆરસીટી/સીટી સ્કેન માટે ફ્રી વ્યવસ્થા, પ્રધાનમંત્રી જનઆરોગ્યના કેસો, એન્ટી રેબિસ સિરમનો પૂરતો જથ્થો, ઓપીડી, કેમ્પસ સ્વચ્છતા તેમજ વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવેલી કામગીરી અને વિગતો તેમજ મશીનરી બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

**રોગી કલ્યાણ સમિતિના સભ્યો રહ્યાં હાજર :** નાયબ મુખ્ય દંડક જગદીશભાઈ મકવાણા, નાયબ મ્યુનિસિપલ કમિશનર એસ. કે. કટારા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. બી. ગોહિલ, મુખ્ય જિલ્લા તબીબી અધિકારી ડો. ચૈતન્ય પરમાર, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રતિનિધિ ડો. રાકેશ પટેલ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન કલ્પેશ સંઘવી સહિત જિલ્લા રોગી કલ્યાણ સમિતિના સભ્યો તથા સબંધિત અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**અધિકારીઓને આપી સૂચના :** આ તકે કલેક્ટરે તમામ બાબતોની જાણકારી મેળવી સંબધિત અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા. આ તકે સુરેન્દ્રનગર દુધરેજ વઢવાણ સંયુક્ત નગરપાલિકાનું મહાનગરપાલિકામાં રૂપાંતરિત થવાથી મહાનગરપાલિકાના નાયબ મ્યુનિસિપલ કમિશનરને રોગી કલ્યાણ સમિતિના સભ્ય બનાવાયા હતા.

## રાજુલા નગરપાલિકા ચૂંટણી પ્રચાર સમિતિના ના અધ્યક્ષ તરીકે ગંગાભાઈ હડીયાની નિમણૂક કરાઇ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ



તાજેતરમાં રાજુલા નગરપાલિકાની ચૂંટણીની જોરશોર થી તૈયારી ચાલી રહી હોય અને શહેર કોંગ્રેસ પ્રમુખશ્રી રવિરાજભાઈ ધાખડા પોતેજ રાજુલા નગરપાલિકાની ચૂંટણી લડી રહ્યા હોય ત્યારે તે કામગીરીમાં વ્યસ્ત હોય એટલે ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે આહીર સમાજના આગેવાન શ્રી ગંગાભાઈ હડીયા ને તમામ જવાબદારી સોંપવામાં આવેલ છે તેની તમામે નોંધ લેવી જે કંઈ કામકાજ હોય તેને ગાંગાભાઈ હડીયા નો ઉમેદવાર અને કોંગ્રેસ પક્ષના કાર્યકરો એ સંપર્ક કરવોઆ નિમણૂકને શ્રી પ્રતાપભાઈ દુધાત પરેશભાઈ ધાનાણી વીરજીભાઈ ઠુંમર જેનીબેન ડી કે રૈયાણી સહિતના આગેવાનોએ આવકારેલ છે તેમ ટીકુભાઈ વરુ ની યાદીમાં જણાવેલું છે.

## અંબાજી ખાતે 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૫ અંતર્ગત અધિક કલેક્ટર કૌશિક મોદીએ બેઠક યોજી

માહિતી બ્યુરો | પાલનપુર



આગામી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૫ તા.૯-૨-૨૦૨૫ થી તા.૧૧-૨-૨૦૨૫ સુધી યોજાનાર છે. અંબાજીના ગબ્બર ખાતે મૂળ ૫૧ શક્તિપીઠના મંદિરોની આબેહુબ પ્રતિકૃતિ બનાવવામાં આવેલ છે. આગામી ફેબ્રુઆરી માસમાં યોજાનાર ત્રિ-દિવસીય મહોત્સવનું આયોજન ગુજરાત સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવશે.

૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ નિમિત્તે આજરોજ અંબાજી મંદિરના વહીવટદાર અને અધિક કલેકટરશ્રી કૌશિક મોદીના અધ્યક્ષસ્થાને અંબાજી મંદિરના સ્ટાફ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં યોજાનાર વિવિધ યાત્રાઓ જેવી કે, પાલખી યાત્રા, ધંટીયાત્રા, ચામર યાત્રા, ત્રિશુલ યાત્રા , મહાશક્તિ યજ્ઞ વગેરે યોજાનાર છે. દૈનિક લગભગ ૫૦૦ જેટલી બસો બનાસકાંઠા ઉપરાંત વિવિધ જીલ્લાઓમાંથી આવનાર છે. આવનાર તમામ યાત્રાળુઓ માટે મંદિર ટ્રસ્ટ ધ્વારા વિનામૂલ્યે ભોજન સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ અંતર્ગત હંગામી પાર્કિંગ, લાઈટીંગ, સાંકૃતિક કાર્યક્રમ, ભજન મંડળીઓ વગેરેના આયોજન માટે આજની બેઠકમાં ચર્ચા કરાઈ હતી. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ,અંબાજી સર્વે માઈ ભક્તોને ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવમાં પધારવા આમંત્રિત કરે છે.

## લુણાવાડા ટાઉન પોલીસે ઘર ફોડ ચોરી કરનારને પાડીને રિકવરી કરી

જગદીશ ત્રિવેદી | લુણાવાડા



લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનના વન શોધાયેલા મિલકત સંબંધિત ગુનાઓ બાબતે સ્થાપના માણસોએ સ્થાનિક નેત્રમ સીસીટીવી કમાન્ડ કંટ્રોલ થકી સીસીટીવી ફૂટેજ નો અભ્યાસ કરીને તેમજ ખાનગી બાતમીદારોને રોકીને હ્યુમન સોર્સીસ નો ટેકનિકલ ઉપયોગ કરેલ તે દરમિયાન પોલીસ ઈન્સ્પેકટરની ખાનગી રહે ચોક્કસ દાંતમી મળી હતી કે લુણાવાડા તાલુકાના મોટા સોનેલા ગામના નયનાબેન લાલજીભાઈ વણકર રહેવાસી વણકર ફળિયું, મોટા સોનેલા, તાલુકો લુણાવાડા, જીલ્લો મહીસાગર નાવો ની પાસે ચોરીનો મુદ્દા માલ હોવાની વાતની હકીકત મળવા પામી હતી જેથી પોલીસ સ્ટાફના માણસોને બાદમી હકીકતથી વાકેફ કરીને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપીને મળેલી બાતમી બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા માટે જણાવવામાં આવ્યું હતું. જેથી પોલીસ સ્ટાફના માણસોએ મોટા સોનીલા ખાતે મળેલ બાપની વાળા નામ સરનામે પહોંચી જઈને એક ઈસમના ઘરમાં તપાસ કરતા એક શંકાસ્પદ થયેલી મળી આવી હતી તે થેલીમાં તપાસ કરતા તેમાંથી સ્ટીલ નો ડબ્બો મળી આવ્યો હતો અને તે ડબ્બામાં સોના ચાંદીના ઘરેણા મૂકી રાખેલા હતા જેથી પોલીસ દ્વારા મળેલ સોના ચાંદીના ઘરેણા બાબતે ઘરના તે ઈસમને પૂછતા જ કરતો તેના તરફથી કોઈ સંતોષકારક જવાબ મળવા પામ્યો ન હતો જેથી તે ઈસમને લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો ત્યારબાદ તે ઈસમે સોના ચાંદીના દાગીનાની ચોરી ચોરી કર્યા હતા જેવી કબુલાત સમી કરી લીધી હતી. પોલીસે કુલ 1,55,000/- નો કબજે કરીને આગળની કાર્યવાહી હાથ ધરેલી છે.

## મોરબીમાં લુખ્ખાતત્વો બેફામ થયાં...પોલીસે કાર્યવાહી શરૂ કરી...

# ભાજપ આગેવાનની સંસ્થામાં લાકડી લઈ કરી તોડફોડ

(એજન્સી) મોરબી | તા.02



મોરબીમાં ભાજપ આગેવાનની સંસ્થામાં તોડફોડ થઈ છે,મોરબીના લુખ્ખાતત્વોએ આ તોડફોડ કરી હોવાની વાત સામે આવી છે.સેવા એ જ સંપત્તિ સંસ્થાની ઓફિસમાં તોડફોડ કરી હોવાની વાત સામે આવી છે,કેમ તોડફોડ કરી તેનું સાચું કારણ સામે આવ્યું નથી,તો ઓફિસમાં તોડફોડના સીસીટીવી સામે આવ્યા છે,તો ઓફિસ કર્મચારી નિકુંજ બાવરવાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

**3 સામે નોંધાઈ ફરિયાદ :** જયેશ કાસુન્દ્રા સહિત 3 વ્યક્તિ સામે ફરિયાદ નોંધાઈ છે,અને આરોપીઓએ ઓફીસમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાની વાત સામે આવી છે,પહેલા ઓફીસમાં લુખ્ખાતત્વો પ્રવેશે છે ત્યારબાદ ઓફીસમાં પાણીની બોટલ લઈ કાચ પર ફેંકે છે ત્યારબાદ કોઈ એક વ્યકિત ઓફિસમાં આવે છે અને પછી તે લાકડી લઈને ઓફીસના દરવાજા પરના કાચ પર મારે છે અને નુકસાન કરે છે.

**મોરબી એ ડિવિઝન પોલીસે નોંધ્યો ગુનો**

મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીઓની ધરપકડ માટે કાર્યવાહી શરૂ કરી છે. જોકે, આ ત્રણેય શખ્સ ઓફિસમાં શા માટે આવ્યા હતા અને કોને મળવા આવ્યા હતા તે અંગે ફરિયાદમાં કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી.

# સુરતમાં રમતા-રમતા બાળકી પહેલા માળેથી નીચે પટકાતાં મોત

### સમગ્ર મામલે સુરત ભેસ્તાન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને તપાસ હાથધરી

(એજન્સી) મોરબી | તા.02

સુરતમાં પહેલા માળેથી બાળકી નીચે પટકાતા બાળકીનું મોત થયું હોવાની વાત સામે આવી છે,ભેસ્તાન વિસ્તારમાં આ ઘટના બની હતી,બાળકીને સારવાર હેઠળ હોસ્પિટલ ખસેડાઈ પણ સારવાર મળે તે પહેલા જ બાળકીએ દુનિયાને અલવિદા કહી દીધુ હતુ,આ સમગ્ર ઘટનાને લઈ ભેસ્તાન પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને તપાસ હાથધરી છે. બાળક કયારે શું કરે છે તેની કાળજી માતા-પિતા રાખતા નથી અને તેના કારણે કયારેક માતા-પિતાને રડવાનો વારો આવે છે,સુરતમાં આવી જ ઘટના બની કે જેમાં માતા-પિતા ઘરે હતા અને બાળકી રમતી રમતી ગેલેરી નજીક પહોંચી જાય છે તેમ છત્તા માતા-પિતાને આ વાતની ખબર રહેતી નથી,બાળક રમતા રમતા નીચે પટકાય છે ત્યારે ખબર પડે છે કે બાળકી નીચે પડી અને નીચે પડે છે ત્યારે તેને હોસ્પિટલ લઈ જવામાં આવે છે પરંતુ તે પહેલા તો તેણે અંતિમ શ્વાસ લઈ લીધા હોય છે.



**માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો**

### શ્રમિક પરિવારની દોઢ વર્ષની બાળકીનું મોત

ભેસ્તાન પોલીસે આ સમગ્ર મામલે માતા-પિતાના નિવેદન નોંધ્યા છે અને બાળકીના મૃતદેહને પીએમ માટે મોકલી આપ્યો છે,પીએમ થયા બાદ બાળકીના મૃતદેહને પરિવારને સોંપવામાં આવશે.સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાયો છે,ત્યારે આવી ઘટનાઓ વારંવાર બનતી હોય છે તેમ છત્તા માતા-પિતાની બેદરકારીના કારણે બાળક જીવ ગુમાવતું હોય છે,તમારૂ બાળક રમતું હોય તો તેને એકલું ના મૂકો,તેની સાથે રહો એટલે તમને પણ બાળકની ખબર રહે.

**12 જુન 2024ના રોજ પણ સુરતમાં બાળક રમતા-રમાતા નીચે પટકાતા મોત :** ગીર સોમનાથ જિલ્લાના વતની અને વરાછા રોડ ખાતે વર્ષા સોસાયટી- 2માં રહેતા નવનીત કલસરિયા હીરા મજૂરી કરી પત્ની અને બે વર્ષીય પુત્ર ભવ્યનું ગુજરાન ચલાવે છે. પત્ની રેશ્મા દીકરા ભવ્ય સાથે પાલ ખાતે રહેતા માતા-પિતાના ઘરે ગઈ હતી. રેશ્મા હાઉસ કિપિંગનું પણ કામ કરતી હતી. હાઉસ કીપિંગનું કામ કરતી માતા બે વર્ષીય દીકરાને પોતાની સાથે કામ પર લઈ ગઈ હતી. માતા કામ કરી રહી હતી,તે દરમિયાન બાળક રમતાં રમતાં સાતમા માળેથી નીચે પટકાયું હતું.

# ડાયાબિટીસના દર્દીઓએ ખાલી પેટે ના ખાવી જોઈએ આ 3 વસ્તુ... શુગર લેવલ એટલું વધી જશે કે ડોક્ટરની દવા પણ નહીં કરે કામ



ખરાબ ખાવાની આદતો અને અસ્વસ્થ જીવનશૈલીને કારણે મોટાભાગના લોકો ડાયાબિટીસ જેવા ખતરનાક રોગોથી પીડાઈ રહ્યા છે. ડાયાબિટીસ એક એવો રોગ છે જેનો ઈલાજ શક્ય નથી, પરંતુ દવા અને આહારની મદદથી તેને નિયંત્રિત કરી શકાય છે. ત્યારે આ લેખમાં જાણીશું કે, ડાયાબિટીસના દર્દીઓએ ખાલી પેટે શું ના ખાવું જોઈએ. ખરાબ ખાવાની આદતો અને અસ્વસ્થ જીવનશૈલીને કારણે મોટાભાગના લોકો ડાયાબિટીસ જેવા ખતરનાક રોગોથી પીડાઈ રહ્યા છે. ડાયાબિટીસ એક એવો રોગ છે જેનો ઈલાજ શક્ય નથી, પરંતુ દવા અને આહારની મદદથી તેને નિયંત્રિત કરી શકાય છે. ડાયાબિટીસના દર્દી માટે શરીરનું સુગરનું લેવલ નિયંત્રણમાં રાખવું ખૂબ જ જરૂરી છે. સુગર લેવલને નિયંત્રણમાં રાખવા માટે ડાયાબિટીસના દર્દીઓ ડાયટથી લઈને દવા બધું જ કરે છે.દવાઓ લેવા ઉપરાંત જો ડાયાબિટીસના દર્દીઓ તેમના ખાવા-પીવાની આદતોમાં ભૂલો કરે છે, તો તેમનું સુગરનું લેવલ ઝડપથી વધશે. તો થોડા સમય પછી દવા પણ બિનઅસરકારક બની શકે છે.

સવારનો સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સમયે ખાવાની આદતોમાં કોઈપણ ભૂલ તમારા સુગર લેવલને અચાનક વધારી શકે છે. ત્યારે એ જાણી લઈએ કે સવારે શું ન ખાવું જોઈએ. મોટાભાગના લોકો પોતાના દિવસની શરૂઆત ચા અને બ્રેડથી કરે છે. સફેદ બ્રેડનો ગ્લાયકેમિક ઈન્ડેક્સ ખૂબ ઊંચો હોય છે. સવારે ખાલી પેટ ચા અને બ્રેડ ખાવાથી તમારું સુગર લેવલ અચાનક વધી શકે છે. ફળોનો રસ સ્વાસ્થ્યપ્રદ છે, પરંતુ ખાલી પેટે જ્યુસનું સેવન ડાયાબિટીસના દર્દી માટે ખતરનાક બની શકે છે. ખાલી પેટે જ્યુસ પીવાથી અચાનક શુગર લેવલ વધી જાય છે. સવારે કોર્ન ફ્લેક્સ અને મુસલીનું સેવન ન કરવું જોઈએ. બજારમાં ઉપલબ્ધ આ કોર્ન ફ્લેક્સ અને મુસલીમાં સુગર વધુ હોય છે, જેના કારણે તમારું સુગર લેવલ વધી શકે છે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય કે સવારે શું ખાવું જોઈએ. ડાયાબિટીસના દર્દીઓ સવારે ખાલી પેટે બદામ અથવા બીજ ખાઈ શકે છે. આ સિવાય તમે મખાના પણ ખાઈ શકો છો. જો તમને કંઈક ભારે ખાવાનું મન થાય તો તમે પરાઠા અને દહીં ખાઈ શકો છો.

## સુગર લેવલ 300 ને પાર જાય તો આ ઝાડના પાંદડા તરત જ ચાવી લો

ખાલી પેટે દરરોજ 4-5 લીમડાના પાન ચાવવાથી તમારા આંતરડાના સ્વાસ્થ્યમાં સુધારો થાય છે. લીમડાના પાન આંતરડામાં રહેલા જંતુઓ અને બેક્ટેરિયાનો નાશ કરે છે. આનાથી પેટના ચેપમાં પણ રાહત મળે છેદરરોજ લીમડાના પાન ચાવવાથી કબજિયાતમાં રાહત મળે છે. લીમડાનું સેવન કરવાથી કબજિયાતની સમસ્યા દૂર રહે છે અને પેટ ફૂલવા અને ગેસથી પણ રાહત મળે છે. લીમડાના પાનમાં જોવા મળતું ફાઈબર પેટને સ્વસ્થ રાખે છે. ખાલી પેટે લીમડાના પાન ખાવાથી લીવરને પણ ફાયદો થાય છે. લીમડાના પાન બળતરા વિરોધી ગુણધર્મોથી ભરપૂર હોય છે અને શરીરને ઓક્સિડેટીવ તણાવથી દૂર રાખે છે.લીમડાના પાન ડાયાબિટીસ માટે પણ ફાયદાકારક છે. ખાલી પેટે લીમડાના પાન ખાવાથી ઈન્સ્યુલિનનું સ્તર નિયંત્રણમાં રહે છે. લીમડાના પાન બ્લડ સુગર લેવલને નિયંત્રિત કરે છે. જો તમને પણ દરરોજ કબજિયાતની સમસ્યા રહેતી હોય તો લીમડાના પાન ખાવાનું શરૂ કરો. લીમડાના પાન પેટની દરેક સમસ્યાનો ઈલાજ છે. લીમડાના પાન કબજિયાત અને પેટનું ફૂલવું જેવી સમસ્યાને દૂર કરી શકે છે. લીમડાના પાનમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, તેથી લીમડાના પાનનું સેવન કરવું જોઈએ. તમને જાણીને નવાઈ લાગશે કે લીમડો દુનિયાનો એકમાત્ર ફેસ પેક છે. દરેક વ્યક્તિ પોતાના ચહેરાની સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે અનેક પ્રકારની દવાઓ અને ક્રીમનો ઉપયોગ કરે છે પરંતુ પરિણામ એ જ રહે છે. જો તમને પણ ખીલ, ફ્રીકલ્સ, બ્લેકહેડ્સ, ત્વચા ચેપ, શુષ્ક ત્વચા, તૈલી ત્વચા, શ્યામ વર્તુળો, ત્વચા વૃદ્ધત્વ, ખરજવું જેવી કોઈ બીમારી કે સમસ્યા હોય, તો તેના માટે લીમડાથી બનેલો ઘરે બનાવેલો ફેસ પેક પૂરતો છે.લીમડો વાળ માટે રામબાણ ઈલાજ છે. વાળ ખરવાથી લઈને વાળના અકાળ સફેદ થવા સુધીની ઘણી સમસ્યાઓની સારવારમાં લીમડો ખૂબ અસરકારક છે.

# દરરોજ હળદરવાળું દૂધ પીવાથી શરીરને શું થાય છે ફાયદા ?

હળદરવાળા દૂધનું સેવન એટલે દરેક રોગનો ઈલાજ. વાસ્તવમાં હળદરવાળા દૂધનો ઉપયોગ અત્યારથી નહીં પરંતુ પ્રાચીન સમયથી છે. હળદરના દૂધને ગોલ્ડન દૂધ કહેવામાં આવે છે. આ દૂધ એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર છે, જે કોષોને નુકસાનથી બચાવવા અને રોગ અને ચેપ સામે લડવામાં મદદ કરે છે. જો આ બંનેનું મિશ્રણ એટલે કે હળદર સાથે દૂધનું સેવન કરવામાં આવે તો તે આપણને ઘણી બીમારીઓથી બચાવી શકે છે ત્યારે જો દરરોજ તમે સૂતી વખતે હળદર વાળા દૂધનું સેવન કરો છો તેનાથી શરીરમાં શું ફેરફાર જોવા મળે છે ચાલો જાણીએ.



**કેન્સરનું જોખમ ઘટાડે |** હળદરમાં હાજર કર્ક્યુમિન, તેના કેન્સર વિરોધી ગુણોને કારણે, શરીરને સ્તન કેન્સર, કિડનીની સમસ્યાઓ, ચામડીના રોગો અને પાચન વિકૃતિઓ જેવી સમસ્યાઓથી દૂર રાખે છે. આ ગુણધર્મોને લીધે, કર્ક્યુમિન માત્ર કેન્સરની પ્રગતિને ધીમું કરતું નથી પણ કીમોથેરાપીને વધુ અસરકારક પણ બનાવી શકે છે. આથી જો તમે રોજ હળદરવાળા દૂધનું સેવન કરો છો તો તેનાથી કેન્સરનું જોખમ ઘટે છે.

**વજન ઘટાડે |** હળદરવાળું દૂધ પીવાથી વજન ઝડપથી ઘટાડી શકાય છે. વાસ્તવમાં, હળદરમાં હાજર કર્ક્યુમિન તત્વ, તેના બળતરા વિરોધી ગુણોને કારણે, શરીરની ચરબીને ઝડપથી કાપવાનું શરૂ કરે છે. આ ઉપરાંત શરીરનું મેટાબોલિઝમ સ્વસ્થ રહે છે અને વજન આપોઆપ ઓછું થવા લાગે છે.

**હાર્ટ હેલ્ધી રહે છે |** જેમ કે આપણા આયુર્વેદમાં પણ ઉલ્લેખ છે કે હળદરથી તમામ પ્રકારના હૃદય રોગના જોખમને ઘટાડી શકાય છે. સંશોધન મુજબ હળદરવાળું દૂધ પીવાથી શરીરમાં ખરાબ કોલેસ્ટ્રોલનું સ્તર ઘટે છે અને સારા કોલેસ્ટ્રોલનું સ્તર વધે છે. આ હાર્ટ એટેકથી પણ બચાવે છે.

**ત્વચાને સ્વસ્થ રાખે |** હળદરનો ઉપયોગ ત્વચા માટે ખૂબ જ સારો માનવામાં આવે છે. તેથી, જ્યારે હળદરનું દૂધ પીવામાં આવે છે, ત્યારે તેમાં ઉપયોગમાં લેવાતી હળદર દૂધમાં એન્ટિબેક્ટેરિયલ અને એન્ટિ-વાયરલ ગુણોથી ભરે છે. જેના કારણે તેનું સેવન શરીર અને ત્વચાને કોઈપણ પ્રકારના ઈન્ફેક્શનથી બચાવવામાં ફાયદાકારક સાબિત થાય છે.

### શરદી અને ઉધરસ માટે ફાયદાકારક

શિયાળાની ઋતુમાં શરદી એક સામાન્ય સમસ્યા છે. શરદી અને ઉધરસની સમસ્યાને દૂર કરવા માટે તમે રાત્રે હળદર મિક્સ કરીને નવશેકું દૂધ પી શકો છો. આ શરીરને અંદરથી ગરમ રાખવામાં મદદ કરી શકે છે.

# માત્ર પુજા માટે જ નહિ સ્વાસ્થ માટે પણ છે ફાયદાકારક કપૂર

હિંદુ ધર્મમાં ઘરમાં પુજા દરમિયાન કપૂરનો ઉપયોગ કરવામાં આવે છે.કપૂરમાં એન્ટીઓક્સીડન્ટ્સ, ડીકોન્જેસ્ટન્ટ, લીનાલૂલ, પીનેન બી-પીનીન, ડી કેમ્ફોર, લેમોનેન, સેબીનેન જેવા ગુણો હોય છે. તો ચાલો આજે આપણે જાણીએ કપૂરના સ્વાસ્થ લાભો કેટલા છે. પુજા પાઠમાં ઉપયોગ કરવામાં આવતું કપૂર ઘરની ઉર્જાઓ સકારાત્મક રાખે છે તેમજ અનેક બીમારીઓથી બચાવવાનું પણ કામ કરે છે. આજે અમે તમને જણાવીશું કે, કપૂરથી અનેક સ્વાસ્થ લાભો પણ મળે છે. કપૂરનો ઉપયોગ શ્વાસ લેવાની સમસ્યાઓ સાથે જોડાયેલી પરેશાનીઓમાંથી પણ રાહત આપે છે. જેનાથી ફેફસાનું ઈન્ફેક્શન ઓછું થઈ શકે છે. આ સિવાય કપૂર કોઈ ઈજા થઈ હોય તે જગ્યા પર લગાવવાથી પણ રાહત મળે છે. માંસપેશિઓ અને સાંધા સાથે જોડાયેલ દુખાવામાંથી પણ કપૂરથી રાહત મળે છે. જો તમારા માથામાં ખંજવાળ આવી રહી છે તો તમે નારિયળના તેલમાં કપૂર મિક્સ કરી માલિશ કરવાથી પણ રાહત મળે છે. લો બ્લડ પ્રશેરમાં પણ કપૂર મદદગાર સાબિત થાય છે. કપૂર ત્વચા સબંધિત સમસ્યાઓમાંથી પણ રાહત આપે છે. કપૂરને ગરમ પાણીમાં નાંખી રુની મદદથી ફાટેલી એડીઓમાં લગાવવાથી પણ રાહત મળે છે જેનાથી પગની એડી મુલાયમ રહેછે. તેમજ કપૂરનો ઉપયોગ પિગમિટેશનથી છુટકારો મેળવવા માટે પણ કરવામાં આવે છે.



# ત્વચાને ગોરી અને બેદાગ બનાવવા અપનાવો આ ઘરગથ્થુ ઉપચાર

**ડાઘ રહિત ગોરી અને સુંદર સ્કીન દરેક યુવતી અને મહિલાનું સપનું હોય છે. પરંતુ અલગ અલગ કારણોને લીધે ત્વચા ખરાબ અને કાળી પડવા લાગે છે. આ રીતે કાળી પડેલી ત્વચાને ચમકાવવા માટે ઘરમાં રહેલી એક વસ્તુ ઉપયોગી સાબિત થાય છે. આ વસ્તુનો ઉપયોગ કરવાથી ફક્ત ચહેરાની જ નહીં પરંતુ કોણી, ગરદન, પગ, ઘૂંટણની ત્વચાની સફાઈ પણ થાય છે. શરીરના આ અંગો એવા હોય છે જેની ત્વચા ચહેરાની ત્વચા કરતા વધારે કાળી દેખાય છે. ડેડ સ્કિન, ધૂળ વગેરેના કારણે ત્વચા પર ગંદકી જામી જાય છે. તેને સાફ કરવા માટે અને ત્વચાની રંગત વધારવા માટે આ ઘરેલુ નુસખા અજમાવી શકાય છે.**



### ચહેરાના ડાઘ દૂર કરવાનો નુસખો

ત્વચા પર કોઈપણ પ્રકારના ડાઘ પડી ગયા છે તો તેને દૂર કરવા માટે મોંઘી સ્કિનકેર પ્રોડક્ટ પર ખર્ચો કરવાની જરૂર નથી. તમે ઘરેલુ નુસખાની મદદથી પણ ત્વચાની જ નહીં પરંતુ આખા શરીરની ત્વચાની સુંદરતા વધારી શકો છો. આ કામ લીંબુની મદદથી થઈ શકે છે. લીંબુ ફક્ત ચહેરાની જ નહીં પરંતુ શરીરની ત્વચાને પણ સાફ કરવામાં મદદ કરે છે. લીંબુની મદદથી શરીરને કાળી પડેલી ત્વચા પણ સાફ થઈ જાય છે.

### લીંબુનો અચૂક ઉપાય

જો તમે ચહેરાની સાથે હાથ, પગ, ગરદન, કોણી, ઘૂંટણ સહિતના અંગોની ત્વચા પર જામેલી ગંદકી દુર કરી ત્વચાને નિખારવા માંગો છો તો લીંબુનો આ ઉપાય ટ્રાય કરો. લીંબુનો આ રીતે નિયમિત ઉપયોગ કરવાથી ત્વચાની રંગત સાફ થાય છે. તેના માટે લીંબુનો ટુકડો કરી તેના પર થોડી ખાંડ રાખી ત્વચા પર મસાજ કરો. ખાંડ વિના ફક્ત લીંબુ વડે પણ તમે ત્વચા પર મસાજ કરી શકો છો. નિયમિત દસ મિનિટ સુધી લીંબુનો આ રીતે ઉપયોગ કરવાથી ત્વચા બેદાગ બની જાય છે. જો કે ચહેરા પર ડાયરેક્ટ લીંબુનો ઉપયોગ ન કરવો. ચહેરા પર લીંબુ લગાડતા પહેલા પેચ ટેસ્ટ કરી લેવો.

# વસંત પંચમીનું મુહૂર્ત વણમગ્યું મુહૂર્ત માનવામાં આવે છે



**વસંતના વધામણાં**

**- રુપાલી દવે**

યા કુન્દેન્દુ તુષાર-હાર ધવલા, યા શુભ્ર, વસ્ત્રામ્વૃતા॥
યા વીણા-વર-દંડ-મંડિત કરા,યા શ્વેત પદ્માસના॥
યા બ્રહ્માચ્યુત શંકર પ્રભુતિભિમિ,દેવૈ:સદા વંદિતા॥
સા માસ્ પાતુ સરસ્વતી ભગવતી, નિ:શેષ જાડ્યાપહા॥

વસંત પંચમી ના દિવસથી વસંત ઋતુ ના આગમન સાથે લગ્ન ની શરણાઈ ના શોર પડઘમ વસંત પંચમી ના દિવસ થી વધારે જોર જોર ગુંજવા લાગે છે.વસંત પંચમી નું મુહૂર્ત વણમગ્યું મુહૂર્ત માનવામાં આવે છે આ દિવસે થતાં નાના મોટા બધા જ શુભ કાર્યો માં મુહૂર્તો જોવાતા નથી બધા જ મુહૂર્તો શુભ હોય છે. વસંત પંચમી નો દિવસ શારદા પૂજા નો અતિ ઉત્તમ દિવસ છે જેવી રીતે ત્રિવેણી સંગમ સરસ્વતી નદી વગર ત્રિવેણી નથી કહેવતો એજ રીતે જીવન માં સરસ્વતી પૂજન વગર બધું નકામું માનવામાં આવે છે. બુદ્ધિ ના દેવી સરસ્વતી જી ની કૃપા થી જ માણસ અનેક સિધ્ધિઓ સાથે સુખ પ્રાપ્ત કરી શકે છે.દુનિયાના દરેક માણસના મગજ મા બુદ્ધિ તો ભગવાન એ સરખી જ આપી હોય છે છતાંય સફળ અને નિષ્ફળ એમ બે ભાગ છે, આવું કેમ? જ્યાં જન્મજાત સંસ્કાર અને સભ્યતા સાથે ધર્મનું આચરણ સદાય થાય છે ત્યાં માં સરસ્વતી ની કૃપા સદાય હોય છે. ડોક્ટર એન્જિનિયર કે ઉદ્યોગપતિ વગેરે થવું એ સફળતા નું માપદંડ નથી. સફળતા નું માપદંડ એ છે કે સ્વ બળ એ શૂન્ય માંથી સર્જન કરવું.વર્તમાન માં દુનિયાની કુલ વસ્તી માંથી માત્ર પાંચ ટકા જ એવા લોકો હશે કે જેણે એની સફળતા નો કુલ હિસ્સા માંથી પાંચ ટકા પોતાની પાસે રાખી ને બાકીનું અન્ય માટે વાપર્યું હશે. સંસ્કારના મૂળ માં માતા સરસ્વતીના આશીર્વાદ હોય તો જીવનમાં નિષ્ફળતાનો સામનો ક્યારેય કરવો પડતો નથી.

વસંત પંચમી ના શુભ દિવસ ને શ્રી પંચમી પણ કહેવામાં આવે છે.આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણ નું રાધાજી અને સરસ્વતી જી સાથે કુમ કુંમ અક્ષત અબીલ ગુલાલ સાથે પૂજન અર્ચન થાય છે. દેવી ભાગવત અનુસાર લક્ષ્મીજી અને સરસ્વતીજી બન્ને ભગવાન શ્રી કૃષ્ણ ના પત્નીઓ છે.ભગવાન શ્રી કૃષ્ણ ના આત્મન સ્વરૂપ રાધાજી પ્રિયતમા છે. ભગવાન શ્રી કૃષ્ણ નું આત્મન સ્વરૂપ એટલે રાધાજી,ભગવાન શ્રી કૃષ્ણ ના આત્મા નું રાધાજી સ્ત્રી સ્વરૂપ છે.આ કારણોસર ભગવાન શ્રી કૃષ્ણ એ મથુરાગમન કર્યા બાદ જીવંત પર્યંત ક્યારેય વૃંદાવન પુનઃ પધાર્યા નહતા.

માન્યતા અનુસાર એકવાર ભગવાન શ્રી કૃષ્ણ થી રાધાજી રિસાઈ ગયા હતા ત્યારે એ યમુનાજી ના તટ પર ઉદાસ બેઠા હતા. વૈકુંઠ લોક માંથી સરસ્વતી જી ની નજર વૃંદાવન માં યમુનાજી ના તટ પર ઉદાસ બેઠેલ શ્રી કૃષ્ણ પર જતાં એ ચિંતિત બન્યા. તાત્કાલિક સરસ્વતીજી એના ઉદાસ ચહેરે બેઠેલ ભગવાન શ્રી કૃષ્ણ સામે પ્રગટ થયા. ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ એ સહેજ ગુસ્સામાં સરસ્વતીજી સામુ નજર નજર કરતા સરસ્વતીજી બાંસુરી સ્વરૂપે નિશ્ચેતન બન્યા.ભગવાન શ્રી કૃષ્ણ એ નિશ્ચેતન બનેલ સરસ્વતીજી ના બાંસુરી સ્વરૂપ ને હાથ માં લઈને ભગવાન શ્રી કૃષ્ણ એ હોઠ પર પધરાવી ને બાંસુરી નાદ કર્યો.આ નાદ સાથે જ વૃંદાવન ની લતા પતાં,યમુના નદીના વહેણ,પક્ષીઓ, પશુઓ, મનુષ્યો,ગાયો વગેરે કૃષ્ણમય બનતા રિસાયેલા રાધાજી એના સસ્મિત કરતા પ્રિયતમ નજીક બેસી ને બાંસુરી ના પ્રેમરસ ના સુર માં મગ્ન થઈ ગયા હતા.

વસંત સેના આયી સખી મોરી.

વસંત ઋતુના પગલાં પડતાં જ ધરતી રોમાંચિત થતાં શરમાઈ ને આકાશ તરફ નજર કરી.ભૂરું અને સ્વચ્છ દિસ્તા આકાશ એ રાત્રિ વિકસી કમલની સુગંધ માં મદ થી ફરતા ભમરાઓ સંગીત ગુંજનમાં ચારેય બાજુ લગતા આલ્હાદક વાતાવરણ નો સંકેત આપ્યો. આકાશ એ સફેદ સુગંધી શાંત તરંગો અને પૂર્ણ ખીલેલા કમળ થી ભરપુર નદીના તટ પર ધરતીને મિલન માટે સંદેશો આપ્યો. આકાશ એ ધરા સામે પ્રેમથી નિહાળીને અંત માં લખ્યું કે [ પ્ર ય ઋતુ વસંતની



આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતનાં.
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના!

આકાશ એ આપેલ ધરતી ને સંદેશ પર અજાણ પણે ઊંચે વિહરતા પક્ષીઓની નજર પડતા પક્ષીઓના સમૂહ મીઠા મધુર કંઠે ગીત ગુંજન કર્યું.પક્ષીઓના સમુહિક કલરવ માં સંગીત સભા નું આયોજન થયું. સામન્ય માનવી ની નજર માં નવ યૌવન ધરાનું સગપણ નભ સાથે થવાનું હોય એવું લાગતું હતું. કવિઓ લેખકો ના મતે વસંત ઋતુ ને પ્રણય પ્રેમ ની ઋતુ માનવા આવે છે.ચોમાસા ની ઋતુ પૂર્ણ થતા ધરતી પૂર્ણ રીતે નવોઢા બનીને પ્રફુલ્લિત બની જાય છે નવોઢા ની માફક સોળે શણગાર સજી ને નવરંગી પરિધાન માં શોભી ઉઠે છે. નવ સર્જન ની પ્રક્રિયા ધરતી મા ચારે તરફ નિહાળી શકાય છે રંગ બેરંગી સુગંધી ફૂલો થી ફૂલ છોડ માં પાંદડા ઓછા ને ફૂલો વધારે હોય છે. વૃક્ષો ફળફળાદી લચી ને નીચા નમી ને ધરતી ને ચૂમતા હોય એવું લાગે છે. વૃંદાવન માં વસંત ઋતુ ના લીધે ઝાડ ને નીચે નમેલા નિહાળતા બલરામ જી એ ભગવાન શ્રી કૃષ્ણ ને કહ્યું કે આ વૃક્ષો પણ તમારા આગમન ને ખૂબ સમજે છે.તમને દૂર થી આવતા નિહાળીને નીચા નમી ગયા. બલરામજી ની વાત સાંભળી ને ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું કે વૃક્ષો નું નીચે નમીને ધરા ને ચૂમવું આને “વસંત ઋતુ” નું શુભ આગમન સમજો. વૃંદાવન ના વન મા પક્ષીઓ ના મીઠા કલરવ માં પ્રણય ગીત નું પ્રાધાન્ય સંભળાય છે ને દુર જંગલો માં ગાયો માટે લડતા આખલાઓ ના ધ્વનિ માં પણ વસંત ઋતુનું આગમન ની અસર છે.

કવિ કાલિદાસે એ એની “ઋતુ સંહાર” રચનામાં વસંત ઋતુ ના આગમન ની અસર ધરતી પર કેવી કેવી થાય છે?એનું અદભૂત વર્ણન કર્યું છે. કાલિદાસજી એની કૃતિ ઋતુ સંહાર માં લખે છે કે

**द्रुमाः सपुष्पाः सलिलं सपद्मं**
**स्त्रियः सकामाः पवनः सुगंधिः ।**
**सुखाः प्रदोषा दिवसाश्च रम्याः**
**सर्वं प्रिये चारुतरं वसन्ते।**

વસંત ઋતુ નું વર્ણન કરતાં કાલિદાસજી લખે છે કે વસંત ઋતુ ના આગમન થતાં વૃક્ષો પુષ્પો લીલાછમ વાળા બન્યા છે. સૃષ્ટી પરના બધા પ્રણયની કામના વાળા બન્યા છે.ચોમાસાના વરસાદથી નવ પલ્લિત બનેલી ધરાની સુંદરતા શિયાળાની તીવ્ર ઠંડી ઘટતા વાતાવરણ ખુશનુમાં બનતા ચારેય બાજુ ઠંડી ના આવરણો છૂટ્યા ને આંબા ડાળે કોયલ બોલી ને ટહુકો કર્યો. બધા તૈયાર રહેજો વસંત ઋતુ ના આગમન સાથે વસંત પાંચમી ના લગનો માટે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની વસંત ઋતુ પર લખેલ કાવ્ય પંક્તિ :

આજે તો વનમાં કોનાં વિવાહ,
એક એક વૃક્ષમાં પ્રગટે દીવા,
આશીર્વાદ આપવા આવે છે સંત,
પાનખરનાં હૈયામાં ટહુકે વસંત

લગન ઉત્સુક યુવક યુવતીઓનો ફેવરિટ મહિનો ફેબ્રુઆરી જ કેમ? મોટાભાગ ના લગ્નો ફેબ્રુઆરી માસ માં થવા પાછળ શિયાળાની ગુલાબી ઠંડી ના લીધે મેકઅપ રેલાયા વગર સરસ લાગે,રંગબેરંગી ફૂલોની આવક માર્કેટ મા વધારે હોય,આ માસ મા લગ્ન કરનાર કે પ્રેમમાં પડનારા લોકો વચ્ચે નો પ્રેમ અંત સુધી અકબંધ રહે છે, નવોઢા ની સુંદરતા લગન પહેલા અને પછી વરસો સુધી અકબંધ રહે છે,ભોજન માં રુચિ વધે છે વગેરે વગેરે અનેક કારણો ફેબ્રુઆરી માસમાં લગન વિશે લોકોની છે. પરંતુ આ બધા કારણો પાછળનું મુખ્ય કારણ ફેબ્રુઆરી માસ મા વસંત પંચમી ના દિવસ થી વસંત ઋતુ નું આગમન છે. ૧૪મી ફેબ્રુઆરી એ દુનિયા આખી વેલેન્ટાઇન ડે ધામધૂમ થી ઉજવવા પાછળ નું મુખ્ય કારણ પણ વસંત ઋતુ સમજો.

# ગાયક ઉદિત નારાયણે લાઈવ કોન્સર્ટમાં મહિલા પ્રશંસકને ચુંબન કરતા હોબાળો

**46 વરસથી બોલીવૂડ સાથે સંકળાયેલો છે અને પોતાની ઈમેજ સારી હોવાની સ્પષ્ટતા કરી**

(એજન્સી) મુંબઈ | તા.02

ઉદિત નારાયણે લાઈવ કોન્સર્ટમાં મહિલા પ્રશંસકને હોઠ પર કિસ કરતા હોબાળો મચી ગયો છે. સોશયલ મીડિયા પર સિંગરની આ વર્તણૂક પર નિંદા થઈ રહી છે. આ દરમિયાન ઉદિત નારાયણે પોતાના તરફથી સ્પષ્ટતા કરી છે.તેણે કહ્યું હતું કે,મેં કોઈ ખરાબ ઈરાદાથી આમ કર્યું નથી.હું બોલીવૂડ સાથે ૪૬ વરસથી સંકળાયેલો છું અને મારી ઈમેજ હજી સુધી સારી રહી છે. અમે સભ્ય સમાજના છીએ અને અમારા પ્રોફેશનમાં આ સામાન્ય ગણાતુ હોય છે. પ્રશંસકો અમારા પર ખુશ થઈને અમારી પાસે આવતા હોય છે



તેથી અમારે પણ એમને ખુશ કરવા જરૂરી હોય છે. ૬૯ વર્ષીયઉદિત નારાયણ લાઈવ શોમાં ટિપ ટિપ બરસા પાણી પર પરફોર્મ કરી રહ્યો હતો.તેવામાં એક મહિલા પ્રશંસક સેલ્ફી લેવા આવી અને તેણે સિંગરના ગાલ પર ચુંબન કર્યુ હતું. ત્યારે ઉદિતે તરત જ તેના હોઠ પર કિસ કરી હતી. આ પછી વળી એક ફીમેલ ફૈને તેને કિસ કરી હતી અને ઉદિતે તેના ગાલ પર કિસ કરીહતી. વાયરલ થયેલા વીડિયોમાં ઉદિતના પ્રશંસકો આ જોઈને તેનાથી નારાજ થઈ ગયા છે.

તેમણે ગાયક પાસે આવી આશા રાખી નહોતી તેવી ટીપ્પણીઓ કરીને તેને ટ્રોલ કર્યો છે. જોકે સિંગરે પોતાના તરફથી સ્પષ્ટતા કરતાં કહ્યું હતુ કે, ફેન્સ અમારી પાછળ દીવાના હોય છે, અમે લોકો એવા હોતા નથી. અમે સભ્ય લોકો છીએ. ઘણા લોકો આવી વાતોને ચગાવીને વિવાદ સર્જવા માંગતા હોય છે, આમાં આપણે કાંઈ કરી શકીએ નહીં. મારા મતે મેં મારી પ્રશંસક સાથે ખોટા ઈરાદાથીકાંઈ કર્યું નથી.

# આમિર ખાનની ગજની ટુ માટે અલ્લુ અર્જુનના પિતા અલ્લુ અરવિંદને રસ

(એજન્સી) મુંબઈ | તા.02

આમિર ખાનની ફિલ્મ ગજની હિટ ફિલ્મ હતી. હવે તેની સીકવલ એટલે કે ગજની ટુને લઈને અપડેટ આવ્યું છે. અલ્લુ અર્જુનના પિતા અલ્લુ અરવિંદને આમિર ખાનની ગજનીની સીકવલ બનાવામાં રસ છે. તે ૧૦૦૦ કરોડ રૂપિયાના બજેટ સાથે તમિલ અને હિંદીમાં ગજની ટુની યોજના કરી રહ્યો છે.તમિલ ભાષામાં સૂર્યા અને હિંદીમાં આમિર ખાન સાથે આ ફિલ્મના નિર્માણની યોજના થઈ રહી છે. હાલમાં આમિર ખાન સાઉથના સ્ટાર્સ નાગાચૈતન્ય અને સાઈ પલ્લવીની ફિલ્મ તંડેલના ટ્રેલર લોન્ચની ઈવેન્ટમાં સામેલ થયો હતો. જેમાં અલ્લુ અરવિંદ પણ આવ્યો હતો અને તેણે ગજની ટુ બનાવવાનો પોતાનો વિચાર જણાવ્યો હતો. અલ્લુ અરવિંદે મીડિયા સાથેની વાતચતીમાં જણાવ્યુ હતુ કે, મને આમિર ખાન સાથે ૧૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ધરાવતી ફિલ્મ ગજની ટુ બનાવવામાં રસ છે. ત્યારે આમિર ખાને પોતાનુ રિએકશન આપતાં કહ્યુ હતુ કે, હાલ ગજની ટુને લઈને ઈન્ટરનેટ પર ઘણું ચાલી રહ્યું છે. આ પછી લોકોએ અટકળ બાંધી છે કે, ગજની ટુની ઘોષણા જલદી થઈ શકે એમ છે. આ ફિલ્મને નિર્માતા અલ્લુ અરવિંદ તમિલ અને હિંદીમાં બનાવવા ઈચ્છે છે.ઉલ્લેખનીય છે કે, આમિર ખાનની ગજની ૨૦૦૮માં રિલીઝ થઈ હતી. જેમાં જિયા ખાન મહત્વપૂર્ણ ભૂમિકામાંહતી. આ ફિલ્મને એ આર મુરુગાદોસે દિગ્દર્શન કર્યું હતું. તેમજ આ ફિલ્મે ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ કલેકશન કર્યુ હતું. જે એ સમયે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડ કમાણીકરનારી બોલીવૂડની પહેલી ફિલ્મ હતી.






**1000 કરોડ રૂપિયાના બજેટમાં નિર્માતાને તમિલ અને હિંદી બન્નેમાં બનાવવાની યોજના**

## એમીવે બંતાઈએ સિદ્ધુ મૂસેવાલાને આપી ભાવભીની શ્રદ્ધાંજલિ, SRKને ખાસ ભેટ

મુંબઈ : પ્રખ્યાત રેપર Emiway Bantaiએ તાજેતરમાં જ તેની ગર્લફ્રેન્ડ સ્વલિના સાથે લગ્ન કર્યા છે. આ કપલના લગ્નની તસવીરો સોશિયલ મીડિયા પર ઘણી પસંદ કરવામાં આવી રહી છે. લગ્નને થોડા દિવસો જ થયા છે અને Emiway Bantaiના આલ્બમનું ટીઝર બહાર આવ્યું છે જેનું નામ છે 'બાજીસ (BAJIS EP)'. તેણે બોલિવૂડના બાદશાહ એટલે કે શાહરૂખ ખાનને ખાસ ભેટ આપી છે અને હવે તેણે સિદ્ધુ મૂસેવાલાને શ્રદ્ધાંજલિ આપી છે. અત્યારે માત્ર ટીઝર જ બહાર આવ્યું છે, જે ખૂબ જ ધૂમ મચાવી રહ્યુ છે, જરા ધારી લો કે જ્યારે આખું આલ્બમ રિલીઝ થશે ત્યારે શું થશે.રેપર એમીવે બંતાઈની ફેન ફોલોઈંગ અદ્ભુત છે. રેપરના લગ્ન થોડા દિવસો પહેલા જ થયા છે અને હવે તે નવા મ્યુઝિક આલ્બમ સાથે વર્ષ 2025ને ધમાલ કરવા તૈયાર છે.

## રાજકુમાર રાવે પત્ની પત્રલેખા સાથે નિર્માણમાં ઝંપલાવ્યું

(એજન્સી) મુંબઈ | તા.02

રાજકુમાર રાવ અને પત્રલેખાએ પોતાના પ્રોડકશનહાઉસ કામ્પા ફિલ્મસને લોન્ચ કર્યું હોવાની ઘોષણા કરી છે. કામ્પા ફિલ્મસના બેનર હેઠળ તેમણે એક નવા પ્રોજેક્ટની શરૂઆત પણ કરી દીધી છે અને એ ફિલ્મનું દિગ્દર્શન વિવેક દાસચોધરીનું છે. જેણે પહેલા ગન્સએન્ડ ગુલાબ્સમાં સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું છે. પ્રોડકશનહાઉસનું કામ્પા નામ એક અંગત નામ સમાન છે. આ નામમાં તેમની



માતાઓના પ્રથમ અક્ષર સમાયેલા છે. પત્રલેખા અને રાજકુમાર રાવે જણાવ્યું હતુ કે, કામ્પા સિનેમા પ્રતિ અમારા પ્રેમનો એક સ્વાભાવિક વિસ્તાર છે. અમે હંમેશા વાર્તા કહેવાના જાદુમાં વિશ્વાસ કર્યો છે. મન-પસંદ વાર્તાઓ પર આધારિત ફિલ્મ બનાવવાની અમારું પ્રોડકશન હાઉસ હવે અમને તક આપશે.આ ક્ષેત્ર સાથે જોડાવા બદલ અમે બન્ને જણા ઉત્સાહિત છીએ. તેમણે વધુમાં કહ્યું હતુ કે, કામ્પા ફિલ્મનું લક્ષ્ય વિચારોત્તેજક અને મનોરંજક હોય એવી ફિલ્મો બનાવવાનું છે. અમને આશા છે કે, અમારા બેનર હેઠળ બનેલી ફિલ્મોને દર્શકો ચોક્કસ આવકારશે.

## બજેટ 2025 પર મુકેશ ભટ્ટે નિર્મલા સીતારમણને પૂછ્યા સવાલો


(એજન્સી) મુંબઈ | તા.02

પહેલા આપણે ધ્યાન આપવાની જરૂર છે. તમારે અમને ફોન કરીને અમારી સાથે ચર્ચા કરવી જોઈએ, તો જ અમે તમને અમારી સમસ્યાઓ જણાવી શકીશું. પરંતુ આ પ્રક્રિયા ક્યારેય અમલમાં મુકાઈ ન હતી. નાણામંત્રી માટે મારો એક જ પ્રશ્ન છે: સવાર ક્યારે આવશે? અમે એક અગ્રણી ઉદ્યોગ છીએ. અમારા ઉદ્યોગમાં પણ લાખો લોકો કામ કરે છે. દેશમાં લાખો લોકો મનોરંજન ઉદ્યોગમાં કામ કરે છે. આપણી પાસે ઘણા લોકો પ્રત્યે જવાબદારી છે. આ પરિસ્થિતિમાં, અમને ફોન કરો અને પૂછો. આ પછી જ આપણે જાણી શકીશું કે સમસ્યા શું છે અને કેટલી ગંભીર છે. પણ સમસ્યા એ છે કે આપણને ધ્યાનમાં પણ લેવામાં આવતા નથી.

## 'મારી પત્ની વિશે....!' મલાઈકા સાથે બ્રેકઅપ બાદ ટૂંક સમયમાં લગ્ન અર્જુન કપૂર?

(એજન્સી) મુંબઈ | તા.02

બોલીવુડ એક્ટર અર્જુન કપૂર હંમેશા પોતાની પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં રહે છે. હાલમાં તે તેની આગામી ફિલ્મ 'મેરે હસબન્ડ કી બીવી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. તાજેતરમાં, ફિલ્મના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં, અર્જુન કપૂરને તેના લગ્નની યોજનાઓ વિશે પૂછવામાં આવ્યું.અર્જુન કપૂર એવા એક્ટરમાંથી એક છે જે પોતાના બ્રેકઅપ અને પેચ-અપને કારણે સમાચારમાં રહે છે. હવે ફેન્સ જાણવા માંગે છે કે એક્ટર ક્યારે લગ્ન કરશે. એક્ટરે પોતે આ પ્રશ્નોના જવાબ આપ્યા છે. અર્જુને કહ્યું કે "જો કંઈ થશે તો હું બધાને જણાવીશ. આજે ફિલ્મ વિશે વાત કરવાનો અને તેની ઉજવણી કરવાનો દિવસ છે."અર્જુન કપૂરે આગળ કહ્યું કે 'હું ફક્ત ફિલ્મ વિશે જ વાત કરીશ. જ્યારે મને આરામદાયક લાગે છે ત્યારે મેં મારા અંગત જીવન વિશે વાત કરી છે, અને જ્યારે યોગ્ય સમય આવશે, ત્યારે આપણે વધુ વાત કરીશું." તેમના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે મલાઈકા અરોરા સાથેના બ્રેકઅપ પછી તે હાલમાં તેની પ્રોફેશનલ લાઈફ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે.ફિલ્મ વિશે વાત કરતાં અર્જુને કહ્યું કે "મારા માટે, અત્યારે મારે મારા પતિની પત્ની બનવાની ઉજવણી કરવી છે. અને જ્યારે સમય



આવશે, ત્યારે હું મારી પત્ની વિશે વાત કરીશ." આ નિવેદનથી ફેન્સ હેરાન અને ખુશ થઈ ગયા કારણ કે પ્રશ્નો ઉભા થયા હતા કે શું તે પોતાના લગ્નનો સંકેત આપી રહ્યો હતો કે ફક્ત પોતાના અંગત જીવન પરથી ધ્યાન હટાવવા માંગતો હતો.

### અર્જુન કપૂરે મલાઈકા સાથેના સંબંધોને લઈને કર્યો ખુલાસો

ગયા વર્ષે, અર્જુન કપૂરે મલાઈકા અરોરા સાથેના તેના સંબંધો પર મૌન તોડ્યું હતું. રાજ ઠાકરેના ઘરે આયોજિત દિવાળી પાર્ટીમાં અર્જુને ખુલાસો કર્યો હતો કે તે હવે સિંગલ છે. એક્ટરના આ નિવેદનથી સ્પષ્ટ થઈ ગયું કે મલાઈકા સાથેનો તેનો 6 વર્ષનો સંબંધ સમાપ્ત થઈ ગયો છે. પરંતુ તેના નિર્ણયથી ફેન્સ ખૂબ નિરાશ થયા હતા.

### આ ફિલ્મમાં જોવા મળશે અર્જુન કપૂર

અર્જુન કપૂરના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો તે ટૂંક સમયમાં ભૂમિ પેડનેકર અને રકુલ પ્રીત સિંહ સાથે રોમેન્ટિક કોમેડી ફિલ્મ મેરે હસબન્ડ કી બીવીમાં જોવા મળશે. ફિલ્મનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે અને આ ફિલ્મ કોમેડી ડ્રામા અને પતિ-પત્ની વચ્ચેની મશ્કરીથી ભરપૂર છે. આ ફિલ્મ 21 ફેબ્રુઆરી 2025 ના રોજ થિયેટરોમાં રિલીઝ થવા જઈ રહી છે.

## ગોવિંદાથી અલગ રહેવા પર પત્ની સુનિતાએ કર્યો મોટો ખુલાસો

(એજન્સી) મુંબઈ | તા.02

સુનિતા આહુજાના આ નિવેદનથી સોશિયલ મીડિયા પર ધૂમ મચી ગઈ, ત્યારબાદ એવી ચર્ચા થઈ કે તે અને ગોવિંદા અલગ થઈ ગયા છે. પરંતુ હવે આ મામલે સ્પષ્ટતા આપતાં સુનિતાએ સ્પષ્ટતા કરી કે "કોઈ અમને અલગ કરી શકશે નહીં." તેણે સ્ત્રીઓને એક ફની સલાહ પણ આપી, કે જો તેઓ તેમના પતિઓને પકડી ન શકે, તો તેણે તેમને 'મારવા' જોઈએ. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સુનિતાએ કહ્યું કે ગોવિંદા સાથેનો તેનો સંબંધ મજબૂત છે અને કોઈ તેને અલગ કરી શકતું નથી. તેણે એમ પણ કહ્યું કે બંને સાથે ખૂબ મજા કરે છે. તેણે એવા લોકોનો પણ ઉલ્લેખ કર્યો જે તેમની વચ્ચે અણબનાવ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને કહ્યું કે તે કોઈને પણ પોતાનું ઘર તોડવા દેશે નહીં.સુનિતાએ સંબંધો પર પોતાના વિચારો પણ શેર કર્યા અને મહિલાઓને સલાહ આપી કે પુરુષોને સમજવું ક્યારેક ક્રિકેટ જેવું હોય છે, ક્યારેક સારું હોય છે, ક્યારેક ખરાબ હોય છે, પરંતુ મહિલાઓએ તેમના પતિનું ધ્યાન રાખવું જોઈએ. સુનિતાએ ગર્વથી કહ્યું કે તે હંમેશા ગોવિંદાને નજીક રાખે છે અને મજાકમાં કહેતી હતી, "જો તમે તેને પકડી ન શકો તો તેને મારજો."સુનિતાએ તેના અને ગોવિંદાના અલગ ઘરમાં રહેવા પાછળના કારણોનો ખુલાસો કર્યો હતો. તેણે જણાવ્યું કે તેના બે ઘર છે, એક બંગલો અને બીજો ફ્લેટ, જ્યાં તે તેના બાળકો સાથે રહે છે અને તેનું મંદિર પણ રાખે છે. તેણે જણાવ્યું કે ગોવિંદાના કામને કારણે તે મોડી રાત સુધી મીટિંગમાં વ્યસ્ત રહે છે, જેના કારણે તેમના દિનચર્યામાં સમસ્યા ઊભી થાય છે.જ્યારે સુનિતાને શાંતિ ગમે છે. તેણે એમ પણ કહ્યું કે ગોવિંદા ક્યારેક આખી રાત કામ કરે છે અને તેથી તેને સમય મળતો નથી, તેથી તે ઓફિસમાં સૂઈ જાય છે. ગોવિંદા અને સુનિતાના લગ્નને 37 વર્ષ થઈ ગયા.



## અશ્નીર ગ્રોવરે ફરી સલમાન ખાનને છંછેડ્યો, કહ્યું- એણે ફાલતુમાં પંગો લીધો, નામ નથી જાણતો તો..


(એજન્સી) મુંબઈ | તા.02

જાણીતા બિઝનેસમેન અશ્નીર ગ્રોવર અને બોલીવૂડ અભિનેતા સલમાન ખાન વચ્ચેનો અણબનાવ ઓછો થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. થોડા સમય પહેલા અશ્નીર ગ્રોવરનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે કહી રહ્યા છે કે 'મે બ્રાન્ડ શૂટ માટે સલમાનને 7 કરોડ રૂપિયા આપ્યો હતા, પરંતુ તેમની ટીમે મારી સાથે છેતરપિંડી કરી.' આ વીડિયો વાયરલ થયો ત્યારબાદ અશ્નીર બિગ બોસ પહોંચ્યા હતા જ્યાં સલમાને તેને ઠપકો આપ્યો હતો. આ દરમિયાન અશ્નીરનું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેણે જણાવ્યું હતું કે, 'સલમાને મારી સાથે ફાલતુમાં પંગો લીધો છે.'

**'તમે મને કેમ બોલાવ્યો?' |** અશ્નીર ગ્રોવર તાજેતરમાં NIT કુરુક્ષેત્ર પહોંચ્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થીઓને સંબોધતા તેમણે સલમાન ખાન અંગે જણાવ્યું હતું કે, 'મે બિનજરૂરી મુશ્કેલી ઊભી કરીને પોતાની સ્પર્ધા ઊભી કરી છે. હું ત્યાં શાંતિથી ગયો, મને બોલાવવામાં આવ્યો. નાટક રચવા માટે, કહો કે હું તમને મળ્યો પણ નથી. તમને તમારું નામ પણ ખબર નથી. અરે, જો મારૂ નામ ખબર નથી તો પછી તમે મને કેમ બોલાવ્યો?'તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'હું તમને એક વાત કહી દઉં, જો તમે મારી કંપનીના બ્રાન્ડ એમ્બેસેડર હોત અને મને મળ્યા વિના તમે બ્રાન્ડ એમ્બેસેડર બન્યા હોત, તો આ શક્ય ન બની શકે.'

### શું છે સમગ્ર મામલો?

થોડા સમય પહેલા, શાર્ક ટેન્ટના જજ અને ભારત પેના સ્થાપક અશ્નીર ગ્રોવરનો એક વીડિયો વાયરલ થયો હતો. આમાં તેણે સલમાન વિશે વાત કરી હતી. વીડિયોમાં અશ્નીર કહેતો જોવા મળ્યો હતો કે, 'સલમાનની ટીમે બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે 7 કરોડ રૂપિયા માંગ્યા હતા, પરંતુ બાદમાં સલમાન માત્ર 4.5 કરોડ રૂપિયામાં જાહેરાત કરવા માટે સંમત થયો. તેમણે શાંત સ્વરમાં અભિનેતાની ટીકા પણ કરી.' વીડિયો વાયરલ થયા પછી અશ્નીર બિગ બોસ 18માં પહોંચ્યા હતા, જ્યાં સલમાને તેને જોરદાર રોસ્ટ કર્યો હતો. આ સમય દરમિયાન, અશ્નીરે પોતાના શબ્દો માટે માફી માંગી હતી. સલમાને કહ્યું કે, 'હું ક્યારેય અશ્નીરને મળ્યો નથી, કે તેણે ક્યારેય કોઈ કરાર પર હસ્તાક્ષર કર્યા નથી.'





## સલમાન ખાનને મળ્યા બાદ અનુપમ ખેર થયા ખુશ- ફોટો શેર કરી દર્શાવ્યો પ્રેમ

(એજન્સી) મુંબઈ | તા.02

બોલિવૂડમાં એવા ઘણા સ્ટાર્સ છે, જેમની મિત્રતા માત્ર ફિલ્મોમાં જ નહીં પરંતુ વાસ્તવિક જીવનમાં પણ એટલી જ કુલ જોવા મળે છે. જોકે, મિત્રતાના નામ સાથે સૌથી વધુ સલમાન ખાનનું નામ જોડાયેલું છે, ઈન્ડસ્ટ્રીમાં લગભગ દરેક સ્ટાર્સ તેમની મિત્રતાના વખાણ કરતા જોવા મળતા હોય છે.ઘણા ફિલ્મ સ્ટાર્સ સલમાન ખાનને માત્ર પોતાનો કો-સ્ટાર જ નહીં પરંતુ ખાસ મિત્ર પણ માને છે. આમાંના એક નામમાં અનુપમ ખેરનો સમાવેશ થાય છે, જેમણે તાજેતરમાં જ અભિનેતા સાથેની તેમની વર્ષોની મિત્રતાનું ઉદાહરણ આપતો ફોટો પણ શેર કર્યો છે.ઈન્ડસ્ટ્રીમાં લગભગ દરેક જણ તેમની મિત્રતાના વખાણ કરતા જોવા મળે છે. હાલમાં જ અનુપમ ખેરે પણ સોશિયલ મીડિયા પર સલમાન ખાન સાથેની તેમની વર્ષો જૂની મિત્રતાનો ઉલ્લેખ કર્યો છે. તેણે સલમાન ખાન સાથે ખૂબ જ ક્યૂટ તસવીર પોસ્ટ કરી છે, જેની સાથે તેણે ખુશીની વાત પણ કરી છેસલમાન ખાન અને અનુપમ ખેર ઘણી ફિલ્મોમાં સાથે જોવા મળ્યા છે. દર્શકો પણ તેમને ખૂબ પસંદ કરે છે. હાલમાં જ અનુપમ ખેરે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સલમાન ખાન સાથેની મુલાકાતની તસવીર પોસ્ટ કરી છે. આ સાથે તેણે કેપ્શનમાં લખ્યું કે સલમાન અને હું અમે બહુ મળતા નથી પરંતુ જ્યારે અમે મળીએ છીએ ત્યારે વર્ષોની મિત્રતાની ખુશી અમારા ચહેરા પર સ્પષ્ટ દેખાય છે. અનુપમ ખેરે સલમાન ખાન સાથે જે ફોટો શેર કર્યો છે તેમાં બંને એકબીજાને ગળે લગાવતા જોવા મળી રહ્યા છે. આટલું જ નહીં પરંતુ ફોટો શેર કરવાની સાથે સાથે અભિનેતાએ શાઝિયા મંજૂરના પ્રખ્યાત ગીતની એક લાઈન પણ મૂકી છે, આ પોસ્ટ પહેલા પણ અનુપમ ખેરે સલમાન ખાન સાથેનો બીજો ફોટો શેર કર્યો હતો અને તેની મિત્રતાની પ્રશંસા કરી હતી.સલમાન અને અનુપમ ખેરે સાથે ઘણી ફિલ્મો કરી છે, જેમાં 'જબ પ્યાર કિસી સે હોતા હૈ', 'પ્રેમ રતન ધન પાયો', 'જાન-એ-મન', 'જુડવા' સામેલ છે. અભિનેતાઓ ઘણીવાર તેમના સોશિયલ મીડિયા દ્વારા જૂની યાદોને શેર કરતા જોવા મળે છે. સલમાનની વાત કરીએ તો લોકો ઘણીવાર તેની મિત્રતાના વખાણ કરતા જોવા મળે છે. એવું કહેવાય છે કે સલમાન હંમેશા તેના મિત્રો અને પરિવાર માટે ઉભા રહે છે.





# શ્રીલંકા ગાલે ટેસ્ટમાં એક ઈનિંગ અને 242 રને હારી ગયું

## ઓસ્ટ્રેલિયા શ્રેણીમાં 1-0થી આગળ: લાયન-કુહનેમેન 4-4 વિકેટ

(એજન્સી) શ્રીલંકા તા 02

બે મેચની ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાએ શ્રીલંકાને એક ઈનિંગ્સ અને 242 રને હરાવ્યું હતું. કાંગારૂ ટીમે શ્રેણીમાં 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. બીજી ટેસ્ટ 6 ફેબ્રુઆરીથી ગાલેમાં રમાશે.



શનિવારે મેચના ચોથા દિવસે પ્રથમ સેશનમાં શ્રીલંકાની ટીમ પ્રથમ દાવમાં 165 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયાએ તેનો પ્રથમ દાવ 654/6ના સ્કોર પર ડિકલેર કર્યો હતો. આ રીતે શ્રીલંકાને 489 રનથી પાછળ રહીને ફોલોઓન રમવાની ફરજ પડી હતી. ત્યાર બાદ ટીમ બીજા દાવમાં 247 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ચોથા દિવસે શ્રીલંકાની 15 વિકેટ પડી ચોથા દિવસે, શ્રીલંકાએ તેનો પ્રથમ દાવ 136/5ના સ્કોર સાથે આગળ વધાર્યો હતો. દિનેશ ચાંદીમલે 63ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું અને કુસલ મેન્ડિસે 10 રનના સ્કોરથી શરૂઆત કરી. ટીમ માત્ર 165 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. ઓસ્ટ્રેલિયા તરફથી મેથ્યુ કુહનેમેને 5 વિકેટ લીધી હતી. નાથન લાયને 3 અને મિચેલ સ્ટાર્કને 2 વિકેટ મળી હતી.શ્રીલંકાએ પણ ચોથા દિવસે જ તેનો બીજો દાવ શરૂ કર્યો હતો. ટીમ 54.3 ઓવર રમીને 247 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. મિડલ ઓર્ડરમાં પાંચ બેટર્સને સારી શરૂઆત મળી હતી, પરંતુ કોઈ પણ બેટર મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો. અંતમાં જેફરી વેન્ડરસેએ 53 રન બનાવ્યા હતા.હોમ ટીમના પાંચ પાર કરી શક્યા ન હતા. ઓસ્ટ્રેલિયા તરફથી બીજા દાવમાં મેથ્યુ કુનહેમેન અને નાથન લાયને 4-4 વિકેટ લીધી હતી.

# ચાલુ મેચે કોહલીને મળવા ત્રણ ફેન્સ મેદાનમાં ઘૂસ્યા:તેમાંથી બે બાળક હતાં




(એજન્સી) નવી દિલ્હી તા 02

રણજી ટ્રોફી 2024-25ના છેલ્લા રાઉન્ડનો આજે ત્રીજો દિવસ છે. આ રાઉન્ડની સૌથી વધુ ચર્ચા દિલ્હી અને રેલવે વચ્ચેની હરીફાઈ હતી. આ મેચ સાથે વિરાટ કોહલી 12 વર્ષ બાદ રણજી ટ્રોફીમાં પરત ફર્યો છે. કોહલી દિલ્હી તરફથી રમી રહ્યો છે. શનિવારે મેચના ત્રીજા દિવસના પ્રથમ સત્ર દરમિયાન ત્રણ ચાહકો સુરક્ષા કોર્ડન તોડીને કોહલીને મળવા મેદાનમાં પ્રવેશ્યા હતા. આ સમયે દિલ્હી બીજા દાવમાં ફિલ્ડિંગ કરી રહી હતી. ઈનિંગની 18મી ઓવરમાં અચાનક ગૌતમ ગંભીરના સ્ટેન્ડમાંથી ત્રણ પ્રશંસક વિરાટ કોહલી તરફ દોડ્યા અને એકે તેના પગને સ્પર્શ પણ કર્યો. આ પછી સિક્યોરિટીએ તરત જ તેમને પકડી લીધા અને મેદાનની બહાર કર્યા. આમાં બે બાળકો હતાં અને એકની ઉંમર 18 વર્ષથી વધુ હશે એવું લાગતું હતું. આ પહેલાં 30 જાન્યુઆરીએ મેચના પહેલા દિવસે એક ફેન અંદર ઘૂસી ગયો હતો અને વિરાટના પગે પડ્યો હતો. વિરાટ ભૈયાનો આ એવો ક્રેઝ છે કે ચાહકો તેને મળવા મેદાનમાં ઊતરે છે,

પરંતુ સુરક્ષાના દૃષ્ટિકોણથી આ સારું નથી. પ્રશંસકોને બહાર લઈ જતી વખતે વિરાટ ભૈયાએ સિક્યોરિટીને તેમને મારવાની મનાઈ કરી હતી. શુક્રવારે મેચના બીજા દિવસે દિલ્હીની પ્રથમ ઈનિંગમાં 15 બોલમાં 6 રન બનાવીને કોહલી આઉટ થયો હતો. તેને રેલવેના હિમાંશુ સાંગવાનએ બોલ્ડ કર્યો હતો. કોહલીએ ઈનિંગ્સની શરૂઆત ડિફેન્સિવ રીતે કરી હતી. તેણે પાંચમો બોલ કવર તરફ ધકેલીને પોતાનો પહેલો રન બનાવ્યો. વિરાટે હિમાંશુના બોલ પર સ્ટ્રેટ ડ્રાઈવ પર ફોર ફટકારી હતી. ત્યાર પછી બીજા જ બોલ પર તે ક્લીન બોલ્ડ થયો હતો.ત્રીજા દિવસે દિલ્હીએ પ્રથમ દાવમાં 334/7ના સ્કોરથી રમવાનું શરૂ કર્યું હતું. ટીમ 374 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. રેલવેની ટીમ પહેલી ઈનિંગમાં 241 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. દિલ્હીને 133 રનની લીડ મળી હતી. રેલવે બીજા દાવમાં 114 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ રીતે દિલ્હીની ટીમ એક ઈનિંગ અને 19 રને વિજય થઈ હતી. દિલ્હી તરફથી શિવમ શર્માએ બીજી ઈનિંગમાં સૌથી વધુ 5 વિકેટ ઝડપી હતી.

# પંડ્યાની ટીમ પર ફિક્સિંગનો આરોપ, મેચ અધવચ્ચે જ અટકી



(એજન્સી) વડોદરા તા 02

વડોદરાના રિલાયન્સ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ગ્રુપ Aની મેચના ત્રીજા દિવસે જમ્મુ-કાશ્મીરના કોચે બરોડા પર આરોપ લગાવ્યો હતો અને અમ્પાયર અને મેચ રેફરીને ફરિયાદ કરી હતી ત્યારે આ વિવાદ સામે આવ્યો હતો. બરોડા માટે આ મેચ કોઈપણ ભોગે જીતવી મહત્વપૂર્ણ છે.

પંડ્યાની ટીમ પર ફિક્સિંગનો આરોપ, મેચ અધવચ્ચે જ અટકી, રણજી ટ્રોફીમાં મોટો હંગામોરણજી ટ્રોફીના ગ્રુપ સ્ટેજના છેલ્લા રાઉન્ડમાં, બધુ ધ્યાન અને ચર્ચા દિલ્હી-રેલ્વે ટક્કર પર હતી. આનું કારણ વિરાટ કોહલી હતો, જે 12 વર્ષ પછી આ ટુર્નામેન્ટમાં વાપસી કરી રહ્યો હતો. પરંતુ હવે બીજી એક મેચે બધાનું ધ્યાન ખેંચ્યું છે અને તેનું કારણ કોઈ સુપરસ્ટાર નહીં, પરંતુ ફિક્સિંગ જેવા ગંભીર આરોપો છે. આ વિવાદ જમ્મુ-કાશ્મીર (JK) અને બરોડા વચ્ચે રમાઈ રહેલી મેચમાં સામે આવ્યો છે, જેમાં જમ્મુ-કાશ્મીર ટીમે યજમાન ટીમ પર પિચ ફિક્સિંગનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે ત્રીજા દિવસે રમત લાંબા સમય સુધી રોકી રાખવામાં આવી હતી.વડોદરામાં રમાઈ રહેલી એલિટ હતો જેણે સૌને ચોંકાવી દીધા હતા. જમ્મુ અને કાશ્મીરને 125 રનથી વધુના સ્કોર સાથે તેની બીજી ઈનિંગ ચાલુ રાખવી પડી હતી.

# જસપ્રીત બુમરાહ-સ્મૃતિ મંધાના બન્યા બેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર




(એજન્સી) નવી દિલ્હી તા 02

BCCI એ 2023-24 સિઝનમાં ભારતીય ક્રિકેટમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલાડીઓનું સન્માન કર્યું હતું, જેમાં માત્ર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જ નહીં, પરંતુ સ્થાનિક ક્રિકેટના ઉભરતા અને અનુભવી ખેલાડીઓને પણ તેમના યાદગાર પ્રદર્શન માટે પુરસ્કારો મળ્યા હતા. BCCI એવોર્ડ્સમાં સ્મૃતિ મંધાના અને જસપ્રીત બુમરાહને વર્ષના શ્રેષ્ઠ ક્રિકેટર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જ્યારે સચિન તેંડુલકર અને રવિચંદ્રન અશ્વિનનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.ટીમ ઈન્ડિયાના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ અને મહિલા ક્રિકેટ ટીમની અનુભવી ઓપનર સ્મૃતિ મંધાનાને BCCI દ્વારા વર્ષના શ્રેષ્ઠ ક્રિકેટર તરીકે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભારતીય ક્રિકેટના આ બે સ્ટાર્સને મુંબઈમાં આયોજિત BCCIના વાર્ષિક 'નમન એવોર્ડ્સ'માં 2023-24 સિઝનમાં વર્ષના સૌથી મોટા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ બંને સિવાય BCCIએ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરને પણ લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડથી ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર સુપરસ્ટાર ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિનને ભારતીય ક્રિકેટમાં તેમના યોગદાન માટે વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.

# 6 રન પર આઉટ થવા છતાં દિલ્હીમાં વિરાટ કોહલીનું થયું વિશેષ સન્માન

(એજન્સી) નવી દિલ્હી તા 02



રણજી ટ્રોફીમાં વિરાટ કોહલીની વાપસી બેટથી યાદગાર ન રહી, પરંતુ દિલ્હી ક્રિકેટે વિરાટ કોહલીના માટે આ પ્રસંગને ખાસ બનાવ્યો અને મેચના બીજા દિવસે વિરાટ કોહલીનું વિશેષ સન્માન થયું હતું. DDCAના પ્રમુખ રોહન જેટલીએ કોહલીને વિશેષ ટ્રોફી અને શાલ આપી સન્માનિત કર્યો હતો. લગભગ 13 વર્ષ બાદ રણજી ટ્રોફીમાં વિરાટ કોહલીની વાપસી સારી રહી ન હતી. પોતાના હોમ ગ્રાઉન્ડ અરુણ જેટલી સ્ટેડિયમમાં રેલવે સામે દિલ્હી તરફથી રમતા વિરાટ પ્રથમ દાવમાં માત્ર 6 રન બનાવીને આઉટ થયો હતો. બેટ સાથે વિરાટનું પુનરાગમન સારું નહોતું પરંતુ તેમ છતાં દિલ્હી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (DDCA) એ આ મેચને તેના માટે ખાસ બનાવી હતી. મેચના બીજા દિવસે DDCAએ વિરાટ કોહલીનું 100 ટેસ્ટ મેચ રમવાની સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ વિશેષ સન્માન કર્યું હતું.દિલ્હી અને રેલવે વચ્ચે રમાઈ રહેલી રણજી ટ્રોફી મેચના બીજા દિવસે શુક્રવારે 31 જાન્યુઆરીએ વિરાટ કોહલીને આ વિશેષ સન્માન મળ્યું. દિવસની રમત સમાપ્ત થયા પછી, DDCA પ્રમુખ રોહન જેટલીએ વિરાટનું વિશેષ ટ્રોફી અને શાલ આપીને સન્માન કર્યું. કોહલીને 100 ટેસ્ટ મેચ રમવા બદલ આ સન્માન મળ્યું છે. વિરાટ 100 ટેસ્ટ મેચ રમનાર દિલ્હીનો ત્રીજો ક્રિકેટર છે. તેના પહેલા વીરેન્દ્ર સેહવાગ અને ઈશાંત શર્માએ આ સિદ્ધિ મેળવી હતી. વિરાટે લગભગ 3 વર્ષ પહેલા માર્ચ 2022માં તેની 100મી ટેસ્ટ મેચ રમી હતી અને તે પછી તેણે 2023માં દિલ્હીમાં ટેસ્ટ મેચ પણ રમી હતી, પરંતુ ત્યારબાદ DDCA તેનું સન્માન કરવાનું ભૂલી ગયું હતું. તેમ છતાં, DDCAએ ભૂલ સુધારી અને ભૂતપૂર્વ ભારતીય કેપ્ટનનું વિશેષ સન્માન કર્યું.

# કન્કશન સબસ્ટિટ્યુટ નિયમ શું છે, જેના કારણે ઈંગ્લેન્ડ હારી ગયું?


(એજન્સી) નવી દિલ્હી તા 02

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી ટી20 મેચ દરમિયાન હર્ષિત રાણા કન્કશન સબસ્ટિટ્યુટ તરીકે મેદાનમાં ઉતર્યો હતો. પરંતુ કનકશન સબસ્ટીટ્યુટનો નિયમ આખરે શું છે અને કેવી રીતે કામ કરે છે? ક્રિકેટમાં તેની જરુર કેમ પડી અને ક્યારે આ નિયમ લાગું થયો છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે પુણેમાં રમાયેલી ચોથી ટી20 મેચમાં હર્ષિત રાણા ચર્ચામાં રહ્યો છે.જેનું કારણ હર્ષિત રાણાનું પ્રદર્શન રહ્યું છે. જેમણે ઈંગ્લેન્ડની 3 વિકેટ લઈ ટીમ ઈન્ડિયાને જીતાડવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે પરંતુ હર્ષિત રાણા આ મેચનો ભાગ ન હતો, તેમણે આ મેચ વચ્ચે શિવમ દુબેના કન્કશન સબસ્ટિટ્યુટ તરીકે ટીમમાં સ્થાન મળ્યું હતુ. અને તેમણે શાનદાર પ્રદર્શન કર્યું હતુ. પરંતુ હવે લોકો જાણવા માંગે છે કે, આ કન્કશન શું હોય છે અને ક્રિકેટમાં આ નિયમ કેવી રીતે લાગુ થાય છે? આ નિયમ ક્યારથી લાગું થયો અને ટીમ ઈન્ડિયાને કેવી રીતે ફાયદો મળશે? આને સમજવા માટે ભારત-ઈંગ્લેન્ડની મેચનું ઉદાહરણ લઈ શકીએ છીએ.ભારતની ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જેમી ઓવર્ટનનો બોલ શિવમ દુબના હેલમેટમાં લાગ્યો હતો. હેલમેટમાં બોલ લાગતા ટીમ ઈન્ડિયાના ફિઝિયો મેદાન પર આવ્યો અને તેમણે દુબેની તપાસ કરી હતી.તેમણે કહ્યું દુબે ફિટ છે અને આગળ રમી શકે છે. ઈનિંગ્સમાં માત્ર 2 બોલ બાકી હતા અને દુબે રમવાનું ચાલું રાખ્યું.

# બીસીસીઆઈ એવોર્ડ્સમાંથી ગાયબ હતો સ્ટાર ક્રિકેટર કોહલી

(એજન્સી) મુંબઈ તા 02

શનિવાર 1 ફેબ્રુઆરીએ BCCIએ મુંબઈમાં એક ખાસ એવોર્ડ શોનું આયોજન કર્યું હતું, જેમાં સચિન તેંડુલકર, રવિચંદ્રન અશ્વિન , જસપ્રીત બુમરાહ, સ્મૃતિ મંધાના જેવા સ્ટાર ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને આ દરમિયાન રોહિત શર્મા સહિત ટીમ ઈન્ડિયાના અનેક સ્ટાર ખેલાડીઓ હાજર હતા, પરંતુ વિરાટે હાજરી આપી ન હતી. પહેલી ફેબ્રુઆરી શનિવારની સાંજ ભારતીય ક્રિકેટ માટે ખાસ હતી. મુંબઈની એક ફાઈવ સ્ટાર હોટલમાં ભારતીય ક્રિકેટ સ્ટાર્સ અને ઉભરતા ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન એવોર્ડ જીતનાર ખેલાડીઓ સિવાય ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્મા સહિત અન્ય સ્ટાર્સ પણ હાજર હતા, જ્યારે કોચ ગૌતમ ગંભીર પણ ટીમની સાથે હતો. જો કે, આ સ્ટાર્સથી ભરપૂર મેળાવડામાં એક મોટો ચહેરો ખૂટતો હતો અને તે હતો વિરાટ કોહલી. હવે સવાલ એ છે કે વિરાટ કોહલી BCCIની આ ઈવેન્ટમાં કેમ હાજર ન રહ્યો? આ બધાની વચ્ચે વિરાટ કોહલીએ એવોર્ડ ફંક્શનમાં હાજરી આપી ન હતી અને તેનું કારણ તેની રણજી ટ્રોફી મેચ હતી. જી હા, એ જ રણજી ટ્રોફી મેચ જેમાં વિરાટે 12 વર્ષ બાદ પુનરાગમન કર્યું હતું અને જેની છેલ્લા કેટલાક દિવસોથી દરેક જગ્યાએ ચર્ચા થઈ રહી છે. આ મેચ માટે વિરાટ દિલ્હીમાં હાજર હતો અને શનિવારે મેચનો ત્રીજો દિવસ હતો.



BCCI એવોર્ડસમાં વિરાટ ગાયબ

અમે તમને આનો જવાબ પણ આપીએ છીએ. BCCI દર વર્ષે આ પુરસ્કારોનું આયોજન કરે છે, જેમાં માત્ર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં જ નહીં પરંતુ સ્થાનિક ક્રિકેટમાં પણ સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓનું સન્માન કરવામાં આવે છે. આવી સ્થિતિમાં ટીમ ઈન્ડિયાના દિગ્ગજ ખેલાડીઓને હંમેશા આ એવોર્ડ્સમાં સામેલ કરવામાં આવે છે અને આ વખતે પણ તેનાથી અલગ નથી. રોહિત શર્મા, સૂર્યકુમાર યાદવ, હાર્દિક પંડ્યા, જસપ્રિત બુમરાહ, શુભમન ગિલ જેવા ટીમના સ્ટાર્સ સાંજનો ભાગ હતા.

# ત્રણેય ફોર્મેટની વિમેન્સ એશિઝમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 16-0થી હરાવીને નવો રેકોર્ડ નોંધાવ્યો

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 02

ઓસ્ટ્રેલિયન ક્રિકેટ માટે શનિવારનો દિવસ શાનદાર રહ્યો છે. મેન્સ ટીમે શ્રીલંકાને ઈનિંગ્સથી હરાવીને ટૂરની વિજયી શરૂઆત કરી છે. બીજી તરફ વિમેન્સ ટીમે ઈંગ્લેન્ડ સામે નવો ઈતિહાસ રચ્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમે વિમેન્સ એશિઝની તમામ મેચોમાં ધમાકેદાર વિજય હાંસલ કરવા ઉપરાંત એશિઝના ઈતિહાસમાં ઈંગ્લેન્ડને પ્રથમ વખત એકતરફી અંદાજમાં હરાવ્યું હતું. મેલબોર્ન ખાતે પિંક બોલથી રમાયેલી એકમાત્ર ડે-નાઈટ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડને એક ઈનિંગ અને 122 રનથી પરાજય આપ્યો હતો. આ રીતે



ઓસ્ટ્રેલિયાએ વિમેન્સ એશિઝની ટી20, વન-ડે તથા ટેસ્ટની તમામ શ્રેણીમાં ક્લીનસ્વીપ કરી છે. એનાબેલ સધરલેન્ડને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી. વિમેન્સ એશિઝ 2025માં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને મલ્ટી ફોર્મેટ સિરીઝમાં 16-0થી સૂપડાં સાફ કર્યા હતા. કુલ સાત મુકાબલા રમાયા હતા.

# રોહિત શર્માએ 'શોખ'ને લઈને કહી આ વાત!

(એજન્સી) નવી દિલ્હી તા 02

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે શનિવારે સાંજે નમન એવોર્ડ્સનું આયોજન કર્યું હતું. આમાં સચિન તેંડુલકરને 'સીકે નાયડુ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' આપવામાં આવ્યો. જ્યારે જસપ્રીત બુમરાહને 'પોલી ઉમરીગર એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માએ પણ ભાગ લીધો હતો. રોહિતની સાથે મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી સ્મૃતિ મંધાનાએ પણ ભાગ લીધો. સ્મૃતિ મંધાનાએ રોહિતના કાર્યક્રમ અંગે એક સવાલ પૂછ્યો. આને લઈને રોહિતે પોતાની ભૂલી જવાની આદત વિશે મોટો ખુલાસો કર્યો. સ્મૃતિએ રોહિતને પૂછ્યું કે તેનો એવો શોખ શું છે જેના વિશે તેના સાથી ખેલાડીઓ તેને સૌથી વધુ ચીડવે છે. આ રોહિતે કહ્યું કે આ કોઈ શોખ જેવું નથી. પણ તેઓ બધા મને ભૂલી જવાની મારી આદત વિશે ખૂબ ચીડવે છે.




જવાબમાં રોહિતે કહ્યું કે "બધા કહે છે કે હું મારું પર્સ, પાસપોર્ટ કે મોબાઈલ ફોન ભૂલી જાઉં છું. પરંતુ એવું નથી. આ બિલકુલ સાચું નથી. "આવું દાયકાઓ પહેલા થતું હતું." રોહિતના આ નિવેદન પર સંજુ સેમસન, હાર્દિક પંડ્યા, શુભમન ગિલ સહિત બધા ખેલાડીઓ હસવા લાગ્યા.

ખેલાડીઓને મળ્યું વિશેષ સન્માન

ટીમ ઈન્ડિયાના અનુભવી ઓલરાઉન્ડર રવિચંદ્રન અશ્વિનનું આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. બીસીસીઆઈએ અશ્વિનને એક ખાસ એવોર્ડ આપ્યો છે.

# શું મોહમ્મદ શમી રમશે પાંચમી T20?બોલિંગ કોચેઆપી માહિતી



(એજન્સી) નવી દિલ્હી તા 02

ભારતના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીએ ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી20 શ્રેણીમાં આંતરરાષ્ટ્રીય અર્શદીપ સિંહની જગ્યાએ ત્રીજી T20 મેચમાં તક મળી હતી. આ મેચમાં તેણે 3 ઓવર ફેંકી હતી અને તેને એક પણ વિકેટ મળી ન હતી. તે જ સમયે, હવે ટીમ ઈન્ડિયાએ ટી20 શ્રેણીમાં 3-1ની અજેય સરસાઈ મેળવી લીધી છે. હવે દરેકના મનમાં સવાલ છે કે શું મોહમ્મદ શમીને પાંચમી T20 મેચમાં તક મળશે? આ સવાલનો જવાબ ટીમ ઈન્ડિયાના બોલિંગ કોચ મોર્ને મોર્કલે આપ્યો છે. શમી વિશે વાત કરતા બોલિંગ કોચ મોર્ને મોર્કેલે કહ્યું, "શમીએ ત્રીજી T20 મેચમાં ખરેખર સારી બોલિંગ કરી. વોર્મ-અપમાં પણ તે સારી બોલિંગ કરી રહ્યો છે. તે જે રીતે પ્રગતિ કરી રહ્યો છે તેનાથી હું ખૂબ જ ખુશ છું. તેને કદાચ પાંચમી મેચમાં તક મળશે અને અમે જોઈશું કે વસ્તુઓ કેવી રીતે આગળ વધે છે. હું તેને ટીમમાં પરત લેવા માટે ઉત્સાહિત છું. તે યુવા બોલરો સાથે પોતાનો અનુભવ શેર કરી રહ્યો છે, જેનાથી યુવા બોલરોને ફાયદો થઈ રહ્યો છે. તેને ટીમમાં પરત મળવો ખૂબ જ સારી વાત છે." શમીએ રાજકોટ ટી20માં ત્રણ ઓવરમાં 25 રન આપ્યા હતા. નવેમ્બર 2022 પછી આ તેની પ્રથમ ટી20 મેચ હતી. શમીનું ફોર્મ ભારત માટે મહત્વનું છે

શમી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા ઈંગ્લેન્ડ સામેની શ્રેણીમાંથી પુનરાગમન કરવા માટે તૈયાર લાગે છે. પગની ઘૂંટીની ઈજા બાદ તે એક પણ વનડે મેચ રમ્યો નથી. શમીનું ફોર્મ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે, ખાસ કરીને જસપ્રિત બુમરાહને હજુ સુધી ફિટ જાહેર કરવામાં આવ્યો નથી. ભારત ચેમ્પિયન્સ ટ્રોફી 2025ની ટીમમાં 11 ફેબ્રુઆરી સુધી ફેરફાર કરી શકે છે.

# 24 વર્ષની કારકિર્દી, અનેક માઈલસ્ટોન અને અવોર્ડ્સની ભરમાર..!

(એજન્સી) નવી દિલ્હી તા 02

BCCI આપશે લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ ભૂતપૂર્વ ટીમ ઈન્ડિયાના મહાન બેટ્સમેન અને ક્રિકેટ ગોડ સચિન તેંડુલકરને શનિવારે ભારતીય ક્રિકેટ બોર્ડ (બીસીસીઆઈ) ના વાર્ષિક ફંક્શનમાં 'લાઈફટાઈમ એચિવમેન્ટ (લાઈફ એચિવમેન્ટ)' એવોર્ડ આપવામાં આવશે. ભારત માટે 664 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે, 51 વર્ષીય તેંડુલકર ક્રિકેટ ઈતિહાસમાં સૌથી વધુ ટેસ્ટ અને વનડે રનનો રેકોર્ડ ધરાવે છે. આ સાથે સચિને તેની કારકિર્દીમાં ઘણા એવોર્ડ પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત મીડિયા ક્ષેત્રના અને સ્વતંત્ર મેચ અને સિરીઝના પણ અવાર્ડ્સ અલગથી પ્રાપ્ત કર્યા છે. સચિને કારકિર્દી દરમિયાન એવી રમત રમી કે એક સમય એવો પણ આવ્યો જ્યારે તેને "ગોડ ઓફ ક્રિકેટ" નું ખિતાબ પણ મળી ગયું. ચાહકોના પ્રેમથી વિશેષ કયાં કોઈ એવોર્ડ હોય છે જ..!! ચાલો એક નજર કરીએ આ લેજેન્ડ્રી ખેલાડીની ખાસ વાતો પર.. તેંડુલકર, જે તેના યુગનો સૌથી મોટો બેટ્સમેન માનવામાં આવે છે, તે દરેક પરિસ્થિતિમાં રન બનાવવા માટે જાણીતો બનાવ્યા હતા. તેની પાસે પરીક્ષણો અને વનડે ફોર્મેટ્સને મિશ્રિત કરીને 100 સદીઓ ફટકારવાનો રેકોર્ડ પણ છે. 17 વર્ષીય તેંડુલકરે પર્થની અત્યંત ઉછાળવાળી 'વાકા' પિચ પર સદી બનાવી, બસ ત્યારથી જ ઘણા યુવાનોને તેમના નાયક મળી ગયા. 1998 માં શારજાહમાં ઓસ્ટ્રેલિયા સામે 'ડેઝર્ટ સ્ટોર્મ સેન્ચ્યુરી' બનાવી, તો મધ્યમ વર્ગના લોકોએ તેમનામાં પુત્રની ઝલક જોઈ.

# ચેમ્પિયન્સ ટ્રોફી-2025ની ફાઈનલમાં આ બે ધરખમ ટીમ પહોંચશે

(એજન્સી) ઓસ્ટ્રેલિ તા 02

ICC Champions Trophy 2025, Ricky Ponting : આગામી ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પાકિસ્તાનમાં 19 ફેબ્રુઆરીએ શરુ થવાની છે. આ ટુર્નામેન્ટ શરુ થાય તે પહેલા જ કઈ ટીમ ફાઈનલમાં પહોંચશે તેને લઈને ભવિષ્યવાણી કરવાનું શરુ થઈ ગયું છે. જેને લઈને પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન રિકી પોન્ટિંગે ટુર્નામેન્ટની ફાઈનલમાં સ્થાન મેળવનારી સંભવિત બે ટીમોની ભવિષ્યવાણી કરી છે. પોન્ટિંગએ જણાવ્યું હતું કે, 'આ ટુર્નામેન્ટની ફાઈનલમાં ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટક્કર થઈ શકે છે. રોહિત શર્મા અને પેટ કમિન્સનના નેતૃત્વમાં ભારત અને ઓસ્ટ્રેલિયા અગાઉ ફાઈનલમાં બે વખત એકબીજા સામે ટકરાઈ ચૂક્યા છે. જેમાં એક ICC ચેમ્પિયન્સ ટ્રોફીની જેમ વનડે વર્લ્ડકપ પણ સામેલ છે.

# કોહલીને બોલ્ડ કરનાર 'કિંગ'ના ડ્રેસિંગ રૂમમાં પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી તા 02

રણજીમાં કોહલીને બોલ્ડ કરનાર 'કિંગ'ના ડ્રેસિંગ રૂમમાં પહોંચ્યો, વિરાટે બોલ જોઇ કહ્યું - મજા આવી ગઈ! રણજી ટ્રોફીમાં દિલ્હીએ રેલ્વે સામે એક ઈનિંગ અને 19 રનથી શાનદાર જીત મેળવી હતી. જો કે, આ મેચમાં વિરાટ કોહલીના ચાહકો તેના પ્રદર્શનને લઈને નિરાશ થયા હતા. 13 વર્ષના લાંબા સમય પછી કોહલી ઘરેલું ક્રિકેટમાં રમવા અરુણ જેટલી સમયમાં ઉતર્યો હતો. આ મેચમાં પણ કોહલી કંઈ ખાસ પ્રદર્શન કરી શક્યો ન હતો. તે 15 બોલનો સામનો કરીને માત્ર 6 રન બનાવીએ ઝડપી બોલર હિમાશું સાંગવાન હાથે ક્લીન બોલ્ડ થઇ ગયો હતો. મેચ બાદ કોહલીને મળ્યો હિમાશું સાંગવાન હકીકતમાં મેચ ખતમ થયા બાદ બોલર હિમાશું સાંગવાન વિરાટ કોહલીના ડ્રેસિંગ રૂમમાં પહોંચ્યો હતો. ત્યારે તેના હાથમાં એક બોલ હતો કે જેનાથી તેણે કોહલીને આઉટ કર્યો હતો. કોહલીએ બોલ જોઈને કહ્યું હતું કે, 'શું આ એ જ બોલ છે જેનાથી તે મને આઉટ કર્યો હતો.' હિમાશું એ 'હા' કહેતા કોહલીએ કહ્યું કે, 'ખૂબ જ શાનદાર બોલ હતો, મજા આવી ગઈ!' ત્યારબાદ કોહલીએ બોલ પર પોતાની સહી પણ કરી હતી. જેને લઈને તેણે કહ્યું હતું કે, 'મેં તારા વિશે ઘણું સાંભળ્યું છે. તું સારો બોલર છે. ભવિષ્ય માટે શુભકામનાઓ.' રેલ્વેની બીજી ઈનિંગમાં ચાહકોને આશા હતી કે, કોહલી આ મેચમાં બીજી વખત બેટિંગ કરવા આવશે. પરંતુ સ્પીનર શિવમ શર્માની ઘાતક બોલિંગના કારણે રેલ્વે 30.5 ઓવરમાં 114 રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી.

## 157 વર્ષમાં કોઈ મહિલા લિબરલ પાર્ટીની નેતા બની નથી

# કેનેડાના PM બનવાની રેસમાં 3 મહિલાઓ: તેમાં ભારતીય મૂળની રૂબી સામેલ

(એજન્સી) ઓટાવા તા 02

કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની લિબરલ પાર્ટી 9 માર્ચે તેના નવા નેતા અને દેશના વડાપ્રધાનની પસંદગી કરશે. આ રેસમાં 5 નામો આગળ છે, જેમાંથી 3 મહિલાઓ છે.

તેમાંથી, ભારતીય મૂળની રૂબી ઢલ્લા, ભૂતપૂર્વ ડેપ્યુટી પીએમ ક્રિસ્ટિયા ફ્રીલેન્ડ અને લિબરલ પાર્ટીના હાઉસ લીડર કરીના ગુલ્ડ અગ્રણી મહિલા નેતા છે. ઈન્વેસ્ટમેન્ટ બેન્કર માર્ક કાર્ની અને બિઝનેસમેન ફ્રેન્ક બેલિસ પણ કેનેડા પીએમની રેસમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ટ્રુડો 12 વર્ષથી લિબરલ પાર્ટીના વડા છે અને 9 વર્ષથી પીએમ છે.

ટ્રુડોએ 6 જાન્યુઆરીએ તેમના રાજીનામાની જાહેરાત કરી છે. પાર્ટીના નેતાઓએ તેમના પર બેરોજગારી, વિદેશ નીતિ અને અલગતાવાદીઓને નિયંત્રિત કરવાના મોરચે નિષ્ફળતાનો આરોપ લગાવ્યો છે. આગામી વડાપ્રધાન ચૂંટાય ત્યાં સુધી ટ્રુડો કેનેડાના PM પદ પર રહેશે. રૂબીએ 22 જાન્યુઆરીના રોજ સત્તાવાર રીતે જસ્ટિન ટ્રુડોને બદલવા માટે પોતાનો દાવો રજૂ કર્યો હતો. લિબરલ પાર્ટીએ તેમને સોમવારે, 24 જાન્યુઆરીએ ચૂંટણી લડવાની મંજૂરી આપી હતી. જો રૂબી ઢલ્લા જસ્ટિન ટ્રુડોના સ્થાને ચૂંટાય છે, તો તે કેનેડાના પ્રથમ અશ્વેત મહિલા વડાપ્રધાન બનશે. રૂબીએ મંગળવારે જાહેરાત કરી હતી કે જો તે ચૂંટાશે તો તે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દેશમાંથી હાંકી કાઢશે. રાજકારણમાં આવતા પહેલા ઢલ્લાએ હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું હતું. ઢલ્લાએ 2003માં ફિલ્મ 'ક્યૂં, કિસ લિયે'માં કામ કર્યું હતું. 1993માં તે મિસ ઈન્ડિયા કેનેડા સ્પર્ધાની રનર અપ પણ રહી હતી.

ટ્રુડો સાથે મતભેદને કારણે ક્રિસ્ટિયાએ રાજીનામું આપ્યું હતું. તેને પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. જો કે, ટીકાકારો તેમને એકદમ અવ્યવહારુ ગણાવી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમને ટોક્સિક ગણાવ્યા છે. માર્ક કાર્ની કેનેડાના ભૂતપૂર્વ કેન્દ્રીય બેંકના વડા છે. તેઓ પોતાને આર્થિક ઉકેલકર્તા તરીકે દર્શાવીને પોતાનો દાવો મજબૂત કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે તેઓ દેશને આર્થિક સંકટમાંથી બહાર કાઢી શકે છે.



### 72% કેનેડિયનોએ કહ્યું- ખાલિસ્તાની ભાગલાવાદીઓ પર અંકુશ હોવો જોઈએ

કેનેડામાં ખાલિસ્તાની ભાગલાવાદીઓનો મોટા પાયા પર વિરોધ થઈ રહ્યો છે. 54% કેનેડિયનો અહીં ખાલિસ્તાની ભાગલાવાદી આંદોલનનો વિરોધ કરે છે.
તેમજ, 72% માને છે કે ખાલિસ્તાની જેવા વિદેશી ભાગલાવાદીઓ પર અંકુશ હોવો જોઈએ. તેમની સામે કડક કાર્યવાહી જરૂરી છે. પોલ એજન્સી લેગર 360ના સર્વેમાં આ વાત સામે આવી છે. અહેવાલ અનુસાર, 30% કેનેડિયનો માને છે કે ખાલિસ્તાનીઓની ભાગલાવાદી પ્રવૃત્તિઓને કારણે શીખ સમુદાયને અન્યાયી તપાસમાંથી પસાર થવું પડે છે. કેનેડિયન પીએમ ટ્રુડોનું રાજીનામું: કહ્યું- આગામી ચૂંટણી માટે હું સારો વિકલ્પ નથી; પાર્ટીના સાંસદો તરફથી પદ છોડવાનું દબાણ હતું કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ 6 જાન્યુઆરીની સાંજે તેમના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે પાર્ટીના નેતાનું પદ પણ છોડી દીધું હતું. રાજીનામું આપતા પહેલા તેમણે રાષ્ટ્રને સંબોધન કર્યું હતું. ટ્રુડોએ કહ્યું કે તેઓ આગામી ચૂંટણી માટે સારી પસંદગી ન હોઈ શકે.

## 12 ફેબ્રુઆરીએ કોર્ટમાં હાજર થશે, ભારતીય મીડિયાના અહેવાલ ખોટા

# યુએસ સંસદમાં ચાઈનીઝ AI ડીપસીકના ઉપયોગ પર પ્રતિબંધ: ફોન-કમ્પ્યુટર પર પણ ઈન્સ્ટોલ કરવા પર પ્રતિબંધ

(એજન્સી) વોશિંગ્ટન તા 02

કેટલાક રિપોર્ટ્સમાં દાવો કરાયો છે કે ડીપસીક કંપનીએ તેનું AI મોડલ માત્ર રૂ. 48.45 કરોડમાં ડેવલપ કર્યુ હતું. યુએસ સંસદ અને કોંગ્રેસે તેની ઓફિસમાં ચીનની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચેટબોટ ડીપસીકના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. એક્સિઓસના રિપોર્ટ મુજબ, યુએસ કોંગ્રેસે આ અંગે એક નોટિસ જાહેર કરીને કહ્યું છે કે સિસ્ટમમાં ખતરનાક સોફ્ટવેર અપલોડ કરવા માટે ઘણા ચેટબોટ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. તેમાં ડીપસીક સાથે સંકળાયેલા જોખમો વિશે પણ જણાવાયું છે.

યુએસ કોંગ્રેસે કહ્યું કે AI ટેક્નોલોજીના ઝડપી વિકાસને કારણે તે સુરક્ષા અને વહીવટી પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ, કોંગ્રેસના મુખ્ય વહીવટી અધિકારીનું કહેવું છે કે હાલમાં ડીપસીકની તપાસ ચાલી રહી છે. આ કારણોસર તેનો ઉપયોગ યુએસ કોંગ્રેસના ઓફિસમાં કરી શકાતો નથી. કોઈપણ સંભવિત જોખમ માટે, ગૃહ દ્વારા જારી કરાયેલા તમામ ડિવાઈસમાં ડીપસીકના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.



### 2023 માં ChatGPT ના ઉપયોગ પર લિમિટ લાદવામાં આવી હતી

આ પહેલીવાર નથી જ્યારે યુએસ કોંગ્રેસે AI પ્રોડક્ટના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હોય. 2023માં ChatGPTના ઉપયોગ પર લિમિટ લાદવામાં આવી હતી. ChatGPT નું પેઈડ વર્ઝન માત્ર કેટલીક ખામીઓ માટે છોડી દેવામાં આવ્યું હતું. એ જ રીતે ગયા વર્ષે એપ્રિલમાં Microsoft Copilotના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉપરાંત, કર્મચારીઓને સત્તાવાર ફોન, કમ્પ્યુટર અને ટેબલેટ પર ડીપસીક ઈન્સ્ટોલ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

### ચાઈનીઝ AI મોડલ અમેરિકન કંપનીઓ કરતા ઘણા સસ્તા છે

ડીપસીક એ સંપૂર્ણપણે મફત અને ઓપન સોર્સ AI મોડલ છે. આ સિવાય ચીનનું મોડલ ખૂબ જ ઓછા ખર્ચે તૈયાર કરવામાં આવ્યું છે, જ્યારે એનવીડિયા, માઈક્રોસોફ્ટ અને મેટા જેવી અમેરિકન કંપનીઓએ AI મોડલ તૈયાર કરવામાં મોટું રોકાણ કરીને AI મોડલ તૈયાર કર્યુ છે. કેટલાક અહેવાલો દાવો કરે છે કે ડીપસીક કંપનીએ તેનું AI મોડલ માત્ર રૂ. 48.45 કરોડમાં ડેવલપ કર્યુ હતું.

### ડીપસીક એપ સ્ટોર પર ChatGPTને પાછળ ધકેલી દીધું છે

ચીનની ડીપસીક એપ કંપનીની વેબસાઈટ અને એપલના એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરી શકાય છે. AI કોડિંગ અને મેથ્સ જેવા જટિલ ટાસ્કમાં અત્યંત સચોટ પરિણામો આપે છે. હાલમાં, તે અમેરિકા અને યુકેમાં એપલ એપ સ્ટોર પરથી ડાઉનલોડ કરવાના સંદર્ભમાં પ્રથમ સ્થાને રહ્યું. તે બંને જગ્યાએ ઓપન AIના ChatGPTને પાછળ ધકેલ્યું છે.

**ડીપસીકની વિશેષતાઓ :** ડીપસીક એક AI ચેટબોટ છે. તેને માત્ર કમાન્ડ આપવાનો હોય છે અને તે મુજબ પરિણામ આવે છે. તે તમામ કામ કરી શકે છે જે અન્ય AI મોડલ્સ જેમ કે ChatGPT, Meta પર કરી શકાય છે. ડીપસીક AI કોડિંગ અને મેથ્સ જેવા જટિલ કાર્યોને પણ ખૂબ જ ચોકસાઈ સાથે પૂર્ણ કરવામાં સક્ષમ છે. તે એક ફ્રી અને ઓપન સોર્સ AI મોડલ છે, તે સમગ્ર વિશ્વમાં દરેક માટે સરળતાથી ઉપલબ્ધ છે. ચીનના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) મોડલ ડીપસીકની એન્ટ્રીને કારણે સોમવારે અમેરિકન ટેક કંપની Nvidiaનું મૂલ્ય લગભગ 600 બિલિયન ડોલર (રૂ. 51.31 લાખ કરોડ) ઘટી ગયું છે. અમેરિકાના ઈતિહાસમાં કોઈપણ કંપની માટે એક જ દિવસમાં આ સૌથી મોટો ઘટાડો છે. યુએસ કોંગ્રેસે કહ્યું કે AI ટેક્નોલોજીના ઝડપી વિકાસને કારણે તે સુરક્ષા અને વહીવટી પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ, કોંગ્રેસના મુખ્ય વહીવટી અધિકારીનું કહેવું છે કે હાલમાં ડીપસીકની તપાસ ચાલી રહી છે.

## ટૂંક સમયમાં 183 પેલેસ્ટિનિયન કેદીઓને પણ મુક્ત કરવામાં આવશે

# હમાસે ઈઝરાયલના 2 બંધકોને મુક્ત કર્યા: રેડ ક્રોસની મદદથી ઈઝરાયલ પહોંચ્યા




(એજન્સી) ટેલ અવીવ તા 02

હમાસે શનિવારે સીઝફાયર સમજુતી હેઠ ળ ઈઝરાયલના બે બંધકો, યાર્ડન બિબાસ (35) અને ઑફર કાલ્ડેરોન (54)ને મુક્ત કર્યા હતા. તેમને રેડ ક્રોસની મદદથી ઈઝરાયલની સેનાને સોંપવામાં આવ્યા હતા. આ બંને બંધકો ઈઝરાયલ પહોંચી ગયા છે. તેમજ, ત્રીજા બંધક કીથ સીગલ (65)ને વહેલીતકે મુક્ત કરવામાં આવશે. બીબીસી અનુસાર, ઈઝરાયલ ટૂંક સમયમાં આના બદલામાં 183 પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કરશે. ગયા અઠવાડિયે કરાર અમલમાં આવ્યો ત્યારથી કુલ 10 ઈઝરાયલી અને 5 થાઈ બંધકોને મુક્ત કરવામાં આવ્યા છે. મુક્ત કરવામાં આવનાર બંધકોમાં સૌથી નાની વયના હોસ્ટેજના પિતા યાર્ડન બિબાસનો પણ સમાવેશ થાય છે. જ્યારે હમાસના આતંકીઓએ 7 ઓક્ટોબરે યાર્ડનના પુત્ર કેફિરનું અપહરણ કર્યું ત્યારે તે માત્ર 9 મહિનાનો હતો. તે હમાસના કબજામાં રાખવામાં આવેલો સૌથી નાનો બંધક હતો.

ઈઝરાયેલી બંધક યાર્ડન બિબાસને મુક્ત કરવામાં આવે તે પહેલા હમાસના આતંકીઓ સાથે.

ઈઝરાયેલી બંધક યાર્ડન બિબાસને મુક્ત કરવામાં આવે તે પહેલા હમાસના આતંકીઓ સાથે.

હમાસના આતંકીઓ ઈઝરાયલી બંધક ઓફર કાલ્ડેરોનને મુક્ત કરી રહ્યા છે. હમાસના આતંકીઓ ઈઝરાયલી બંધક ઓફર કાલ્ડેરોનને મુક્ત કરી રહ્યા છે.

ઈઝરાયલ પર યાર્ડન બિબાસની પત્ની અને બાળકોની હત્યાનો આરોપ છે બંધક યાર્ડન બિબાસનું તેની પત્ની શિરી અને બે પુત્રો કેફિર અને એરિયલ સાથે નિર ઓઝ કિબુત્ઝમાંથી અપહરણ કરવામાં આવ્યું હતું. બિબાસની પત્ની શિરી અને તેના બંને બાળકો હમાસના કબજામાં રહેવા દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

હમાસે નવેમ્બર 2023માં દાવો કર્યો હતો કે તેનું મોત ઈઝરાયલના બોમ્બમારામાં થયું હતું. ત્યારબાદ હમાસે એક વીડિયો પણ જાહેર કર્યો હતો જેમાં યાર્ડન બિબાસ ઈઝરાયલના પીએમ નેતન્યાહુને તેના પરિવારના સભ્યોના મૃત્યુ માટે જવાબદાર ઠેરવી રહ્યા હતા. જો કે, ઈઝરાયલે હમાસના આ દાવાને ક્યારેય સ્વીકાર્યો નથી. અમેરિકન નાગરિકતાવાળા બંધકને પણ મુક્ત કરવામાં આવશે અન્ય બંધક કીથ સીગલ મૂળ અમેરિકાનો રહેવાસી છે. તેની પાસે ઈઝરાયલની નાગરિકતા પણ છે.

# ટ્રમ્પે BRICS દેશોને યુએસ ડોલર અંગે ચેતવણી આપી

(એજન્સી) વોશિંગ્ટન તા 02

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર BRICS દેશોને ચેતવણી આપી છે. ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે જો BRICS દેશો આંતરરાષ્ટ્રીય વેપારમાંથી યુએસ ડોલરને હટાવવાના પ્રયાસ કરશે, તો તેમને 100 ટકા ટેરિફનો સામનો કરવો પડશે. ગુરુવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરતા ટ્રમ્પે લખ્યું, ટ્રમ્પે BRICS દેશો પાસેથી નવી કરન્સી નહીં બનાવવા અને ડોલર સિવાય અન્ય કોઈ ચલણને વિકલ્પ ન બનાવવાની ગેરંટી માંગી છે. જો બ્રિક્સ દેશો આવું નહીં કરે તેથી ટ્રમ્પ તેમના પર 100% ટેરિફ લાદશે. ઉપરાંત તેઓ અમેરિકા સાથે વેપાર પણ કરી શકશે નહીં. તેમણે BRICS દેશોને અન્ય કોઈ મૂર્ખ દેશને શોધવા માટે પણ કહ્યું હતું. BRICS દેશો વચ્ચે કરન્સી બનાવવા પર કોઈ સર્વસંમતિ નથી BRICSમાં સમાવિષ્ટ સભ્ય દેશો વચ્ચે કરન્સી બનાવવાને લઈને કોઈ સર્વસંમતિ નથી. આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. ગયા વર્ષે ઓક્ટોબરમાં રશિયામાં આયોજિત BRICS દેશોની સમિટ પહેલા તેની કરન્સી બાબતે ઉગ્ર ચર્ચા થઈ હતી. BRICSની વાર્ષિક બેઠક રશિયાના કઝાન શહેરમાં 22 થી 24 ઓક્ટોબર દરમિયાન યોજાઈ હતી.

ભારત BRICS કરન્સીના સમર્થનમાં નથી ગયા વર્ષે ડિસેમ્બરમાં, ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે એક નિવેદનમાં કહ્યું હતું કે ભારત ડી-ડોલરાઈઝેશન એટલે કે વેપારમાં યુએસ ડોલર પર નિર્ભરતા ઘટાડવાના પક્ષમાં નથી. અને બ્રિક્સ કરન્સી માટે કોઈ પ્રસ્તાવ નથી.1973માં 22 દેશોમાં 518 બેંકો સાથે SWIFT નેટવર્કની શરૂઆત થઈ હતી. હાલમાં તેમાં 200થી વધુ દેશોની 11,000 બેંકો સામેલ છે. જેઓ તેમના વિદેશી નાણા અમેરિકન બેંકોમાં જમા કરાવે છે હવે બધા પૈસા વ્યવસાયમાં રોકાતા નથી, તેથી દેશો તેમના વધારાના નાણાં અમેરિકન બોન્ડમાં રોકે છે, જેથી તેઓને થોડું વ્યાજ મળી શકે. છેલ્લા કેટલાક સમયથી રશિયા અને ચીન યુએસ ડોલરના વિકલ્પ તરીકે બ્રિક્સ કરન્સી બનાવવાની કોશિશ કરી રહ્યા છે.

## વ્હાઈટ હાઉસે કહ્યું- આ દેશો દ્વારા ડ્રગ્સ મોકલવાના કારણે અમેરિકામાં લાખો લોકોના મોત થયા છે

# ટ્રમ્પે કેનેડા-મેક્સિકો પર 25% અને ચીન પર 10% ટેરિફ લાદી

(એજન્સી) વોશિંગ્ટન તા 02

ટ્રમ્પે કહ્યું કે અમારી ધમકીઓ માત્ર સોદાબાજી માટે નથી. આ દેશો સાથે અમારી વેપાર ખાધ વધુ છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે એટલે કે 1 ફેબ્રુઆરીએ કેનેડા અને મેક્સિકો પર 25% અને ચીન પર વધારાની 10% ટેરિફ લાદી છે. તેમણે આ અંગેના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી કરી હતી. આ દરમિયાન જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું આ દેશો ટેરિફમાં વિલંબ કરાવવા માટે કંઈક કરી શકે છે. તેઓએ જવાબ આપ્યો કે ના, તેઓ હવે કંઈ કરી શકે તેમ નથી. ટ્રમ્પે કહ્યું કે અમારી ધમકીઓ માત્ર સોદાબાજી માટે નથી. આ ત્રણેય સાથે અમારે ભારે વેપાર ખાધ છે. અમે આગળ પણ જોઈશું કે તેમાં વધારો કરવો કે નહીં, પરંતુ અમેરિકામાં ઘણા પૈસા આવશે. આ પહેલા શુક્રવારે વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લેવિટે જણાવ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પ શનિવારથી કેનેડા અને મેક્સિકોમાંથી આયાત પર 25% અને ચાઈનીઝ માલ પર 10% ટેરિફ લાદશે. કારણ કે આ દેશોમાંથી ગેરકાયદે ફેન્ટાનાઈલ ડ્રગ આપણા દેશમાં પહોંચી રહ્યું છે, જેના કારણે લાખો અમેરિકનોના મોત થયા છે. ટ્રમ્પ યુરોપથી આવતા એલ્યુમિનિયમ, કોપર, મેડિસિન અને સેમિકન્ડક્ટર પર પણ ટેરિફ લાદવાનું વિચારી રહ્યા છે. તેમણે કહ્યું કે અમે સ્ટીલ, એલ્યુમિનિયમ અને કોપર પર ટેરિફ લાદવા જઈ રહ્યા છીએ. કોપર પર ટેરિફ લાદવામાં થોડો વધુ સમય લાગશે.શુક્રવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે અમે એવું નથી ઈચ્છતા કે આવું થાય, પરંતુ જો તેઓ આગળ વધશે તો અમે પણ પગલાં લઈશું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેનેડા બદલો લેવા માટે



ટ્રમ્પના હોમ સ્ટેટ ફ્લોરિડાના ઓરેનેજ જ્યુસ પર ટેરિફ લાદી શકે છે.ચીને કહ્યું કે અમે ટ્રમ્પના નિર્ણયનો વિરોધ કરીએ છીએ. આ ટેરિફ વોરમાં કોઈ વિજેતા નહીં હોય. તેનાથી ન તો બંને દેશોને ફાયદો થશે કે ન તો દુનિયાને ફાયદો થશે. મેક્સિકોના પ્રેસિડેન્ટ ક્લાઉડિયા શેનબામે કહ્યું કે તેઓ પરિસ્થિતિનો તાગ હતું કે ટેરિફ લાદવાની નાણાકીય બજાર પર શું અસર પડશે તે વાતથી તેમને કોઈ ફરક પડતો નથી.

## ગેરકાયદે વસાહતીઓને અટકાવવા પેન્ટાગોન વધુ 1000 સૈનિકો સરહદે ગોઠવી રહ્યું છે

(એજન્સી) અમેરિકા તા 02

વૉશિંગ્ટન : અમેરિકામાં ગેરકાયદે ઘૂસી ગયેલાઓને દેશ નીકાલ કરવા, પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે લીધેલા નિર્ણયને પગલે તેમજ તે ઘૂસણખોરોને અટકાવવા અમેરિકાનાં સશસ્ત્ર દળોનું મુખ્ય મથક પેન્ટાગોન સક્રિય બની ગયું છે. તેના ભાગરૂપે શુક્રવારે પેન્ટાગોને મેક્સિકો સાથેની સરહદે વધુ ૧૦૦૦ સક્રિય સૈનિકો ગોઠવી દીધા છે. તે ઉપરાંત ન્યૂયોર્ક રાજ્ય સ્થિત ફોર્ટ ડ્રમમાં રહેલા સૈનિકોને ક્યુબાનાં ગ્વાન્ટેનાઓ બે મોકલવામાં આવી રહ્યા છે. અહીં ગેરકાયદે ઘૂસણખોરોને અટકાયતમાં રખાયા છે. જેમની ઉપર તે દેખરેખ રાખવા તે મરીન્સ મોકલાયા છે.

આ માહિતી આપતાં અનામી રહેવા માગતા એક અધિકારીએ કહ્યું હતું કે હવે બોર્ડર ઉપર વાયર ફેન્સિંગ પણ બનાવાઈ રહી છે અને બોર્ડર પેટ્રોલ ટ્રપ્સ સતત ચોકી પહેરો કરી રહ્યું છે. તેઓને સહાય કરવા કેટલાંક ટ્રૂપ્સ પહોંચી ગયો છે. જેમને સહાય કરવા આ વધારાના ૧૦૦૦ સૈનિકો રવાના કરાયા છે.

બીજી તરફ સંરક્ષણ મંત્રાલયનાસચિવ પેટ હેગસેટે ફોક્સ એન્ડ ફ્રેન્ડઝ ચેનલને શુક્રવારે જણાવ્યું હતું કે અમેરિકાને વિશ્વાસ છે કે ગ્વાન્ટેનામો બે ઉપર રખાયેલા હજ્જારો ગેરકાયદે ઘૂસણખોરોને માટે ટેન્ટસ વગેરેની તો પૂરતી વ્યવસ્થા થઈ ગઈ છે. પરંતુ તેઓ ઉપર કડક દેખરેખ રાખવા ૫૦૦ મરીન્સ મોકલાયા છે. અન્ય શબ્દોમાં કહીએ તો, આ વિશિષ્ટ પ્રકારની જેલ જ છે.

સૌથી વધુ મુશ્કેલી તો દક્ષિણ સરહદેથી (મેક્સિકોમાંથી) ઘૂસી આવતા ઘૂસણખોરોને રોકવાની છે. તે માટે વધુ ૧૦૦૦૦ સૈનિકો ગોઠવાઈ જશે.

અત્યારે ટેક્સાસનાં એસ. પાસો તેમજ સાન ડીગો પર ૧૧૦૦ સૈનિકો પહોંચી ગયા છે. તેમણે તેમની કાર્યવાહી શરૂ કરી દીધી છે તે ઉપરાંત અમેરિકાનાં લશ્કરી વિમાનો દ્વારા આવા ગેરકાયદે ઘૂસણખોરોને તેમના દેશોમાં પરત મોકલાઈ રહ્યા છે.

આ ગેરકાયદે ઘૂસણખોરો તદ્દન ઓછા પગારે નોકરીઓ લઈ અમેરિકાના યુવાનોની રોજી રોટી ઝૂંટવી રહ્યા છે. તેથી ડૉનાલ્ડ ટ્રમ્પે તેમના ચૂંટણીપ્રચાર દરમિયાન જ તે બધાને તેમના દેશ ભેગા કરી દેવા વચન આપ્યું હતું. તે વચનનાં જોરે તો તેઓ ચૂંટાઈ આવ્યા છે.

ટ્રમ્પે આ ગેરકાયદે ઘૂસણખોરો પૈકી ૩૦૦૦૦ને તો ગ્વાન્ટેનાઓ બેમાં રાખ્યા છે. જેમની ઉપર મરીન્સ કડક ચોકી પહેરો રાખે છે. તે માટે ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ અસામાન્ય અપરાધીઓ છે. ગુંડાઓ છે તેમને તેમના દેશો પણ સ્વીકારવા તૈયાર નથી. તેથી તેમને ગ્વાન્ટેનાઓ બેમાં બંદીવાનોની જેમ જ રાખવા પડયા છે.

# અમેરિકા સામે 'ટેરિફ વૉર'માં ઊતર્યું કેનેડા, ટ્રુડોએ ટ્રમ્પને એમની જ ભાષામાં આપ્યો જવાબ

(એજન્સી) કેનેડા તા 02

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે (પહેલી ફેબ્રુઆરી) કેનેડાથી આયાત થતા તમામ માલ પર 25 ટકા આયાત ડ્યુટી લાદવાનો આદેશ આપ્યો હતો. હવે આ અંગે કેનેડાના કાર્યકારી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ અમેરિકન આયાત પર 25 ટકા ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે, 'અમારો દેશ અમેરિકાના ટેરિફનો સામનો કરવા માટે તૈયાર છે.' અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનથી થતી બધી આયાત પર 10 ટકા અને મેક્સિકો અને કેનેડાથી થતી આયાત પર 25 ટકા ટેરિફ લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા. જો કે, કેનેડાથી આયાત કરાયેલી ઊર્જા, જેમાં તેલ, કુદરતી ગેસ અને વીજળીનો સમાવેશ થાય છે, તેના



પર 10 ટકાના દરે ટેક્સ લાગશે.

ટ્રમ્પની જાહેરાત પછી જસ્ટિન ટ્રુડોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'અમે ટૂંક સમયમાં મેક્સીકન રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શેનબામ સાથે વાત કરશે અને આ મુદ્દા પર ચર્ચા કરવા માટે તેમના મંત્રીમંડળ સાથે મુલાકાત કરી ચૂક્યા છે. અમે આ ઈચ્છતા નહોતા, પણ કેનેડા તૈયાર છે. ટેરિફ થોડા વર્ષો પહેલા થયેલા મુક્ત વેપાર કરારનું ઉલ્લંઘન કરે છે.' ટ્રુડોએ જવાબ આપવાની ચેતવણી આપી હતી ડોનાલ્ડ ટ્રમ્પે એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા તેના એક દિવસ પહેલા જસ્ટિન ટ્રુડોS ચેતવણી આપી હતી કે, 'જો અમેરિકા ટેરિફ લાદશે તો મજબૂત અને તાત્કાલિક પ્રતિક્રિયા આપવામાં આવશે. સરહદની બંને બાજુ કોઈ પણ વ્યક્તિ કેનેડિયન વસ્તુ પર અમેરિકા ટેરિફ જોવા માંગતું નથી. અમે આ ટેરિફને રોકવા માટે તાત્કાલિક પ્રતિભાવ સાથે તૈયાર છે.' અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનથી થતી બધી આયાત પર 10 ટકા અને મેક્સિકો અને કેનેડાથી થતી આયાત પર 25 ટકા ટેરિફ લાદવાના એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કર્યા.

**'જો તમારી પાસે નોકરી જ નથી તો શું...' કરદાતાઓને રાહત આપવાની સ્પષ્ટતા પણ કરી દેવામાં આવી: 12.75 લાખ સુધીની આવક પર લાભ મળશે**

# 12 લાખની આવક કરમુક્તિ અંગે દિગ્ગજ નેતાનો કટાક્ષ

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે એનડીએ દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ 2025-26ના વખાણ કરવાની સાથે ટીકા પણ કરી છે. તેમણે બજેટમાં રૂ. 12 લાખની આવક ટેક્સ ફ્રી કરવાનો નિર્ણય આવકાર્યો છે. જો કે, સાથે સાથે સવાલ પણ પૂછ્યો હતો કે, જેમની પાસે રોજગારી નથી, તેમના માટે બજેટમાં શું છે? શશિ થરૂરે જણાવ્યું હતું કે, 'મધ્યમ વર્ગ માટે ટેક્સમાં ઘટાડો સારી બાબત હોઈ શકે છે. જો તમારી પાસે નોકરી અને પગાર છે, તો તમારે હવેથી ઓછો ટેક્સ ચૂકવવો પડશે. પરંતુ મહત્વનો પ્રશ્ન એ છે કે જો અમારી પાસે નોકરી ન હોય, પગાર ન હોય તો શું?'



### બેરોજગારો માટે બજેટમાં શું?

વધુમાં થરૂરે કહ્યું હતું કે, 'હું માનું છું કે જો તમારી પાસે નોકરી હોય અને તમારો પગાર 12 લાખ રૂપિયા સુધી હોય તો તમારે ખુશ થવું જોઈએ. પરંતુ બેરોજગારો માટે બજેટમાં શું હતું? અમે એક વખત પણ નાણામંત્રીના મોઢેથી બેરોજગારી અને મોંઘવારી દર જેવા શબ્દો સાંભળ્યા નથી.

### સાથી પક્ષોને લ્હાણી

તેમણે ભાજપ પર આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખી બજેટ તૈયાર કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. થરૂરે કહ્યું કે જો તમે બિહારમાં રહો છો અને તમે સાથી પક્ષમાંથી છો, તો ચોક્કસપણે તમને એવી સુવિધાઓ મળશે જેનો તમને ચૂંટણીમાં ફાયદો થશે.

### 12 સુધીની આવક કરમુક્ત

આ વખતે નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં મધ્યમ વર્ગના લોકોને મોટી ભેટ આપી છે. તેણે 12 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ટેક્સ ફ્રી કરી છે. નોકરી કરતા લોકો માટે આ મર્યાદા 12.75 લાખ રૂપિયા છે. તેમને 75 હજાર રૂપિયાનું સ્ટાન્ડર્ડ ડિડક્શન છે. આ રાહત નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ આપવામાં આવી છે. જૂની ટેક્સ સિસ્ટમ પસંદ કરનારાઓ માટે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. નવી ટેક્સ વ્યવસ્થા હેઠળ પણ, જો તમારી વાર્ષિક આવક રૂ. 12.80 લાખથી પણ વધે છે, તો તમારે સ્લેબ મુજબ ટેક્સ ચૂકવવો પડશે. એટલે કે તમારે 4 થી 8 લાખ રૂપિયાની વચ્ચે 5% અને 8 થી 12 લાખ રૂપિયાની વચ્ચે 10% ટેક્સ ચૂકવવો પડશે.

## લ્યો કરો વાત, બાર લાખ એક હજારની આવક થાય તો ટેક્સ રૂ.61500 લાગશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જાહેર કરેલા બજેટમાં રૂ. 12 લાખ સુધીની વાર્ષિક આવક પર એક પણ રૂપિયો ટેક્સ ન લાગ તેવી જાહેરાત કર્યા પછી કરદાતાની આવક રૂ. 12 લાખ એક હજાર હોય તો તેણે આવકવેરા પેટે રૂ. 61500 ચૂકવવાના આવશે. આ સંજોગોમાં કેન્દ્ર સરકારે રૂ. 12 લાખ એક હજારની આવક થાય તો તેવા સંજોગોમાં કરદાતાની બારલાખથી જેટલી વધુ આવક હોય તેનાથી એક પણ રૂપિયો વધુ ટેક્સ ન લાગે તેવી જોગવાઈ કરવામાં આવી છે. કરદાતાને આ સ્થિતિમાં મોટી રકમ વેરા પેટે ન ચૂકવવી પડે તે માટે માર્જિનલ રિલીફની જૂની જોગવાઈ આ સ્થિતિમાં લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવેલો જ છે. ટેક્સ એક્સપર્ટ પ્રમોદ પોપટનું કહેવું છે કે આજે જાહેર કરવામાં નવા કરમાળખામાં રૂ. 12 લાખથી માંડીને રૂ. 12.70 લાખ સુધીની આવક ધરાવતા કરદાતાઓને માર્જિનલ રીલીફની જોગવાઈ કરવામાં આવી છે. પરિણામે રૂ. 12 લાખ એક હજારની આવક ધરાવનાર કરદાતાને રૂ. 61500નો ટેક્સ ભરવો પડશે નહિ. પરંતુ તેણે માત્ર રૂ.1000ની ઉપરની આવક જ ટેક્સ પેટે ચૂકવવાની આવશે. આ રીતે માર્જિનલ રીલીફની જોગવાઈને લાગુ કરવામાં આવી છે. રૂ.12 લાખથી એક રૂપિયો પણ આવક વધી જાય તો તેવા સંજોગોમાં કરદાતાને આવકવેરા ધારાની કલમ 87-એ હેઠળ મળવા પાત્ર રિબેટ મળવાનું બંધ થઈ જાય છે. પરિણામે ઝીરો ટેક્સમાંથી સીધો રૂ. 61500નો ટેક્સ આવી જાય છે. તેથી જ બાર લાખથી રૂ. 12.75 લાખ સુધીની આવકમાં માર્જિનલ રીલીફનો નિયમ લાગુ કરવામાં આવશે.

**માર્જિનલ રીલીફ પછી ટેક્સ કેટલો થશે**

| આવક | માર્જિનલ રીલીફ વિના | માર્જિનલ રીલીફ પછી |
|---|---|---|
| રૂ.૧૨,૧૦,૦૦૦ | રૂ.૬૧,૫૦૦ | રૂ.૧૦,૦૦૦ |
| રૂ.૧૨,૫૦,૦૦૦ | રૂ.૬૭,૫૦૦ | રૂ.૫૦,૦૦૦ |
| રૂ.૧૨,૭૦,૦૦૦ | રૂ.૭૦,૫૦૦ | રૂ.૭૦,૦૦૦ |
| રૂ.૧૨,૭૫,૦૦૦ | રૂ.૭૧,૨૫૦ | રૂ.૭૧,૨૫૦ |

**ચૂંટણીમાં AAP, BJP અને કોંગ્રેસ વચ્ચે ત્રિકોણીય જંગ જામશે**

## વિદેશ જતાં મને શરમ આવે છે કે દિલ્હી..' કેન્દ્રીયમંત્રી એસ.જયશંકરના AAP સરકાર સામે પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

દિલ્હી વિધાનસભા ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે હવે ચૂંટણી પહેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે આમ આદમી પાર્ટી પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, 'મને વિદેશમાં એ સ્વીકારતા શરમ આવે છે કે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લોકોની મૂળભૂત સુવિધાઓનો અભાવ છે.' આમ આદમી પાર્ટી પર સ્વચ્છ પાણી, વીજળી, આરોગ્ય સેવા, આવાસ અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે કે, શહેરને ખૂબ પાછળ છોડી દેવામાં



આવ્યું છે. કેન્દ્રીય મંત્રીએ નાગરિકોને આગામી ચૂંટણીમાં સત્તા પરિવર્તન માટે મતદાન કરવા વિનંતી કરી છે. દિલ્હીમાં દક્ષિણ ભારતીય સમુદાય સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, 'જ્યારે પણ હું વિદેશ જાઉં છું, ત્યારે હું દુનિયાથી એક વાત છુપાવું છું. મને વિદેશમાં જઈને એ કહેતા શરમ આવે છે કે રાષ્ટ્રીય રાજધાનીમાં રહેતા લોકોને ઘર નથી મળતા, સિલિન્ડર નથી મળતા, તેમને જળ જીવન મિશન હેઠળ પાઈપ દ્વારા પાણી નથી મળતું અને તેમને આયુષ્માન ભારતના લાભ નથી મળતા.'

એસ.જયશંકરે આગળ કહ્યું કે, 'આ દુર્ભાગ્યપૂર્ણ છે કે છેલ્લા 10 વર્ષમાં દિલ્હીને પાછળ છોડી દેવામાં આવ્યું. દિલ્હીના લોકોને પાણી, વીજળી, ગેસ સિલિન્ડર અને આરોગ્ય સેવાના તેમના અધિકારો આપવામાં ન આવ્યા. જો અહીંની સરકાર તમને તમારા અધિકારો ન આપે તો 5 ફેબ્રુઆરીએ તમારે આ સરકાર બદલવા અંગે પણ વિચારવું જોઈએ.'દિલ્હીમાં 5 ફેબ્રુઆરીએ 70 વિધાનસભા બેઠકો માટે મતદાન થવાનું છે.

આ ચૂંટણીમાં AAP, BJP અને કોંગ્રેસ વચ્ચે ત્રિકોણીય જંગ જામશે. ભાજપ વર્તમાન સરકાર પર આરોપ લગાવી રહી છે કે, તે એક દાયકાથી સત્તામાં હોવા છતાં શહેરની મૂળભૂત જરૂરિયાતો પૂરી પાડવામાં ફેલ રહી છે. જયશંકરે વધુમાં આરોપ લગાવ્યો કે, 'રાજધાની તરીકે, દિલ્હી દેશનું શ્રેષ્ઠ વિકાસ મોડેલ હોવું જોઈએ પરંતુ તે છેલ્લા 10 વર્ષથી પાછળ રહી ગયું છે.'

**રાહુલ ગાંધીએ પણ રાષ્ટ્રપતિના ભાષણને કંટાળાજનક ગણાવ્યું**

## રાષ્ટ્રપતિને 'Poor Lady' કહેવું ભારે પડ્યું, સોનિયા ગાંધી વિરુદ્ધ મુજફ્ફરપુર કોર્ટમાં કેસ દાખલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

મુઝફ્ફરપુરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (CJM)ની કોર્ટમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ રાહુલ ગાંધી, પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી અને સાંસદ પ્રિયંકા ગાંધી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ વિરુદ્ધ કથિત અભદ્ર ટિપ્પણી અંગે આ કેસ દાખલ કરવામાં આવ્યો છે.

### એડવોકેટ સુધીર ઓઝાએ ફરિયાદ નોંધાવી

મુઝફ્ફરપુરના એડવોકેટ ધીર કુમાર ઓઝાએ સીજેએમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. તેમણે આરોપ લગાવ્યો છે કે બજેટ 2025 સત્ર દરમિયાન સંબોધન પૂરું થયા પછી જ્યારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગૃહમાંથી બહાર નીકળી રહ્યા હતા, ત્યારે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધીએ તેમના વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી. ફરિયાદીનું કહેવું છે કે આ ટિપ્પણી રાષ્ટ્રપતિ પદની ગરિમાનું અપમાન છે અને તેનાથી દેશની ભાવનાઓને ઠેસ પહોંચી છે. આ આધારે, ભારતીય દંડ સંહિતા (IPC) ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

**કોર્ટે સુનાવણીની તારીખ નક્કી કરી |** એડવોકેટ સુધીર ઓઝા દ્વારા દાખલ કરવામાં આવેલી આ ફરિયાદને મુઝફ્ફરપુર સીજેએમ કોર્ટે સ્વીકારી લીધી છે. આ મામલે સુનાવણી માટે 10મી ફેબ્રુઆરીની તારીખ નક્કી કરવામાં આવી છે.

### સોનિયા અને રાહુલે શું કહ્યું?

| ઉલ્લેખનીય છે કે સંસદના બજેટ સત્રની શરૂઆતમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ બંને ગૃહોના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું હતું. આ અંગે પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસના નેતા અને રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધીએ સંસદની બહાર રાષ્ટ્રપતિને Poor Lady કહ્યા હતા. ત્યારે કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ રાષ્ટ્રપતિના ભાષણને કંટાળાજનક ગણાવ્યું. રાષ્ટ્રપતિ ભવને કોંગ્રેસના નેતાઓની આ ટિપ્પણીઓની સખત નિંદા કરી છે.

**Budget 2025**

## મંત્રીઓના પગાર અને સરકારી મહેમાનોની યજમાની અને મનોરંજન માટે 1024 કરોડની ફાળવણી



(એજન્સી) નવી દિલ્હી । તા. 02

કેન્દ્રીય બજેટ 2025-26માં કેન્દ્રીય પ્રધાનો, કેબિનેટ સચિવાલય અને વડાપ્રધાન કાર્યાલય તથા સરકારી મહેમાનોની યજમાની અને મનોરંજન માટે 1024.30 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. 2024-25માં આ રકમ 1021.83 કરોડ રૂપિયા હતી. કેન્દ્રીય મંત્રીના ખર્ચાઓ માટે 619.04 કરોડ રૂપિયા ફાળવ્યા. શનિવારે લોકસભામાં નાણામંત્રી નિર્મલા સિતારામણ દ્વારા રજૂ કરવામાં આવેલા બજેટમાં કેન્દ્રીય મંત્રીના ખર્ચાઓ માટે 619.04 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. ખર્ચની આ રકમમાં કેન્દ્રીય મંત્રી, રાજ્ય કક્ષાના મંત્રી અને પૂર્વ વડાપ્રધાનોના પગારો અને ભથ્થાઓ, પ્રવાસ ખર્ચાઓનો સમાવેશ થાય છે. આ રકમમાં વીવીઆઈપીના ફ્લાઈટનો ખર્ચનો પણ સમાવેશ થાય છે. નેશનલ સિક્યુરિટી સેક્રેટેરિએટને 182.75 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ રકમ 2024-25માં 270.08 કરોડ રૂપિયા હતી. 70.12 કરોડ રૂપિયા પ્રિન્સિપાલ સાયન્ટિફિક એડવાઈઝરની ઓફિસને ફાળવવામાં આવ્યા છે. 2024-24માં આ રકમ કેબિનેટ સચિવાલયને 75.68 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ રકમ 2024-25માં 73.98 કરોડ રૂપિયા હતી. વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)ને 70.91 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ રકમ 2024-25માં 65.30 કરોડ રૂપિયા હતી.

## બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ મોટી મુશ્કેલીમાં, કેરળ કોર્ટે બિન જામીનપાત્ર વૉરન્ટ ઈશ્યૂ કર્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

યોગ ગુરુ બાબા રામદેવની મુશ્કેલીઓ ફરી એકવાર વધી ગઈ છે. કેરળની એક કોર્ટે તેમની વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. રામદેવ ઉપરાંત પતંજલિ યોગપીઠના પ્રમુખ આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ પણ વોરંટ જારી કરવામાં આવ્યું છે. કોર્ટમાં સુનાવણી વખતે હાજર નહોતા રહ્યા.પલક્કડ જિલ્લા કોર્ટે બંનેની ગેરહાજરીને કારણે આ વોરંટ જારી કર્યું છે. ઉલ્લેખનીય છે કે કેરળના ડ્રગ્સ ઈન્સ્પેક્ટર દ્વારા દિવ્યા ફાર્મસી વિરુદ્ધ દાખલ કરાયેલા ફોજદારી કેસમાં તે હાજર થયા ન હતા.

કોર્ટે બંને સામે 15 ફેબ્રુઆરીએ હાજર થવા માટે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. અગાઉ, 1 ફેબ્રુઆરીના રોજ કોર્ટે બંને આરોપીઓ સામે જામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું જેથી તેઓ કોર્ટમાં હાજર થઈ શકે. આ કેસ દિવ્ય ફાર્મસી દ્વારા પ્રકાશિત કથિત ભ્રામક મેડિકલ જાહેરાતો સાથે સંબંધિત છે, જેના પગલે કેરળ ડ્રગ્સ ઈન્સ્પેક્ટરે કાર્યવાહી કરી હતી.



### સુપ્રીમ કોર્ટે રાહત આપી હતી પણ..

યોગ ગુરુ બાબા રામદેવ અને પતંજલિ આયુર્વેદ લિમિટેડ વિરુદ્ધ ઘણા કેસ નોંધાયેલા છે. તેમાં ભ્રામક જાહેરાતો, અવગણના અને ટ્રેડમાર્ક ઉલ્લંઘન જેવા કેસોનો સમાવેશ થાય છે. આ કેસોમાં સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને પતંજલિને રાહત આપી છે. જોકે, કોર્ટે તેમને ચેતવણી આપી હતી કે જો તેઓ ફરીથી કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરશે તો તેમને સજાનો સામનો કરવો પડી શકે છે.

**બ્લેકમેઈલ કરી પોતાના ફાયદા માટે તસવીરોનો ઉપયોગ કરતો હતો**

## નાગપુરના સાઈકોલોજિસ્ટે 15 વર્ષમાં 50થી વધુ વિદ્યાર્થિનીનું શારીરિક શોષણ કરતાં ખળભળાટ

(એજન્સી) નાગપુર । તા. 02

મહારાષ્ટ્રના નાગપુરથી એક હચમચાવી મૂકે તેવા અહેવાલ સામે આવ્યા છે. એક 45 વર્ષીય સાઈકોલોજિસ્ટ પર 50થી વધુ વિદ્યાર્થિનીનું શોષણ કર્યાના આરોપો લાગ્યા છે. સાઈકોલોજિસ્ટની ધરપકડ કરી લેવામાં આવી છે. તે નાગપુરના પૂર્વ ભાગમાં એક ક્લિનિક ચલાવતો હતો. માહિતી અનુસાર ડૉક્ટરે છેલ્લા 15 વર્ષોમાં 50 વિદ્યાર્થિનીઓને બ્લેકમેઈલ કરીને પોતાની હવસ સંતોષી હતી. પોલીસ અધિકારીએ આ મામલે કહ્યું કે આરોપી સામે પોક્સો અને એસસી-એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીએ કથિતરૂપે સ્ટુડન્ટ્સ એમાય ખાસ કરીને વિદ્યાર્થિનીઓને પર્સનલ અને પ્રોફેશનલ ડેવલપમેન્ટનો વાયદો કરીને જાળમાં ફસાવી અને તેમના માટે ટ્રિપ અને કેમ્પ આયોજિત કર્યા હતા. જ્યાં તે તેમનું શારીરિક શોષણ કરતો હતો.

પોલીસે જણાવ્યું કે આરોપી શારીરિક શોષણની ઘટનાને અંજામ આપતી વખતે પીડિતોની અશ્લીલ તસવીરો ખેંચી લેતો અને બાદમાં તેમને બ્લેકમેઈલ કરી પોતાના ફાયદા માટે તસવીરોનો ઉપયોગ કરતો હતો. આ ઘટનાનો ત્યારે ખુલાસો થયો જ્યારે એક સ્ટુડન્ટે મહદ અંશે બ્લેકમેઈલ સહન કર્યા બાદ પોલીસમાં ફરિયાદ કરી દીધી હતી. પીડિતોમાં અનેક વિવાહિત પણ છે એટલા માટે તે પોલીસ સામે આવીને ફરિયાદ કરવામાં ખચકાઈ રહી છે.

**વસંત પંચમીના સ્નાન પર એલર્ટ**

## મહાકુંભમાં થયેલી નાસભાગમાં ષડયંત્રની આશંકા, એક્શનમાં STF

(એજન્સી) પ્રયાગરાજ । તા. 02

ઉત્તર પ્રદેશ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સે પ્રયાગરાજ મહાકુંભમાં મૌની અમાસ પર થયેલી નાસભાગની તપાસ તેજ કરી દીધી છે. UP STFની ટીમ કાવતરાના એંગલની તપાસમાં વ્યસ્ત છે. મહાકુંભમાં કોઈ કાવતરાના ભાગરૂપે નાસભાગ મચી ગઈ હતી કે કેમ તે જાણવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેની તપાસના ભાગ રૂપે, યુપી એસટીએફ સંગમ નાકાની આસપાસ સક્રિય મોબાઈલ નંબરોના ડેટાને સ્કેન કરી રહી છે. સૂત્રોનું માનીએ તો 16 હજારથી વધુ મોબાઈલ નંબરના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીની તપાસમાં ઘટના બાદ ઘણા મોબાઈલ નંબર સ્વિચ ઓફ આવ્યા છે. મહા કુંભ મેળા વિસ્તારમાં કમાન્ડ અને કંટ્રોલ રૂમના સીસીટીવીમાંથી ફેસ રેકગ્નિશન એપ દ્વારા શકમંદોની ઓળખ કરવામાં આવી રહી છે. વસંત પંચમીના સ્નાનને લઈને યુપી પોલીસ હાઈ એલર્ટ પર છે. યુપી પોલીસના વરિષ્ઠ અધિકારીઓ આખી રાત મહાકુંભ અને પ્રયાગરાજમાં મેદાનમાં સક્રિય રહેશે. વસંતપંચમી નિમિત્તે યોજાનારા મહાકુંભમાં ત્રીજું અમૃતસ્નાન સોમવારે સવારે 5 વાગ્યાથી શરૂ થશે. સૌપ્રથમ સવારે 4 કલાકે પંચાયતી અખાડા મહાનિર્વાણી અમૃત સ્નાન માટે સંગમ ઘાટ પહોંચશે. આ પછી એક પછી એક 12 અખાડાઓ પણ સંગમમાં ડૂબકી લગાવશે. મૌની અમાસના દિવસે 29 અને 30 જાન્યુઆરીની મધ્યરાત્રિએ લગભગ 2 વાગ્યે પ્રયાગરાજ મહાકુંભમાં ભાગદોડ મચી ગઈ હતી.

## સરકારે 12 મહત્વપૂર્ણ ખનીજો પરથી ઈમ્પોર્ટ ડ્યુટી હટાવી દીધી

(એજન્સી) નવી દિલ્હી । તા. 02

નિર્મલા સીતારામને શનિવારે લિથિયમ આયર્ન બેટરી સ્ક્રેપ, કોબાલ્ટ ઉત્પાદન, લેડ, ઝિંક જેવા ૧૨ મહત્વપૂર્ણ ખનીજો પર આયાત જકાત હટાવવાની જાહેરાત કરી છે. આ સિવાય તેમણે ઈલેક્ટ્રિક વાહનના બેટરી ઉત્પાદન માટે ૩૫ અને મોબાઈલ ફોનના બેટરી ઉત્પાદન માટે ૨૮ મૂડીગત વસ્તુઓને યાદીમાં જોડવાનો પ્રસ્તાવ કર્યો હતો, જેથી ભારતમાં લિથિયમ-આયન બેટરીઓના નિર્માણને પ્રોત્સાહન મળશે અને વધુ રોજગારની તકો પેદા થશે.નાણામંત્રી સીતારામને કહ્યું કે, હું ૨૫ મહત્વપૂર્ણ ખનીજો પર સંપૂર્ણપણે જકાત સંપૂર્ણપણે હટાવવા અને અન્ય બે પર તેને ઘટાડવાની દરખાસ્ત કરું છું. તેનાથી આ ખનીજોના પ્રોસેસિંગ અને સંશોધનને પ્રોત્સાહન મળશે તથા આ મહત્વપૂર્ણ ક્ષેત્રો માટે તેની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. કોબાલ્ટ પાઉડર અને વેસ્ટ, લિથિયમ આયન બેટરી સ્ક્રેપ, લીડ, ઝિંક અને ૧૨ અન્ય મહત્વપૂર્ણ ખનીજો પર સંપૂર્ણપણે કસ્ટમ ડ્યુટી હટાવાશે. તેનાથી ઉત્પાદન માટે કાચા માલની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે અને યુવાનોને રોજગારીની તકો મળશે. જહાજ નિર્માણના લાંબા સમયને ધ્યાનમાં રાખતા જહાજ નિર્માણ માટે કાચા માલ, ઘટકો, ઉપભોગ્ય સામગ્રીઓ અને પાર્ટ્સ પર બોર્ડર કસ્ટમ ડ્યુટી (બીસીડી)માં છૂટ આગામી ૧૦ વર્ષ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત કરાઈ છે. એ જ રીતે સ્પર્ધાત્મક્તા વધારવા માટે શિપ બ્રેકિંગ ઉદ્યોગ માટે પણ આ છૂટ અપાશે.

## રિલાયન્સની મહાકુંભમાં લાખો શ્રદ્ધાળુઓને સુવિધાઓ પૂરી પાડતી 'તીર્થ યાત્રી સેવા'

(એજન્સી) પ્રયાગરાજ । તા. 02

મહાકુંભ મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ આવતાં હોવાથી ઘણીવાર અનેક પડકારોનો સામનો કરવો પડે છે. આ પડકારો, સમસ્યાઓને ધ્યાનમાં લેતાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે 'તીર્થ યાત્રી સેવા' શરૂ કરી હતી. જે શ્રદ્ધાળુઓની યાત્રાને સરળ બનાવવા ઉપરાંત તેમની સુખાકારી સુનિશ્ચિત કરતી એક વ્યાપક પહેલ છે.આ પહેલ હેઠળ રિલાયન્સ 'વી કેર' ફિલસૂફી દ્વારા માર્ગદર્શન મેળવી રિલાયન્સ યાત્રાળુઓને પોષણયુક્ત ભોજન અને આવશ્યક આરોગ્યસંભાળથી માંડી સલામત પરિવહન અને સીમલેસ કનેક્ટિવિટી સુધીની સેવાઓ પૂરો પાડી રહી છે.રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના ડિરેક્ટર અનંત અંબાણીએ જણાવ્યું કે, અમે પોતાને ધન્ય ગણીએ છીએ કે, અમને આ પવિત્ર આધ્યાત્મિક મેળામાં તીર્થ યાત્રી સેવા આપવાની તક મળી. અમે વર્ષો બાદ આવેલી આ અત્યંત ધાર્મિક યાત્રા કરતાં શ્રદ્ધાળુઓની જરૂરિયાતોને પૂર્ણ કરવા સેવા આપી રહ્યા છીએ.

### શ્રદ્ધાળુઓની યાત્રાને સરળ બનાવતી સેવા

1. આત્માઓનું પોષણ (અન્ન સેવા): વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક મેળામાં શ્રદ્ધાળુઓ માટે ભોજન વ્યવસ્થા પૂરી પાડતાં રિલાયન્સ તેના અન્ન સેવા કાર્યક્રમ દ્વારા દરરોજ હજારો યાત્રાળુઓને ગરમ અને પૌષ્ટિક ભોજન પૂરું પાડી રહી છે. રિલાયન્સના સ્વયંસેવકો વિવિધ અખાડાઓમાં મફત ભોજન અને પાણી પીરસી રહ્યા છે. 'વી કેર' ભાવનાને જાળવી રાખતાં તેઓ યાત્રાળુઓને શક્ય તમામ રીતે સક્રિયપણે ટેકો આપી રહ્યા છે.

2. વ્યાપક આરોગ્ય સુવિધા: યાત્રાળુઓના સ્વાસ્થ્ય અને સલામતીની ખાતરી કરતાં રિલાયન્સ ફાઉન્ડેશન 24x7 તબીબી સેવા પૂરી પાડે છે જેમાં પુરુષો અને મહિલાઓ માટે વોર્ડ, ઓપીડી અને ડેન્ટલ સેવાઓ જેવી સુવિધાઓ ઉપરાંત મહિલા યાત્રાળુઓની અનન્ય જરૂરિયાતોને ઓળખીને, રિલાયન્સ મફત સેનિટરી નેપકિન્સનું પણ વિતરણ કરી રહ્યું છે.

3. યાત્રા સરળ બનાવી: વૃદ્ધો અને મર્યાદિત પરિવહન સુવિધા ધરાવતા લોકો માટે રિલાયન્સ મહાકુંભ મેળાના મેદાનમાં અનુકૂળ પરિવહન માટે ઈલેક્ટ્રિક વાહનો, તેમજ ગોલ્ફ કાર્ટ પ્રદાન કરી રહ્યું છે. વધુમાં, પ્રયાગરાજથી સંગમ સુધી પરિવહનની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

4. પવિત્ર જળમાં સુરક્ષા: પવિત્ર જળમાં પ્રવેશતા યાત્રાળુઓ તેમજ નાવિકો અને જલ પોલીસની સલામતી સુનિશ્ચિત કરતાં રિલાયન્સ, જિલ્લા વહીવટીતંત્ર સાથે મળીને, પવિત્ર નદીઓ પર ચાલતી હોડીઓ માટે લાઈફ જેકેટ્સ પૂરા પાડી રહ્યું છે અને સલામતીના પગલાં મજબૂત બનાવી રહ્યું છે.

5. આરામદાયક આરામ ઝોન: રિલાયન્સ કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિમિટેડ (RCPL) એ કેમ્પા આશ્રમ ઉભા કર્યા છે. જે યાત્રાળુઓને તેમની યાત્રા દરમિયાન વિશ્રામ કરવાની સુવિધા પૂરી પાડે છે.

6. સ્પષ્ટ દિશાસૂચન: યાત્રાળુઓને મહાકુંભ મેળાના વિશાળ વિસ્તારમાં સુવિધાઓ, દર્શન સંબંધિત તમામ માહિતી આપવાં મેળામાં સ્પષ્ટ અને વાંચવામાં સરળ સંકેતો સાથે દિશાસૂચક બોર્ડ લગાવવામાં આવ્યા છે.

7. ઉન્નત કનેક્ટિવિટી: જિયોએ પ્રયાગરાજમાં નવા 4G અને 5G BTS ઈન્સ્ટોલ કરી હાલના માળખાને અપગ્રેડ કર્યા છે. મહત્વપૂર્ણ સ્થળોએ ટ્રાન્સપોર્ટેબલ ટાવર અને નાના સેલ સોલ્યુશન્સ તૈનાત કર્યા છે. જેથી કનેક્ટિવિટી સરળ બને. તમામ માટે સીમલેસ કોમ્યુનિકેશન સુનિશ્ચિત કરવા મુખ્ય વિસ્તારોમાં નવું ઓપ્ટિકલ ફાઈબર લગાવવામાં આવ્યું છે.

8. પોલીસ માટે સગવડ: પોલીસની અમૂલ્ય સેવાને માન્યતા આપતા, રિલાયન્સ પોલીસ બૂથ પર પાણી પૂરું પાડી રહી છે અને તમામ મુલાકાતીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે બેરિકેડ અને વોચ ટાવર સાથે તેમના પ્રયાસોને ટેકો આપી રહી છે.

સિટી એક્સપ્રેસ

MONDAY 03 FEBRUARY-2025

AHMEDABAD


### સરગાસણમાં ઝૂંપડાંવાસીને નોટિસ અપાતાં હાઈકોર્ટમાં પિટિશન કરાઈ

ગાંધીનગર | શહેરમાં હાલ દબાણ ઝુંબેશ દરમિયાન ઝુંપડા હટાવવા કાર્યવાહી ચાલી રહી છે ત્યારે સરગાસણ તળાવમાં આવેલી ઝુંપડપટ્ટી દૂર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા નોટીસ આપવામાં આવી હતી. આ મામલે ઝુંપડાવાસીઓ દ્વારા હાઈકોર્ટમાં પિટીશન દાખલ કરીને તેઓ 40 વર્ષથી અહીં રહેતા હોવાથી ઝુંપડા દૂર કરવા સામે વૈકલ્પિક વસવાટ તરીકે આવાસ યોજનાનો લાભ આપવાની રજૂઆત કરવામાં આવી છે. આ મામલે હાઈકોર્ટ દ્વારા મહાનગરપાલિકાને જવાબ રજૂ કરવા આદેશ કરાયો છે.

### કુંભમાં જવા નીકળેલા દહેગામના યુવાનનું ટ્રેનમાંથી પડી જતાં મોત

ગાંધીનગર | દહેગામ શહેરના રેલ્વે સ્ટેશન સામે આવેલા ટેસ્ટીલ લિમિટેડ કમ્પાઉન્ડમાં રહેતો અને દહેગામની જીઆઈડીસીમાં લિફ્ટ બનાવવાનું કામ કરતો 29 વર્ષીય સૌરભ સંજયભાઈ કલે નામનો યુવાન તેના મિત્ર ઋષભ મિતેશભાઈ શાહ સાથે ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશનથી વારાણસી વિકલી એક્સપ્રેસમાં પ્રયાગરાજ ખાતે યોજાયેલા કુંભના મેળામાં જવા નીકળ્યો હતો તે દરમિયાન બંને ટ્રેનના જનરલ કોચમાં મુસાફરી કરી રહ્યા હતા તે સમયે ગત રાત્રે કાનપુર પહેલા ચૌરાહ રેલવે સ્ટેશન નજીકથી ટ્રેન પસાર થઈ રહી હતી તે દરમિયાન કોઈ કારણસર ટ્રેનમાંથી પડી જવાને કારણે પટકાઈ જતા મોત થયુ હતુ.



# સુરત, વડોદરા અને રાજકોટથી મહાકુંભ માટે વોલ્વો દોડશે

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

પ્રયાગરાજમાં ચાલી રહેલી મહાકુંભમાં ગુજરાત સહિત દેશભરમાંથી ભક્તો ત્યાં જવા ઉત્સુક છે. ટ્રેન અને ફ્લાઈટમાં ભારે ભીડ થતી હોય ગુજરાત એસટી અને ટુરિઝમ વિભાગ દ્વારા અમદાવાદથી પ્રયાગરાજ વચ્ચે વોલ્વો બસનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ સુરત, વડોદરા અને રાજકોટના લોકો દ્વારા પોતાના શહેરથી પ્રયાગરાજની બસ શરૂ કરવાની માગ કરી હતી. જે એસટી વિભાગે સ્વીકારી છે. 4 ફેબ્રુઆરીથી સુરત, વડોદરા અને રાજકોટથી પણ પ્રયાગરાજ માટે વોલ્વો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. બસમાં મુસાફરી કરનારા મુસાફરો માટે એસટી વિભાગ દ્વારા રહેવા સહિતની વ્યવસ્થા અંગે જરુરી સૂચનાઓ પણ જાહેર કરી છે. આ બસનું 2 તારીખથી બુકીંગ થશે.



#### અમદાવાદ બાદ વધુ ત્રણ શહેરોમાંથી પ્રયાગરાજ માટે વોલ્વો બસ

ગુજરાતના શ્રધ્ધાળુઓને પ્રયાગરાજ મહાકુંભમાં આસ્થાની પવિત્ર ડુબકી માટે રાજ્ય સરકારે દ્વારા આ સેવાનો વ્યાપ વધારવા નિર્ણય લેવામાં આવેલ છે. 4 ફેબ્રુઆરીથી નવી પાંચ બસ દોડાવાશે. જેમાં અમદાવાદથી વધુ એક બસ ઉપરાંત સુરતથી 2 અને વડોદરા-રાજકોટથી 1-1 બસ દોડાવાશે.

#### મુસાફરો માટે રહેવાની વ્યવસ્થા

સુરત તથા રાજકોટ ખાતેથી નવીન શરુ કરવામાં આવનાર બસોને પ્રથમ અને ત્રીજી રાત્રીએ રહેવાની વ્યવસ્થા બારણ (MP Border) મુકામે કરવામા આવનાર છે. અમદાવાદ અને વડોદરા ખાતેથી નવીન શરુ કરવામાં આવનાર બસોને પ્રથમ અને ત્રીજી રાત્રીએ રહેવાની વ્યવસ્થા શિવપુરી (MP) મુકામે કરવામા આવનાર છે. શરુ થનાર નવીન તમામ ૫ બસો માટે પ્રયાગરાજ મુકામે રહેવાની વ્યવસ્થા યાત્રિકો દ્વારા પોતાની રીતે કરવાની રહેશે




# કચ્છમાં વોટર લેવલ સરવે હાથ ધરવા ગયેલી બોટ પલટી

## જીએસસીએલના 3 કર્મી 16 કલાકે જીવતા મળ્યાં...BSFએ રેસ્ક્યુ કર્યું



(એજન્સી) ગાંધીનગર-તા.02 | કચ્છના મુધાન નજીક ખાડી વિસ્તારનો સર્વે કરી રહેલા ખાનગી કંપની GHCLના ત્રણ કર્મચારીઓ મોડી રાત્રે ખાડી વિસ્તારમાં બોટ પલટી જતાં ગુમ થઈ ગયા હતા. BSF અને પોલીસ સહિતની એજન્સીઓ 16 કલાક સુધી કરેલી શોધખોળ બાદ આંતરરાષ્ટ્રીય સરહદ નજીક પિલર નંબર 1170 પાસે ત્રણેય કર્મચારીઓ સુરક્ષિત મળી આવ્યા હતા.

#### 16 કલાકની શોધખોળ બાદ મળ્યા કર્મચારીઓ

પોલીસ અને BSFએ આ વિસ્તારમાં શોધખોળ શરૂ કરી હતી. 16 કલાકની શોધખોળ બાદ BSF જવાનોએ ગુમ થયેલા ત્રણેય કર્મચારીઓને પિલર નંબર 1170 નજીક આટપાટા ક્રીક વિસ્તારમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.

**ત્રણેય કર્મચારીઓ સાથે સંપર્ક તૂટી ગયો હતો :** મુધાન અને હાજીપીરના સરહદી વિસ્તારોમાં પાણીના સ્તરનો સર્વે કરી રહેલા GHCLના એન્જિનિયર કરણસિંહ ઋતુરાજસિંહ જાડેજા, સર્વેયર રવિન્દ્ર કાલુરામજી ખૈરેતિયા અને ઓપરેટર આદર્શકુમાર લાલપ્રસાદ શુક્રવારે સર્વે બાદ પાણીના સ્તર માપવા માટે આટપાટા ખાડી વિસ્તારમાં ગયા હતા. આ દરમિયાન, મોડી રાત્રે તેમની બોટ અચાનક પલટી ગઈ અને આ ત્રણ કર્મચારીઓનો કંપનીના અધિકારીઓ સાથેનો સંપર્ક તૂટી ગયો. બીજી તરફ, ત્રણેય કર્મચારીઓ સાથે સંપર્ક તૂટી ગયા બાદ અધિકારીઓ પણ ચિંતિત બન્યા.

# ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં રેકોર્ડ બ્રેક

## ઉત્તરાખંડના સ્પર્ધકે ગત વર્ષનો રેકોર્ડ તોડ્યો, સિનિયર કેટેગરીમાં 53.28 મિનિટમાં ગિરનાર સર કર્યો

(એજન્સી) જૂનાગઢ | તા.02

જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં 17મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી આ સ્પર્ધામાં દેશભરના 20 રાજ્યોમાંથી 570 સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધમાં ઉત્તરાખંડના સ્પર્ધકે ગત વર્ષનો રેકોર્ડ તોડ્યો હતો. સિનિયર કેટેગરીમાં 53.28 મિનિટમાં ગીરનાર સર કર્યો હતો.

અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં રેકોર્ડ બ્રેક થયો હતો. ઉત્તરાખંડના સ્પર્ધકે ગત વર્ષનો રેકોર્ડ તોડ્યો હતો. સિનિયર કેટેગરીમાં 53.28 મિનિટમાં ગીરનાર સર કર્યો હતો. 2022 માં 55.30 મિનિટનો રેકોર્ડ હતો. પરમાર લાલાનો રેકોર્ડ ઉત્તરાખંડના દિગંબર સિંઘે તોડ્યો હતો. દિગંબર સિંઘે પ્રથમવાર જ લીધો સ્પર્ધામાં ભાગ લીધો હતો અને રેકોર્ડ તોડ્યો હતો. પ્રથમ ક્રમાંક મેળવનારને એક લાખનું રોકડ પુરસ્કાર અપાયું હતું.

#### દેશભરના 570 સ્પર્ધકોએ ભાગ લીધો

જૂનાગઢના ગિરનારમાં આયોજિત 17મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ઉત્તર પ્રદેશ, હરિયાણા, ઉત્તરાખંડ, બિહાર સહિત રાજ્યભરના કુલ 570 સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સિનિયરમાં 245 યુવકો અને 87 યુવતીઓ સહિત જુનિયરમાં 157 યુવકો અને 81 યુવતીઓએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો.

#### વિજેતાઓના નામ



**સિનિયર ભાઈઓ**

(1) પ્રથમ સીંઘ, ઉતરાખંડ, ટાઈમિંગ-00:53:28
(2) નિષાદ મીઠા લાલ, ટાઈમિંગ-00:54:44, ગુજરાત
(3) શૈલેષ વાઘેલા, ટાઈમિંગ- 00:55:07, ગુજરાત

**સિનિયર બહેનો**

(1) તામસી સિંઘ, ટાઈમિંગ-00:32:34, ઉત્તર પ્રદેશ
(2) મીનાક્ષી નેગી, ટાઈમિંગ-00:33:55, ઉતરાખંડ
(3) નિધિ નેગી, ટાઈમિંગ-00:34:19, ઉતરાખંડ



**જુનિયર ભાઈઓ**

(1) બબલુ સિસોદિયા, ટાઈમિંગ-00:56:41, યુપી
(2) હરિકેશ, ટાઈમિંગ-00:58:43, હરીયાણા
(3) શશી રાજ, ટાઈમિંગ-01:00:31, બિહાર

**જુનિયર બહેનો**

(1) રંજના યાદવ,ટાઈમિંગ-00:3340, ઉત્તર પ્રદેશ
(2) ગરચર દિપાલીબેન અરજણભાઈ, ટાઈમિંગ-00:35:10, ગુજરાત
(3) કામરીયા જયશ્રી ભીમાભાઇ, ટાઈમિંગ-00:35:45, ગુજરાત

# ઓનલાઈન ટાસ્ક પૂરો કરવાના બહાને છેતરપિંડી

(એજન્સી) અમદાવાદ | તા.02

અમદાવાદના યુવકને સાઈબર ઠગોએ ઓનલાઈન ટાસ્ક પૂરો કરવાના બહાને વિશ્વાસમાં લઈને શરૂઆતમાં ટાસ્ક કરવાનું વળતર આપવામાં આવતું હતું. જેમ-જેમ આગળ વધતા ગયા તેમ યુવક પાસેથી વધુ પૈસા પડાવવાના શરૂ કર્યા હતા. યુવકે ટુકડે-ટુકડે 8.75 લાખ રૂપિયા ટાસ્ક પૂરો કરવાના બહાને આપ્યા હતા. જ્યારે યુવકે પૈસા વીડ્રો કરવાનું કહ્યું ત્યારે યુવકના પૈસા વિડ્રો થયા નહીં અને યુવકને વધુ પૈસા રોકવાનું કહ્યું. તેથી યુવકને શંકા ગઈ અને આ અંગે યુવકે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. નારણપુરામાં રહેતા વત્સલ શુક્લા નામનો યુવક ફાર્મા કંપનીમાં નોકરી કરે છે. સપ્ટેમ્બર મહિનામાં વત્સલના ટેલિગ્રામના ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો. વત્સલને પત્ની માટે વર્ક ફ્રોમ હોમની જરૂર હોવાથી ગ્રુપમાં એડ થયો હતો. ગ્રુપમાં અલગ-અલગ ટાસ્ક આપવામાં આવતા હતા, જેમાં એમેઝોનમાં 20 લિસ્ટમાં વસ્તુઓ એડ કરવાની હતી. જે ટાસ્ક પૂરો કર્યા બાદ વત્સલને પ્રોફિટ આપવામાં આવતો હતો. શરૂઆતમાં પ્રોફિટ મળતા વત્સલને વિશ્વાસ આવી ગયો હતો. ત્યારબાદ પેડ ટાસ્ક આપવામાં આવતા હતા, જેમાં 3 હજાર રૂપિયા ભરવાના હતા. જેથી બિટકોઇનમાં ખાતું ખોલાવવાનું જણાવ્યું હતું. ખાતું ખોલાવ્યા બાદ બીજા ગ્રુપમાં એડ કરવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં 5 વિસ્તાર સેટેલાઈટ ટાઉન બનશે

(એજન્સી) અમદાવાદ | તા.02

2036ની ઓલિમ્પિક અમદાવાદ હોસ્ટ કરે તેની તૈયારીઓ ચાલી રહી છે. જેના ભાગરૂપે અમદાવાદના સીમાડે આવેલા સાણંદ, કલોલ, દહેગામ, બારેજા અને મહેમદાવાદને સેટેલાઈટ ટાઉનનો દરજ્જો આપવાની પ્રક્રિયા ચાલી રહી છે. 2025ની વસતી ગણતરી અને નવા સીમાંકન બાદ ગુજરાતમાં સૌ પ્રથમ આ 5 વિસ્તાર સેટેલાઈટ ટાઉન બનશે. જેથી 2036 ઓલિમ્પિક પહેલા આ વિસ્તારનો વિકાસ મેટ્રો સિટી જેવો પણ થઈ શકે છે. ભૂપેન્દ્ર પટેલ સરકારની 2023ની ચિંતન શિબિરમાં સેટેલાઈટ ટાઉન અંગે ચર્ચા થઈ હતી. જેના આધારે ઔડા અને એએમસીએ એક દરખાસ્ત શહેરી વિકાસ વિભાગને મોકલી હતી. તેની પર આગળની કાર્યવાહી હાથ ધરાશે. ઓલિમ્પિક વિલેજને પણ નવા મિની મેગા સિટીનો લાભ મળી શકે તેની તૈયારીઓ ચાલી રહી છે. ઓલિમ્પિકની તૈયારીના ભાગરૂપે અમદાવાદની આજુબાજુના વિસ્તારમાં આવશ્યક સેવાઓ સહિત વિલેજથી લઈને આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બની રહ્યા છે. તે માટે અમદાવાદ મનપા અને ઔડા દ્વારા સાથે મળી કેટલાક વિસ્તારોને સેટેલાઈટ ટાઉન તરીકે ગણવામાં આવે તો તેનો સર્વાંગી વિકાસ થઇ શકે છે. ગોતાથી 24 કિ.મી. ગાંધીનગર જિલ્લાનો મહત્ત્વનો તાલુકો છે. 3.05 લાખ વસતી છે. અહીં સૌથી વધુ ઈન્ડસ્ટ્રીઝ છે. સાથે સાથે રેસિડન્સ,કોમર્શિયલ, ખેતી, સહિતની વ્યવસ્થા પણ છે.

## ઢોસા આરોગ્યા બાદ કેટલાંક લોકોને ઝાડા-ઊલટી

# ઘાટલોડિયાની સાઉથર્ન ગ્રુબ ધ ટેસ્ટ ઓફ સાઉથ હોટલને ચેકિંગ બાદ ફૂડ વિભાગે સીલ કરી દીધી

(એજન્સી) અમદાવાદ | તા.02

જો તમે પણ બહારનું ખાવાના સોખીન હોવ તો ચેતી જજો! કારણ કે, હોટલ-રેસ્ટોરન્ટમાં અનહાઈજેનિક કન્ડિશનમાં ખાવાનું બનાવવામાં આવે છે અને આ ખોરાક આરોગવાથી બીમાર પડી જશો. શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં સુરધારા સર્કલ પાસે મેપલ ટ્રેડમાં આવેલી સાઉથેર્ન ગ્રુબ ધ ટેસ્ટ ઓફ સાઉથમાં ઢોસા ખાધા બાદ કેટલાક લોકોને ઝાડા-ઊલટી થયા હતા. આ મામલે ફરિયાદ મળતા AMC ફૂડ વિભાગ દ્વારા તપાસ કરવામાં આવી હતી. હોટલમાં અનહાઈજનીક કન્ડિશન મળી આવી હતી, જેના પગલે તાત્કાલિક હોટલને સીલ કરવામાં આવી છે. સાંભાર, કોકોનેટ ચટણી, ગ્રીન ચટણી અને ઢોસાના ખીરાના નમૂના લઈ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.



**હોટલના ચેકિંગમાં અનહાઈજેનિક કન્ડિશન મળી |** મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના વડા ડો. ભાવિન જોશીએ જણાવ્યું હતું કે, ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી હોટલમાં ખાધા બાદ કેટલાક લોકોને ઝાડા-ઊલટી થયા હોવા અંગેની ફરિયાદ મળી હતી. જેથી અમારા દ્વારા ત્યાં ચેકિંગ કરવામાં આવ્યું હતું અને અનહાઈજેનિક કન્ડિશન મળી આવતા હોટલને સીલ કરવામાં આવી છે તેમજ વિવિધ નમૂના પણ લેવામાં આવ્યા છે.

# ઈ-કોમર્સ કંપનીઓને ચૂનો લગાવનાર નિતેશ ઉર્ફે છોટુની પૂછપરછમાં ખુલાસો

(એજન્સી) અમદાવાદ | તા.02

ક્રાઈમ બ્રાંચની ટીમે ઈ-કોમર્સ સાઈટને કરોડોનો ચૂનો લગાવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો.જેમાં ત્રણ યુવકોની ધરપકડ કરી હતી. આ ત્રણ યુવકો પૈકી એક યુવકે ક્રાઈમ બ્રાંચના તમામ નાના મોટા કર્મચારીઓને પોતાના હાથે બનાવેલુ ભોજન એક વર્ષ સુધી જમાડ્યુ હતું.કૌભાંડમાં ઝડપાયેલો યુવક એક વર્ષ સુધી ક્રાઈમ બ્રાંચમાં કેન્ટીન ચલાવતો હતો.આઈફોન સહિતના મોબાઈલ ફોનને અનલોક કરવામાં માહેર ગણાતા આ યુવકે ઉચ્ચ અધિકારીઓ સાથે ઘરોબો કરી લીધો હતો અને બાદમાં તેમની ઓળખાણનો ફાયદો ઉઠાવીને એક વર્ષ સુધી ક્રાઈમ બ્રાંચમાં કેન્ટીન ચલાવી હતી. બાપુનગર વિસ્તારમાં આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેતા નિતેશ ઉર્ફે છોટુ સીતારામ નારાયણ મડતા પોલીસ સંકજામાં આવી ગયો છે.નિતેશ ઉર્ફે છોટુએ વર્ષ 2022-23માં ક્રાઈમ બ્રાંચમાં કેન્ટીન ચલાવતો હતો. ઉચ્ચ અધિકારીઓ સાથે ઘરોબો હોવાના કારણો નિતેશને કેન્ટીન સંભાળવા માટેનો મોકો મળ્યો હતો. કેન્ટીન ચલાવતી વખતે નિતેશે ક્રાઈમ બ્રાંચના તમામ પોલીસ કર્મચારીઓ સાથે સંબંધ કેળવી દીધો હતો. નિતેશને ઉચ્ચ અધિકારીઓ સાથે ઉઠક બેઠક હોવાના કારણે તે બીજા પોલીસ કર્મચારીઓ સામે પોતાનો પાવર બતાવતો હતો. એક વર્ષ સુધી કેન્ટીન ચલાવ્યા બાદ તેણે કૌભાંડ શરૂ કર્યુ હતું જેના કારણે તે હાલ ક્રાઈમ બ્રાંચના સંકજામાં આવી ગયો છે.

#### ઈ-કોમર્સ કંપનીઓને ચૂનો લગાડવા મામલે ત્રણ ગઠિયા ઝડપાયા હતા

રીલિફ રોડ પરની એક ઓફિસમાં થોડા દિવસ પહેલા ક્રાઈમ બ્રાંચે ક્રિકેટ સટ્ટા બેટિંગ ચાલતી હોવાની બાતમીના આધારે દરોડા પાડ્યા હતા. દરોડા દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઈ કોમર્સ સાઈટને કરોડોનો ચૂનો લગાવવાના કૌભાંડનો પર્દાફાશ કરી ત્રણ સાયબર ગઠિયાને ઝડપી પાડ્યા છે. ત્રણેય ગઠીયાઓ ઓર્ડર કર્યા બાદ પેમેન્ટ ગેટવે વખતે ચેડા કરી સવા લાખની વસ્તુ 3 રૂપિયામાં લઈ લેતા હતા. આવી રીતે કુલ સાત કરોડના ઓર્ડર કરીને પાર્સલ મંગાવી લીધા હતા. આ ગેંગ દ્વારા ઈ કોમર્સ સાઈટ પરથી સવા ત્રણ લાખનું લેટેસ્ટ ડ્રોન ચેડા કરીને સવા ત્રણ રૂપિયામાં મેળવી લેવામાં આવ્યું હતું અને પેકિંગ અને બિલ સાથે ડ્રોન સવા લાખ રૂપિયામાં વેચી દીધું હતું.

# વસ્ત્રાપુરના ઝાંઝર જ્વેલર્સના માલિકે 20 લાખની સામે 48 લાખ વ્યાજ વસૂલ્યા બાદ બીજા 95 લાખની માગણી કરી

(એજન્સી) અમદાવાદ | તા.02

અમદાવાદના વસ્ત્રાપુરમાં જ્વેલર્સ શોપના માલિક સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરીની ફરિયાદ નોંધાઈ છે. શો રૂમના માલિકે દાગીના ગીરવે મુકાવીને 20 લાખ રૂપિયા આપીને સામે 48 લાખ રૂપિયા વ્યાજ લીધું હતું. છતાં મહિલાને દાગીના પરત આપ્યા નથી. શો રૂમ માલિકે 95 લાખ રૂપિયાની માંગણી કરી હતી. જે અંગે વસ્ત્રાપુર પોલીસે વ્યાજખોર જ્વેલર્સ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. થલતેજમાં રહેતા મીનાબેન ભટ્ટે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, વર્ષ 2015માં તેમણે અલગ અલગ સમયે તેમના 859 ગ્રામ સોનાના દાગીના ગીરવી મૂકીને વસ્ત્રાપુર તળાવ પાસે આવેલા ઝાંઝર જ્વેલર્સના માલિક વસંત શાહ પાસેથી 20 લાખ રૂપિયા માસિક 2.5 ટકાના વ્યાજે લીધા હતા. જેનું દર ત્રણ મહિને 1.50 લાખ રૂપિયા વ્યાજ ચૂકવવામાં આવતું હતું. અત્યાર સુધી તેમણે 48.50 લાખ રૂપિયા વ્યાજ ચૂક્યું છે. છેલ્લા બાર મહિનાથી સગવડના હોવાથી તેમને વ્યાજ ચૂકવ્યું નથી.

#### 95 લાખ રૂપિયા આપવાના હિસાબ નીકળે છે

જ્વેલર્સ શો રૂમના માલિકે વસંત શાહે વ્યાજના પૈસાની માંગણી કરતા મીનાબેન અને તેમના પતિ વસંતભાઈની દુકાને ગયા હતા. તેમણે વસંતભાઈને જણાવ્યું હતું કે, હિસાબ કરી અમારા દાગીના તમે વેચાણમાં રાખી લો અને વ્યાજ તથા મૂડી કાપીને અમારી લેવાની થતી બાકીની રકમ અમને આપી દો. ત્યારે વસંતે જણાવ્યું હતું કે, તમારે 2019થી વ્યાજ ચૂકવવાનું બાકી છે, જેથી તમારે 95 લાખ રૂપિયા આપવાના હિસાબ નીકળે છે. તમે 95 લાખ રૂપિયા આપી જાવ અને તમારા દાગીના લઈ જાવ.

# પવનોની દિશા બદલાતા તાપમાનનો પારો બેથી ત્રણ ડિગ્રી ગગડતા ઠંડીનું જોર વધ્યું

(એજન્સી) અમદાવાદ | તા.02

ગુજરાતવાસીએ જાન્યુઆરી માસમાં એપ્રિલ જેવી ગરમીનો અનુભવ કર્યા બાદ ફરી એક વખત લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ઘટાડો આવતા શિયાળા જેવો માહોલ અનુભવાય રહ્યો છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો આવ્યો છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો લઘુત્તમ તાપમાનમાં ઘટાડો આવતા ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. હાલમાં ગુજરાતમાં દિવસે ગરમી અને રાત્રે ઠંડી પડતા લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગ દ્વારા અગાઉ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં વાદળછાયું વાતાવરણ અને વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી. પરંતુ જે સિસ્ટમને કારણે કમોસમી વરસાદની શક્યતા હતી તે સિસ્ટમ નબળી પડતા ગુજરાતમાં વરસાદનો ખતરો હળવો થયો છે. ત્યારે આજે વહેલી સવારથી જ મધ્ય ગુજરાતમાં ભાગોમાં પવનની ગતિ પણ દરરોજ કરતા થોડા અંશે વધુ છે. ઠંડા પવનમાં ફૂકાતા લોકોને ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. જાન્યુઆરીના પાછલા પખવાડિયામાં એકા-એક ઠંડી ગાયબ થઈ જતાં લોકોને રાત્રે પણ પંખા-એસી ચાલુ કરવાની ફરજ પડી હતી. ત્યારે હવે ફરી એક વખત વાતાવરણમાં પલટો આવ્યો છે. લઘુત્તમ તથા મહત્તમ તાપમાનમાં ઘટાડો આવતા રાત્રે અને સવારના સમયે શિયાળાનો અનુભવ થઈ રહ્યો છે.

તાપમાનમાં ઘટાડો થવાનું મુખ્ય કારણ એ છે કે, બે દિવસ અગાઉ સુધી ગુજરાત પર આવતા પવનો ઉત્તર પશ્ચિમ દિશા તરફથી આવતા હતાં. છેલ્લા 24 કલાક દરમિયાન પવનની દિશા બદલાઈને ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી થઈ છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...